પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY
# અબતક ®
સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૦-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષઃ ૧૫, અંક : ૨
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

માણસ સૌથી વધારે
એની જીભ હેરાન કરે છે.
‘‘સ્વાદ’’માં પણ અને
‘‘સંબંધ’’માં પણ...

ચણાદાલ.. ચણાદાલ..
શોર્ટેક્ષ - વિણાટ
એકસ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
© 98242 00970
અપ્પુ

યુદ્ધ પર યુદ્ધ સમાપ્ત કર્યાની ‘‘ફિશિયારી’’ મારનાર ટ્રમ્પ યુદ્ધના મામલે ડફોળ સાબિત થયો

# ‘‘હાંફી’’ ગયેલું અમેરિકા યુદ્ધ સમાપ્તિ માટે ‘‘રઘવાયું’’ થયું

## ઈઝરાયલ- સાઉદી અરેબિયાની ચુંગાલમાં ફસાયેલ ટ્રમ્પ યુદ્ધમાંથી છુટકારો મેળવવા તરફડી રહ્યું છેઃ ટ્રમ્પે પુતિનને ફોન કરી એક કલાક ગુફ્તેગુ કરી

**અબતક, વોશિંગ્ટન**

ચૂંટણી પ્રચાર દરમિયાન 'હું ચપટી વગાડતા યુદ્ધો બંધ કરાવી દઈશ' તેવી મોટી-મોટી ફિશિયારીઓ મારનારા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે આંતરરાષ્ટ્રીય મોરચે ડફોળ સાબિત થઈ રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. યુદ્ધ સમાપ્ત કરવાના દાવા કરનાર ટ્રમ્પ હવે ખુદ રશિયાના શરણે પહોંચ્યા છે. સોમવારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન



સાથે કલાક લાંબી ચાલેલી ફોન પરની વાતચીત સાબિત કરે છે કે, અમેરિકા હવે યુદ્ધોના બોજ હેઠળ હાંફી ગયું છે અને ગમે તેમ કરીને આ વિવાદોમાંથી બહાર નીકળવા માટે 'રઘવાયું' થયું છે.

ટ્રમ્પની હાલત અત્યારે 'સૂડી વચ્ચે સોપારી' જેવી થઈ ગઈ છે. એક તરફ ઈઝરાયલ અને સાઉદી અરેબિયાની વ્યૂહાત્મક ચુંગાલમાં ફસાયેલું અમેરિકા મધ્ય પૂર્વમાં ઈરાન સાથેના સંઘર્ષમાં ઉતરી તો ગયું, પણ હવે ત્યાંથી સન્માનજનક રીતે પીછેહઠ કરવાનો કોઈ રસ્તો જડતો નથી. પુતિન

(અનુ. આઠમા પાને)

### બહુ થયું ! હવે થોભશો નહીં તો ૨૦ ગણો હુમલો કરી વિશ્વના નકશામાંથી નામોનિશાન મીટાવી દેશું ટ્રમ્પ

પશ્ચિમ એશિયાના યુદ્ધના મેદાનમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે એક અત્યંત જટિલ ભૂમિકા ભજવી રહ્યા હોય તેવું લાગે છે. એક બાજુ તેઓ આ યુદ્ધને 'ટૂંકા ગાળાનું અભિયાન' ગણાવીને તેને વહેલી તકે સમાપ્ત કરવાની વાત કરી રહ્યા છે, તો બીજી બાજુ ઈરાનને એવી ધમકી આપી રહ્યા છે કે જો તેણે વળતો પ્રહાર કર્યો તો તેનું અસ્તિત્વ ભૂંસી નાખવામાં આવશે.

ટ્રમ્પ ક્યારેય નબળા દેખાવા માંગતા નથી. તેમણે સોશિયલ મીડિયા પર સ્પષ્ટ ચેતવણી આપી છે કે ‘‘જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલનો પુરવઠો રોકવાનો પ્રયાસ કરશે, તો અમેરિકા અત્યાર સુધીના હુમલાઓ કરતા ૨૦ ગણો ભયાનક વળતો પ્રહાર કરશે.‘‘ આ નિવેદન દ્વારા તેઓ વિશ્વને અને ખાસ કરીને પોતાના મતદારોને એવો સંદેશ આપી રહ્યા છે કે ભલે તેઓ યુદ્ધ રોકવા માંગતા હોય, પણ જો ઈરાને કોઈ પણ 'ચાલાકી' કરી તો અમેરિકા પાછું પાની નહીં કરે.

# ક્રૂડના ભાવ તૂટ્યાઃ ઘરેલુ ગેસને લઈ સરકારે કમર કસી

## ભારતે સ્થાનિક એલપીજી ઉત્પાદન વધારવા આદેશ આપ્યો, રીફાઈનરીઓ હવે ગેસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે

## મધ્ય પૂર્વમાં તણાવ ઘટવાની ટ્રમ્પે આગાહી કરતા ક્રૂડના ભાવ ૬ ટકા ઘટયા, અનેક દેશોએ રાહતનો શ્વાસ લીધો

**અબતક, નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધની સીધી અસર વૈશ્વિક ઉર્જા બજાર અને ભારતની સપ્લાય ચેઈન પર પડી રહી છે. એક તરફ ખાડી દેશોના તણાવને કારણે ભારતમાં એલએનજી સપ્લાય પ્રભાવિત થયો છે, તો બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદન બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૬ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે.

ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને પગલે ઊભી થયેલી અનિશ્ચિતતા વચ્ચે, ભારત સરકારે દેશની રિફાઈનરીઓને ઘરેલુ ઉપયોગ માટે એલએનજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ)નું



ઉત્પાદન વધારવા માટે નિર્દેશ આપ્યો છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિક સપ્લાય ચેઈનમાં આવતા વિક્ષેપો સામે રક્ષણ મેળવવાનો, ભવિષ્યમાં આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો અને દેશમાં રસોઈ ગેસની કોઈ અછત ન સર્જાય તે સુનિશ્ચિત કરવાનો છે.

ભારતીય રિફાઈનરીઓ માટે આ આદેશ એક મોટો બદલાવ દર્શાવે છે. અત્યાર સુધી રિફાઈનરીઓ પેટ્રોલ અને ડીઝલ જેવા વધુ નફાકારક ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી, પરંતુ હવે સરકારી આદેશ બાદ તેમને પોતાનું માળખું એલપીજી ઉત્પાદન વધારવા તરફ વાળવું પડશે. ઉર્જા મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ આ સમગ્ર પ્રક્રિયા પર નજર રાખી રહ્યા છે, જેથી ખાતરી કરી શકાય કે દેશમાં રસોઈ ગેસનો

(અનુ. આઠમા પાને)

### ભીખુ પાકિસ્તાન ઈંધણને લઈ ફડફડાયું

### તમામ શાળાઓ બંધ, સરકારી અને ખાનગી કચેરીઓ સપ્તાહમાં માત્ર ૪ દિવસ જ ચાલુ રાખવા આદેશ

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની ગંભીર અસર પાકિસ્તાન પર પણ જોવા મળી રહી છે. ઈરાન-ઈઝરાયેલ સંકટ વચ્ચે પાકિસ્તાનમાં ભીષણ ઈંધણ કટોકટી સર્જાવાની દહેશત ઊભી થઈ છે. આ ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે દેશભરમાં શાળાઓ બંધ રાખવા અને સરકારી તેમજ ખાનગી કચેરીઓમાં સપ્તાહમાં માત્ર ચાર દિવસ જ કામકાજ ચાલુ રાખવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ દેશમાં ઈંધણના વપરાશને મોટા પાયે ઘટાડવાનો અને સપ્લાય ચેઈનમાં ઊભી થયેલી મુશ્કેલીઓનો સામનો કરવાનો છે. પાકિસ્તાન અગાઉથી જ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે મધ્ય પૂર્વના તણાવે તેમની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ઈંધણની આયાત ખોરવાઈ જવાની ભીતિને કારણે સ્થાનિક નાગરિકોમાં ગભરાટનો માહોલ છે અને ઈંધણ બચાવવા માટે સરકાર દ્વારા લેવાયેલા આ આકરા પગલાં દર્શાવે છે કે સ્થિતિ કેટલી નાજુક છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ગેસના પુરવઠામાં આવતા વિક્ષેપો પાકિસ્તાનના નબળા અર્થતંત્રને વધુ મોટો ફટકો મારી શકે છે, જેને પગલે સરકારે તાત્કાલિક ધોરણે આ કડક નિયંત્રણો લાદવાની ફરજ પડી છે.

# શેરબજારમાં ‘‘રિકવરી’’

# સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો

## અમેરિકા - ઈરાન વચ્ચે તણાવ ઘટવાના સંકેતોથી વાતાવરણ સુધર્યું

**અબતક, નવી દિલ્હી**

ગઈકાલના ભારે ઘટાડા બાદ આજે મંગળવારે ભારતીય શેરબજારમાં શાનદાર વાપસી જોવા મળી



છે. માર્કેટ ખુલતાની સાથે જ રોકાણકારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને બંને મુખ્ય ઈન્ડેક્સ લીલા નિશાનમાં ટ્રેડ થવા લાગ્યા હતા. સોમવારે બજારમાં આવેલા મોટા કડાકા બાદ આજની આ રિકવરીથી રોકાણકારોને મોટી રાહત મળી છે.આજના લાઈવ ટ્રેડિંગ સેશન મુજબ, સેન્સેક્સ ૮૦૦થી વધુ પોઈન્ટના જંગી ઉછાળા સાથે ૭૮,૧૩૯ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો હતો. બીજી તરફ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ શાનદાર પ્રદર્શન કરતા ૨૪,૧૦૦ ની સપાટી વટાવી ચૂક્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ સારો સપોર્ટ જોવા મળી રહ્યો છે, જેમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખરીદીનું આકર્ષણ વધ્યું છે.

શેરબજારમાં આવેલી આ અચાનક તેજી પાછળનું મુખ્ય કારણ ગ્લોબલ માર્કેટના પોઝિટિવ સંકેતો અને ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો મોટો ઘટાડો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને તણાવમાં ઘટાડો થવાની આશા બંધાઈ છે, જેના કારણે ૧૧૦ ડોલરને પાર કરી ગયેલું ક્રૂડ ઓઈલ ઘટીને ૯૦ ડોલરની નીચે આવી ગયું છે સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો આજે ઓટો, ફાર્મા અને રિયલ એસ્ટેટ શેરોમાં જોરદાર લેવાલી જોવા મળી રહી છે ક્રૂડ ઓઈલના ભાવ ઘટવાના કારણે એવિએશન અને પેઈન્ટ કંપનીઓના શેર્સ, જેમ કે ઈન્ડિગો અને એશિયન પેઈન્ટ્સમાં મોટો ઉછાળો આવ્યો છે. જોકે, બીજી તરફ આઈટી સેક્ટરમાં આજે થોડું દબાણ જોવા મળી રહ્યું છે.

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો આ ઘટાડો ભારતીય અર્થતંત્ર માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે ક્રૂડ સસ્તું થવાથી મોંઘવારી વધવાની ચિંતા અને દેશના કરંટ એકાઉન્ટ ડેફિસિટ પરનું દબાણ ઘટશે. આર્થિક મોરચે મળેલા આ રાહતના સમાચારોએ આજે સ્થાનિક શેરબજારને નવી ઉર્જા પૂરી પાડી છે.

### રૂપિયા ઉપર દબાણ આંશિક રીતે હળવું થયું

આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટતા ભારતીય રૂપિયામાં પણ આજે આંશિક રિકવરી જોવા મળી છે. સોમવારે અમેરિકન ડોલર સામે ૯૨.૩૫ ના ઐતિહાસિક નીચલા સ્તરે પહોંચી ગયેલો રૂપિયો આજે સુધારા સાથે ૯૨.૧૮ ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. મોંઘા ક્રૂડને કારણે રૂપિયા પર જે દબાણ આવ્યું હતું, તે આજે હળવું થયું છે.






નવો લુક, નવી અદા : તમારો દેખાવ, તમારી મરજી

# માત્ર વાળ નહીં, આત્મવિશ્વાસનું નવું સરનામું એટલે 'વિગ' : આજે વિશ્વ વિગ દિવસ

**કેન્સર જેવી બીમારીના કારણે વાળ ગુમાવનાર લોકો માટે વિગ આત્મવિશ્વાસ અને માનસિક શક્તિ વધારવાનું એક મહત્વનું સાધન બને છેઃ વિગ એ કૃત્રિમ વાળની ટોપી છે, જે માથાની ટાલને સંપૂર્ણ રીતે ઢાંકે છે**

**પ્રાચીન કાળમાં રોમન મહિલાઓ ફેશન વિગ્સ પહેરતી હતી, રોમમાં શ્રીમંત સ્ત્રીઓ અન્ય પ્રદેશોની ફેશનેબલ હેરસ્ટાઈલનું અનુકરણ કરવા માટે વિસ્તૃત વિગ અને હેર પેચ પહેરવાનું શરૂ કર્યું હતું, જે વૈભવી અને સામાજિક દરજ્જાનો સંકેત આપતું હતું**

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણા દેશમાં ૨૦૦૦ની સાલ સુધી હેર સ્ટાઈલનું બહુ મહત્વ ન હતું, પણ છેલ્લા બે દાયકાથી ખાસ કરીને યુવા વર્ગ ફિલ્મ સ્ટાર અને ક્રિકેટરોને જોઇને નીત નવી હેર સ્ટાઇલ રાખતા થયા છે. ગુજરાતમાં છેલ્લા બે દાયકાથી વિવિધ પ્રકારની હેર સ્ટાઇલનો યુગ શરૂ થયો છે. આજકાલ આપણી જીવન શૈલી કે વારસાગતને કારણે યુવા વયે ટાલ પડી જાય છે. કેન્સર ટ્રીટમેન્ટની આડ અસરને કારણે પણ વાળ ખરી જતા હોય ત્યારે વિગ, હેર પેચ કે હેર ઇમ્પ્લાન્ટ લોકો કરવા લાગ્યા છે. આજે વિશ્વ વિગ દિવસ છે, ત્યારે તેનો રસપ્રદ ઈતિહાસ જાણવા જેવો છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય વિગ પહેરતા લોકો પ્રત્યે સંવેદના અને સન્માન વ્યક્ત કરવાનો છે. આજના ઘણા ફિલ્મ સ્ટારો પણ વાળ ઓછા હોય તે જગ્યાએ પેચ અથવા હેર સિસ્ટમ પહેરે છે. જેથી નાના અને રૂપકડા લાગે છે.

કેન્સર જેવી બીમારીના કારણે વાળ ગુમાવનાર લોકો માટે વિગ આત્મવિશ્વાસ અને માનસિક શક્તિ વધારવાનું એક મહત્વનું સાધન બને છે. આ દિવસ લોકોને સમજાવે છે કે સુંદરતા માત્ર કુદરતી વાળમાં જ નથી, પરંતુ આત્મવિશ્વાસ અને હિંમતમાં પણ વસે છે.આ દિવસના અવસર પર વિવિધ સંસ્થાઓ અને લોકો વિગ દાન કરવા માટે પ્રેરણા આપે છે, તેમજ કેન્સર પીડિતોને મદદરૂપ થવા માટે જાગૃતિ ફેલાવે છે. સમાજમાં એવા લોકો માટે સહાનુભૂતિ, સહયોગ અને સકારાત્મકતા વધે તે માટે આજનો દિવસ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ટાલને ઢાંકવા માટે વિગ અને પેચ વિશે માહિતી જોઈએતો, આ બંને વાળ ખરવાની સમસ્યા ઉકેલીને આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે. વિગ એ કૃત્રિમ વાળની ટોપી જેવું માથાની ટાલને સંપૂર્ણ રીતે ઢાંકે છે. તે માનવીય વાળ, રેશનલ વળાંકો કે સિન્થેટિક ફાઈબરમાંથી બનેલા હોય છે, અને વિવિધ સ્ટાઈલ, રંગ અને લંબાઈમાં મળે છે. તેને માથા પર મજબૂત રીતે બાંધવા માટે ક્લિપ્સ, ટેપ કે એડહેસિવનો ઉપયોગ થાય છે, જે રોજિંદા કાર્યોમાં તદ્દન કુદરતી દેખાય છે. પેચ એ નાના વિસ્તારોને ઢાંકવા માટેના કૃત્રિમ વાળના ટુકડા છે, જેમને હેયર ટોપ્સ કે ઈન્ટિગ્રેશન પીસ પણ કહેવાય છે. તે ટાલના આંશિક ભાગને જ લગાવાય છે અને અસલી વાળ સાથે મિક્સ થઈ જાય છે. આ ટુકડા હલકા વજનના હોય છે અને તેમને ગુંદ કે ક્લિપ્સથી ફિક્સ કરી શકાય છે, જે નાની ટાલ માટે આદર્શ છે.

પસંદગી અને કાળજીગુણવત્તાવાળા વિગ અને પેચ પસંદ કરો જેમાં હવાની અવરજવર હોય, જેથી માથાની ત્વચા સ્વસ્થ રહે. તેને હળવેથી ધોવું, કોમ્બ કરવું અને નાઈટ કેપમાં સ્ટોર કરવું જરૂરી છે. નિયમિત કાળજીથી તે ૬થી ૧૨ મહિના ચાલે છે.લોકો ઘણીવાર એવું વિચારે છે કે વિગ ફક્ત એવા લોકો માટે છે જેમણે તબીબી સારવાર અથવા કુદરતી વાળ ખરવાને કારણે વાળ ગુમાવ્યા છે. એવું બિલકુલ નથી.ઘણી સેલિબ્રિટીઓએ ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે તેઓ ફેશન પસંદગી ઓમાં વિગનો ઉપયોગ કરે છે.

ટાલ ઢાંકવા માટે પેચ ઘણા પ્રકારના હોય છે, જે વિવિધ જરૂરિયાતો અને ટાલના વિસ્તાર પ્રમાણે પસંદ કરી શકાય છે. આ પેચ અસલી વાળ સાથે મળી જાય તેવા ડિઝાઈનમાં બનેલા હોય છે.ક્લિપ-ઈન પેચઆ પેચને ક્લિપ્સથી અસલી વાળમાં સરળતાથી લગાવી શકાય છે. તે હલકા વજનના અને નાના ટાલ વિસ્તારો માટે આદર્શ છે, જેમને રોજ બદલી શકાય છે. કોઈ એડહેસિવની જરૂર નથી પડતી. ટેપ-ઈન પેચટેપથી ત્વચા કે વાળ પર ચોંટાડાવવામાં આવે છે, જે ૪-૬ અઠવાડિયા સુધી ટકે છે. આ પ્રકાર મધ્યમ ટાલ માટે સારો છે અને કુદરતી દેખાય છે.



તેને નિયમિત બદલવું જરૂરી છે.ઈન્ટિગ્રેશન પીસમાં નાના નેટનું મધ્ય ભાગ હોય છે, જેથી ત્વચા સુધી હવા જઈ શકે અને વાળ બહારની તરફ ખસી જાય.

નાના થીંગ ટાલ માટે ઉપયોગી, જે લાંબા સમય સુધી લગાવી રાખી શકાય.સિન્થેટિક સામે હ્યુમન હેયર પેચસિન્થેટિક પેચ સસ્તા અને ઓછી કાળજીની જરૂર પડે, પણ હીટ સહન નથી કરતા, જયારે હ્યુમન હેયર પેચ કુદરતી દેખાય, સ્ટાઇલ કરી શકાય અને ૬-૧૨ મહિના ચાલે છે, પણ મોંઘા હોય છે. માઈક્રો-સ્કિન પેચપાતળા, ત્વચા જેવા બેસ વાળા પેચ જે લાંબા સમય સુધી ટકે છે.સ્વાસ્થ્યકર ત્વચા માટે યોગ્ય છે, પણ નિયમિત સફાઈ કરવી જરૂરી.

## ઈજિપ્તીયન વિગ્સ ગરમી અને સ્વચ્છતા માટે બનાવવામાં આવ્યા હતા

પ્રાચીન ઈજિપ્તમાં, પુરુષો અને સ્ત્રીઓ બંને ઘણીવાર તેમના માથા મુંડાવતા હતા અને તીવ્ર સૂર્યપ્રકાશનો સામનો કરવા અને જૂના ઉપદ્રવને ઘટાડવા માટે ખજૂરના પાન જેવા છોડના તંતુઓ સાથે મિશ્રિત માનવ વાળમાંથી બનાવેલા વિગ પહેરતા હતા.મોટા અને વધુ વિસ્તૃત વિગ ઉચ્ચ દરજ્જાનું પ્રતીક હતા, જેમાં રાજાઓ અને ઉમરાવો સમારંભો અને જાહેર દેખાવ માટે સૌથી વધુ સુશોભિત શૈલીઓ અનામત રાખતા હતા.

આશરે ૨૭૦૦ બીસીઈમાં પ્રાચીન ઈજિપ્તવાસીઓ વિગ પહેરવાનું અપનાવતા હતા.પ્રાચીન ઈજિપ્તમાં પુરુષો અને સ્ત્રીઓ સ્વચ્છતા માટે પોતાના માથા મુંડાવે છે અને સૂર્યથી રક્ષણ અને સ્થિતિ પ્રતીક તરીકે માનવ વાળ અને છોડના રેસામાંથી બનાવેલા વિગ પહેરે છે.બાદમાં પહેલી સદીમાંરોમન મહિલાઓ ફેશન વિગ્સ અપનાવે છે. પ્રાચીન રોમમાં શ્રીમંત સ્ત્રીઓ અન્ય પ્રદેશોની ફેશનેબલ હેરસ્ટાઈલનું અનુકરણ કરવા માટે વિસ્તૃત વિગ અને હેરપીસ પહેરવાનું શરૂ કરે છે, જે વૈભવી અને સામાજિક દરજ્જાનો સંકેત આપે છે.૧૬મી સદીના અંતમાં રોયલ કોર્ટ્સ વિગ્સને યુરોપમાં પાછા લાવે છે.યુરોપિયન ઉચ્ચ વર્ગના લોકો વિગ ફેશનને પુનર્જીવિત કરે છે કારણ કે ઈંગ્લેન્ડની એલિઝાબેથ જેવા રાજાઓ સત્તા દર્શાવવા અને વાળ ખરતા છુપાવવા માટે વિશાળ કૃત્રિમ હેરસ્ટાઈલનો ઉપયોગ કરે છે. ૧૬૬૦ના દાયકામાં લુઈસ વિગ્સને શક્તિનું પ્રતીક બનાવે છે. ફ્રાન્સના રાજા લુઈસ ચૌદમાએ મોટા, સ્ટાઈલવાળા વિગ અને શાહી વ્યંગ્યકાર અપનાવ્યા પછી, યુરોપિયન ખાનદાનીઓએ પણ તેમનું અનુકરણ કર્યું, વિગને પદ અને દરબાર સંસ્કૃતિના આવશ્યક પ્રતીકોમાં ફેરવી દીધા.૧૮મી સદીમાં પાવડર વિગ્સ કાયદા અને રાજકારણ પર પ્રભુત્વ ધરાવે છે.બ્રિટન અને તેની વસાહતોમાં ન્યાયાધીશો, બેરિસ્ટરો અને રાજકારણીઓમાં સફેદ પાવડરવાળા વિગ પ્રમાણભૂત બની ગયા છે, જે જાહેર જીવનમાં વ્યાવસાયિકતા અને સામાજિક દરજ્જાનો સંકેત આપવામાં મદદ કરે છે.

૧૬૦૩ થી આગળ કાબુકી થિયેટર કાત્સુરા વિગ વિકસાવે છે.જાપાનના કાબુકી થિયેટરમાં, કલાકારો ઉંમર, લિંગ અને વ્યક્તિત્વ દર્શાવવા માટે કાત્સુરા નામના વિસ્તૃત વિગ અપનાવે છે, જે વિગને સ્ટેજ પર વાર્તા કહેવાના મહત્વપૂર્ણ સાધનોમાં ફેરવે છે.૨૦મી સદીના મધ્યભાગમાં કૃત્રિમ રેસા રોજિંદા વિગ્સને પરિવર્તિત કરે છે.મોડાક્રીલિક અને




અન્ય કૃત્રિમ તંતુઓ જેવા નવા પદાર્થો વિગને સસ્તા, હળવા અને સ્ટાઈલમાં સરળ બનાવે છે, જે વિગને ઉચ્ચ ફેશનથી મુખ્ય પ્રવાહની સહાયક અને તબીબી સહાય તરફ ખસેડવામાં મદદ કરે છે.

મહત્વપૂર્ણ વ્યક્તિ માટે અંગ્રેજી શબ્દ ''બિગવિગ'' ૧૭મી અને ૧૮મી સદીના બ્રિટનમાં શાબ્દિક ફેશન વલણમાંથી ઉભરી આવ્યો હતો, જ્યાં ઉચ્ચ કક્ષાના ઉમરાવો, ન્યાયાધીશો અને રાજકારણીઓ તેમની સંપત્તિ અને સત્તા દર્શાવવા માટે માનવ કે ઘોડાના વાળમાંથી બનાવેલા મોટા કદના, વિસ્તૃત શૈલીના વિગ પહેરતા હતા.૧૭૯૫માં હેર પાવડર ટેક્સ અને ૧૮૦૦ના દાયકાની શરૂઆતમાં ફેશન બદલાયા પછી બ્રિટનમાં નાગરિક વિગ પહેરવાની પ્રથા મોટાભાગે લુપ્ત થઈ ગઈ હોવા છતાં, ન્યાયાધીશો અને બેરિસ્ટરોએ તેમના સત્તાવાર પોશાકના ભાગ રૂપે વિગ પહેરવાનું ચાલુ રાખ્યું હતું, જે આજે પણ જાળવી રાખ્યું છે.

## ક્રિએટિવિટીનો નવો રંગઃ જ્યારે વિગ બને છે તમારી ફેશનનું અંગ

યુવા વયે કેન્સરની સારવાર દરમિયાન કીમોથેરાપી જેવા ઉપચારના કારણે ઘણા દર્દીઓના વાળ ખરી જાય છે, જેના કારણે તેમના આત્મવિશ્વાસ અને માનસિક સ્થિતિ પર પણ અસર થાય છે. આવી સ્થિતિમાં વિગ અથવા હેર પેચ માત્ર દેખાવ સુધારવાનો ઉપાય નથી, પરંતુ તે દર્દીઓને ફરીથી આત્મવિશ્વાસ અને સ્વાભિમાન આપતું એક આશીર્વાદરૂપ સાધન બની જાય છે. તે દર્દીને સામાન્ય જીવન તરફ પાછા ફરવામાં અને સમાજમાં નિડર રીતે રહેવામાં મહત્વપૂર્ણ માનસિક સહારો પૂરું પાડે છે.

# સુરેન્દ્રનગર : આંગણવાડી બહેનોએ પગાર વધારો, નવા મોબાઈલ સહિતની માંગો અંગે હલ્લાબોલ સાથે કરી ઉગ્ર રજૂઆત

**હાઈકોર્ટના હુકમ મુજબ પૂરતો અને નિયમિત પગાર આપવામાં આવે તેવી માંગ :સરકાર દ્વારા આગામી દિવસોમાં માંગો પૂરી નહી થાય તો ઉચ્ચ કક્ષાએ રજૂઆત અને ઉગ્ર આંદોલનની ચીમકી**

અબતક,ઘનશ્યામ ભટ્ટી
સુરેન્દ્રનગર



સુરેન્દ્રનગર જીલ્લાની આંગણવાડીની કાર્યકર બહેનો દ્વારા છેલ્લા ઘણા સમયથી પડતર પ્રશ્નો અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ જ ઉકેલ આવ્યો નથી ત્યારે મોટી સંખ્યામાં જીલ્લાભરમાંથી આંગણવાડી બહેનો એકત્ર થયા હતા અને જીલ્લા પંચાયત કચેરી ખાતે હલ્લાબોલ કરી વિરોધ કર્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ સરકાર દ્વારા આંગણવાડી બહેનોને કામગીરી વર્ષો પહેલા મોબાઈલ આપવામાં આવ્યા હતા પરંતુ હાલ આ મોબાઈલમાં આંગણવાડી બહેનોને ઓનલાઈન હાજરી સહિત નવી એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં હાલાકી પડી રહી છે. જેના કારણે ગત તા.૦૫ માર્ચ થી જીલ્લાભરની આંગણવાડી બહેનોએ ઓનલાઈન કામગીરી બંધ કરી છે. તેમ છતાંય ઉચ્ચ અધિકારીઓ દ્વારા આંગણવાડી બહેનોને ખોટી રીતે હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ ગુજારતા હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. તેમજ પગાર વધારો પણ કરવામાં આવતો નથી જેના કારણે આંગણવાડી બહેનોને પરિવારનું ગુજરાન ચલાવવામાં પણ હાલાકી પડી રહી છે. આથી જુના મોબાઈલને બદલે નવા મોબાઈલ આપવામાં આવે તેમજ પગાર વધારો કરવાની માંગ સાથે જીલ્લા ભરની આંગણવાડી બહેનો દ્વારા સૂત્રોચ્ચાર સાથે રજુઆત કરવામાં આવી હતી તેમજ હાઈકોર્ટના હુકમ મુજબ પૂરતો અને નિયમિત પગાર આપવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી જ્યારે રજૂઆત દરમિયાન સીડીપીઓ હાજર નહી રહેતા આંગણવાડી બહેનોમાં રોષ જોવા મળ્યો હતો.

## અબતક પંચાગ

**તા.૧૧-૩-૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ આઠમ વિછુડો રાત્રે ૧૦ સુધી
**નક્ષત્ર** જયેષ્ઠા
**યોગ** વ્રજ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૭.૦૨ **સુર્યાસ્તઃ** ૬.૫૩
**ચંદ્ર રાશી** વૃશ્ચિક રાત્રે ૧૦થી ધન
**રાશિ અક્ષર** ન.ય/ભ.ફ.ધ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૩-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૧૧-૦૩-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## સૂડોકુ -૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | | | | ૪ | |
| | ૭ | | ૬ | | | | | |
| | | ૬ | ૪ | ૨ | | | ૧ | |
| | | | | ૪ | | | ૬ | ૯ |
| ૩ | | | | | ૫ | | | |
| | | | | ૯ | ૮ | | | |
| | | | ૧ | ૭ | | | ૨ | |
| ૧ | ૯ | | | | | | | |
| | ૨ | | | | | ૪ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૭ | ૩ | ૧ | ૩ | ૨ | ૪ | ૮ |
| ૮ | ૪ | ૫ | ૨ | ૭ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૮ | ૧ | ૯ |
| ૭ | ૮ | ૯ | ૪ | ૬ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ |
| ૪ | ૯ | ૬ | ૩ | ૫ | ૭ | ૧ | ૮ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૯ | ૬ | ૪ | ૫ | ૭ |
| ૫ | ૭ | ૮ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૬ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૩.૨૦૨૬ બુધવાર ,સંવંત ૨૦૮૨ , ફાગણ વદ આઠમ , જ્યેષ્ઠા નક્ષત્ર , વજ યોગ, બાલવ કરણ આજે રાત્રે ૯.૫૯ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય,દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન .

**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે,મતભેદ નિવારી શકો,વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ):** નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.

**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો,દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મન થી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ):** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ ) :** મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ):** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ ,નોકરિયાતવર્ગ ને સારું રહે,ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

## આકાશિક રેકોર્ડ તમારા જીવનનું ધ્યેય દર્શાવે છે!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

આકાશિક રેકોર્ડ માં જેમ જેમ ઊંડા ઉતરીએ તેમ તેમ આત્માની જન્મોજન્મની સફર સમજાય છે અને તેના દરેક જીવનનો ઉદ્દેશ્ય અને આ જીવનનો ખાસ ઉદ્દેશ્ય પણ સમજાય છે અને આત્મા તે તરફ ગતિ કરતો હોય છે પરંતુ ઘણીવાર આત્મા પોતાનું ધ્યેય ભટકીને પણ કાર્ય કરતો હોય ત્યારે આકાશિક રેકોર્ડ તેને ખુબ કામ લાગે છે અને તે તેની સાચી દિશા તરફ ગતિ કરવા લાગે છે જેમ કે એક વ્યક્તિના જીવનનું ધ્યેય પ્રસિદ્ધિ હતી અને તે જોબ માટે સખત મહેનત કરતો હતો પણ સફળતા મળતી ના હતી અમે તેને કોઈ ને કોઈ રીતે પોતાની પ્રતિભા લઈને લોકો સમક્ષ જવા કહ્યું એ પછી તેને પોતાની સ્કિલ દ્વારા ઓનલાઈન કામગીરી શરુ કરી અને ખુબ સફળતા અને પ્રતિષ્ઠા મેળવી એ જ રીતે ઘણાની સફર આધ્યાત્મિક હોય છે તો કોઈ ને પૈસા લક્ષી હોય છે જયારે ઘણા આત્મા એક દિવ્ય પ્રેમ અનુભૂત કરવા આવ્યા હોય છે અને તેમને જ્યાં સુધી પોતાનું અરધિયું નથી મળતું ત્યાં સુધી ચેન પડતું નથી આ આત્માઓ દિવ્ય પ્રેમ માટે જન્મોજન્મના ઋણાનુબંધન હોય તેવો આત્મા શોધતા હોય છે અને આવા કિસ્સા માં પણ આકાશિક રેકોર્ડ તેમને સાચી દિશા બતાવી તેમના ધ્યેય તરફ આગળ લઈ જાય છે .!

બગસરામાં રામકથાની ગુંજ

# શરણાગતિ એટલે પ્રમોદ નહી, પણ કર્તવ્ય-કર્મઃ પૂ. મોરારિબાપુ

## પૂ. મોરારિબાપુએ 'માનસ' મેઘાણી વ્યાસપીઠ પરથી શાયર ઝવેરચંદ મેઘાણીને આપી ભાવાંજલી



**અબતક, રાજકોટ**

બગસરામાં ચાલતી રામકથામાં મોરારિબાપુએ શરણાગતિનો અર્થ પ્રમાદી નહી, પણ નિમિત્તમાત્ર નિશ્ચિંત કર્તવ્ય કર્મ કરવાનું હોય, એમ ભાર મૂક્યો. આ રામકથા 'માનસ મેઘાણી' ગાન સાથે ઝવેરચંદ મેઘાણી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ અપાઈ. શનિવારથી બગસરામાં પ્રારંભાયેલ રામકથા 'માનસ મેઘાણી' ગાન સાથે મોરારિબાપુ દ્વારા વ્યાસપીઠ પરથી ઝવેરચંદ મેઘાણી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ અપાઈ અને 'પૂણ્ય શ્લોક' તથા કલોક શ્લોક' એમ ભાવ જણાવાયો. રામકથા સોપાનોમાં વંદના વર્ણન કરતાં મોરારિબાપુએ શરણાગતિનો અર્થ પ્રમાદી નહી, પણ નિમિત્તમાત્ર નિશ્ચિંત કર્તવ્ય કર્મ કરવાનું હોય, એમ ભાર મૂકયો અને પોતપોતાના ક્ષેત્રમાં કર્તવ્ય કર્મ નિભાવવા ઉમેર્યુ. 'માનસ મેઘાણી' ગાનમાં ૧૪ રત્નોના પ્રસંગોના નિરૂપણ સંદર્ભે શ્રી મોરારિબાપુએ કથાના બીજા દિવસે સંત દેવીદાસ અને અમરમાં ચરિત્ર અને ત્રીજા દિવસે સંત વેલનાથજી ચરિત્ર વંદના સંવેદના સભર રીતે કરી. ઝવેરચંદ મેઘાણીનાં વ્યકિતત્વ વિશે તેઓના સાહિત્ય સર્જન સાથે રહેલાં પ્રીતિ સ્થાનોનો ઉલ્લેખ થયો

હર્ષાબા ગોહિલ પરિવાર દ્વારા નિમિત્તમાત્ર મનોરથી રહીને આ રામકથામાં જાનકીદાસબાપુ, કણીરામજીબાપુ, જીજ્ઞેશદાદા સહિત ધાર્મિક મહાનુભાવો જોડાયાં હતાં. અહીંયા દિગુભા જાડેજા, ભરતદાન ગઢવી, સહિત કથાપ્રેમી અગ્રણીઓએ કથા લાભ લીધો.

## ઝવેરચંદ મેઘાણીની પૂણ્યતિથિએ લોકકલાકારોએ રેલાવી સુરની સરવાણી



રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પૂણ્યતિથિ પ્રસંગે પૂર્વસંધ્યાએ એટલે રવિવારે સાંજે બગસરામાં ગાયક કલાકારો દ્વારા મેઘાણી ગાનની મોજ યોજાયેલ. અહીંયા મોરારિબાપુના સાનિધ્ય સાથે ગાયક કલાકારોએ સૌને રસલ્હાણ કરી હતી. ઝવેરચંદ મેઘાણીના પૈતૃક ગામ બગસરામાં મોરારિબાપુના વ્યાસાસને રામકથા 'માનસ મેઘાણી' લાભ મળી રહ્યો છે, જેમાં રવિવારે ઝવેરચંદ મેઘાણી દ્વારા રચાયેલ અને સંપાદિત થયેલ રચનાઓનું ગાન જાણીતા લોક સાહિત્ય ગાયક કલાકારો અભેસિંહ રાઠોડ, ભારતીબેન વ્યાસ અને રાધાબેન વ્યાસ દ્વારા સંગીત વૃંદના સથવારે કરવામાં આવેલ. આ ઉપક્રમમાં ગીત, લોકગીત અને ભજન પ્રસ્તુતિથી શ્રોતા રસિકો ઝૂમી ઊઠ્યાં હતાં.

## બગસરા એસટી ડેપોમાં ભર ઉનાળે 'પાણીનું પરબ' બંધઃ મુસાફરોમાં રોષ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા એસટી ડેપોમાં કથરી ગેલ વહીવટના કારણે પેસેન્જરોને હાલાકીનો સામનો કરવો પડે છે ત્યારે એસટી ડેપોમાં પાણીના પરબમાં ફિલ્ટર થઈ ઠંડુ થઈને પાણી પીવાની સુંદર વ્યવસ્થા હોવા છતાં પાણી પીવાનું મુશ્કેલી જોવા મળી હતી ત્યારે પેસેન્જર દ્વારા ડેપોમાં પૂછવામાં આવ્યું આવતા તેણે જણાવ્યું હતું કે ચોકીદારને પાણીની ખબર હોય અમને ન ખબર હોય તેમ કહી વાત પૂર્ણ કરી હતી. ભર ઉનાળે પાણી જાગૃત નાગરિક પ્રદીપભાઈ બોરીચાએ માનવતા દાખવી પૂછપરછ કરતા ડેપોના જવાબદાર વ્યક્તિએ તેમ કહ્યું હતું કે એ તો ચોકીદાર પાસે ચાવી હોય છે. તેની નોકરી સવારે ૯:00 થી 0૫ હોય પાણીની અમને કંઈ ખબર હોતી નથી. સરકાર દ્વારા આવી સારી સુવિધા ઉભી કરવામાં આવે છે છતાં ડેપો મેનેજર ને અણ આવડતના કારણે લોકોને ઉનાળે પાણી વગર મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેમજ ૨૦ રૂપિયાની પાણીની બોટલ લેવી પડે છે.

## વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને શામળાજી રોડ રેલ્વે સ્ટેશન પર સ્ટોપેજની મંજૂરી મળી

### સાંસદ શોભના બારૈયાની રજૂઆત બાદ રેલવે વિભાગે સકારાત્મક નિર્ણય હજારો શ્રદ્ધાળુઓને મોટો લાભ મળશે



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

રેલવે મંત્રાલયે ઉદયપુર-અસારવા વંદે ભારત એક્સપ્રેસને શામળાજી રોડ રેલવે સ્ટેશન પર સ્ટોપેજ આપવાની મંજૂરી આપી છે આ નિર્ણય સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સાંસદ શોભનાબેન બારૈયાની રજૂઆત બાદ લેવામાં આવ્યો છે.

સાંસદ શોભનાબેન બારૈયા દ્વારા આ વિસ્તારના ધાર્મિક પ્રવાસન અને સ્થાનિક નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ આ માગણી કરવામાં આવી હતી. રેલવે મંત્રાલયે આ રજૂઆતના માત્ર ૨૦ દિવસમાં જ સકારાત્મક નિર્ણય લીધો છે

આ નિર્ણયથી શામળાજી મંદિરના દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓ,વેપારીઓ,વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક નાગરિકોને મુસાફરીમાં વધુ ઝડપી,સુરક્ષિત અને સુવિધાજનક વ્યવસ્થા મળશે.

આ પગલાથી ધાર્મિક પ્રવાસનને પ્રોત્સાહન મળશે અને સમગ્ર અરવલ્લી વિસ્તારના વિકાસને પણ નવો વેગ મળશે. ઉદયપુર સિટી - અસારવા (અમદાવાદ) વંદે ભારત એકસપ્રેસ (ટ્રેન.નં.૨૬૯૬૩/૨૬૯૬૪) ને શામળાજી રોડ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ આપવા મંજૂરી આપવામાં આવી છે.

## જસદણઃ શિક્ષણમંત્રી રીવાબા જાડેજાના હસ્તે નગરપાલિકાના પુર્વ પ્રમુખ અનિતા રૂપારેલિયાનું સન્માન



**અબતક, હિતેશ ગોસાઇ, જસદણ**

રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબાએ રાજકોટ જિલ્લામાં વિશિષ્ટ કામગીરી કરતાં આઠ બહેનોનું સન્માન કર્યું હતું ખાસ કરીને જસદણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને હાલ રાજકોટ જિલ્લાના ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અનિતાબેન અલ્પેશભાઈ રૂપારેલિયાની પણ નવાઝિશ કરી હતી આ તકે મહિલા મોરચાના જિલ્લા પ્રમુખ અનિતાબેનએ જણાવ્યું હતું કે આજની મહિલા રસોડાથી લઈ રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચી છે અને દેશમાં મહિલાઓનાં ઉત્કર્ષ માટે ભારતીય જનતા પાર્ટીએ મહિલાઓને હંમેશા પ્રોત્સાહિત કરી છે. આ તકે હું રાજ્યથી માંડી રાજકોટ જિલ્લાના ભાજપના આગેવાનો અને હોદ્દેદારો સાથે રિવાબાનો આભાર વ્યકત કરૂં છું.

## તાલાલા માકેટીંગ યાર્ડમાં તુવેર ખરીદી કેન્દ્રનો પ્રારંભઃ ખેડુતોના ખાતામાં પૈસા જમા થશે

### નોંધાયેલ માલ ખેડુતોની અનુકુળતાએ ખરીદવાની સવલત



**અબતક, રાજકોટ**

તાલાલા માર્કેટિંગ યાર્ડ ખાતે પિખોર સેવા સહકારી મંડળી દ્વારા એનસીસીએફ દ્વારા ખરીદી ની વિશેષ સવલત જેમ કે વીસીઈ દ્વારા રજિસ્ટ્રેશન થયેલ ખેડૂત પણ પોતાની અનુકૂળતા ના દિવસે પોતાની તુવેર લાવી શકશે સાથે ખરીદીના ૫ થી ૬ દીવસે ખેડૂત ના ખાતા માં પેમેન્ટ આવી જશે નોંધ વિનાના ખેડૂતો પણ વાવેતર નો દાખલો ૭ ૧૨ પાસબુક આધારકાર્ડ લાવી ત્યાજ નોંધ કરાવી તુરંત તોલ કરાવી શકશે વિઘા દીઠ ૧૦ મણ તુવેર લેવામાં આવશે પછી જેટલી જમીન હોય તેટલો માલ આપી શકશે એક ખેડૂત ના ખાતા માં ૪૦ ખાંડી તુવેર એક દિવસે જોખઈ જશે તુવેર ગુણવત્તા વાળો માલ લાવવો બીજા જિલ્લાના ખેડૂતો પણ પોતાનો માલ લાવી આપી શકશે કાલ સોમવાર તારીખ ૯.૩.૨૬ થી ખરીદી ચાલુ થઈ જવામાં આવનાર ખેડૂતે આગળના દિવસે યાર્ડ પર આવી જથ્થો લખવી જવો ઓપનિંગ કરાવનાર મેહમાન સંજય ભાઈ અકબરી તાલુકો બીજેપી પ્રમુખ. ભૂપતભાઈ હીરપરા. લાલભાઈ શિંગાળા.. ભરતભાઈ મકવાણા વાઈસ ચેરમેન માકેટીંગ યાર્ડ તાલાલા ઘનશ્યામ ભાઈ ખાનપરા રાજાભાઈ ચારિયાએ જણાવ્યું હતું કે ખેડુતોએ કોઈ લાઈન માં ઊભવાની જરૂર નથી સ્થળ ઉપર નોંધ ત્યાજ તોલ કરી આપવામાં આવશે.

## ઈડરના ચિત્રોડા અને ચોરીવાડ ગામે રસ્તાના ૨૩ દબાણો દૂર કરાયા

### ચોરીવાડમાં ૧૩ પાકા અને ચિત્રોડા ૧૦ કાચા-પાકા દબાણો સાફ



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

રાજ્ય સરકારના પ્રજાભિમુખ અભિગમ 'સ્વાગત' કાર્યક્રમ હેઠળ મળેલી દબાણની રજૂઆતોને પગલે જિલ્લા વહીવટી તંત્રે લાલ આંખ કરી છે. સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ચિત્રોડા અને ચોરીવાડ ગામોમાં વર્ષોથી અવરોધરૂપ બનેલા રસ્તાના દબાણો દૂર કરી અરજદારોને ન્યાય અપાવવામાં આવ્યો છે.ચિત્રોડા ગામના અરજદાર જ્યોત્સનાબેન મગનભાઈ વણકર દ્વારા તેમના ઘર તરફ જતા રસ્તામાં નડતરરૂપ દબાણ બાબતે તાલુકા 'સ્વાગત' કાર્યક્રમમાં અરજી કરવામાં આવી હતી. આ ફરિયાદના આધારે તાલુકા પંચાયત દ્વારા રસ્તાની જગ્યાની ચોક્કસ માપણી કરવામાં આવી હતી. માપણી બાદ પોલીસ પ્રોટેક્શન હેઠળ ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતના પ્રતિનિધિઓની હાજરીમાં આ દબાણ દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.ચોરીવાડ ગામના પટેલ ફળિયામાં ખેતર તરફ જતો રસ્તો દબાણના કારણે સાંકડો થઈ ગયો હતો. ખેતરમાં બટેકાના પાકને લાવવા-લઈ જવા માટે વાહન જઈ શકે તેવી સ્થિતિ ન હોવાથી ખેડૂતે મુખ્યમંત્રીના 'સ્વાગત' કાર્યક્રમમાં રજૂઆત કરી હતી. હાલમાં વિધાનસભા સત્ર અને બોર્ડની પરીક્ષાઓ ચાલતી હોવાથી ચાલુ દિવસોમાં પોલીસ બંદોબસ્ત મળવો મુશ્કેલ હતો. પરંતુ,ખેડૂતોની હાલાકીને ધ્યાને રાખી કલેક્ટરની ખાસ સૂચનાથી રવિવારના રોજ પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો હતો મામલતદાર કચેરી, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના સ્ટાફે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરી ૧૩ જેટલા ઘરોના રસ્તાને નડતરરૂપ ભાગોને દૂર કર્યા હતા.


**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

ટેન્ડર નોટીસ જાહેરાત ક્ર.-૩૪/૨૦૨૫-૨૬

રાજય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજયોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Supplying, Installing, Testing & Commissioning of New Highmast and Electrical Panels works at Saurashtra University, Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૩૨,૫૭,૧૭૧/- | |
| કામની સમયમર્યાદા | 0૩ મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૩૨,૫૭૨/- | |
| ટેન્ડર ફી | રૂ.૨,૯૫0/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | 30/03/૨૦૨૬ | ૧૬:00 |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | 30/03/૨૦૨૬ | ૧૮:00 |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧0/0૪/૨0૨૬ | ૧૮:00 |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોકત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોકત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી -રાજ-૧૯૨૪-૨૫-૨૬ કુલસચિવ



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૧૪/૨૦૨૬

શ્રી હલીમાબેન જુમાભાઈ કઈડા વા/ઓ મામદભાઈ જોબણ ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, ત્રાકુડા, તા. ગોંડલ. જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા.૨૫/0૭/૧૯૬૨ ના રોજ ત્રાકુડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૨/03/૨૦૨૬ ના રોજ ૧૨/00 કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.03/0૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો — એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૯/૨૦૨૬

શ્રી કિરણબેન કાનજીભાઈ સરવૈયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીથી, કમરકોટડા, તા.ગોંડલ જી. રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા. ૧૨/૧0/૨003 ના રોજ કમરકોટડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમય જરૂરી આધાર-પુરાવા સાથે તા.૫/૩/૨૦૨૬ ના રોજ ૧૨:00 કલાકે, મામલતદાર કચેરી, તાલુકા સેવા સદન'', ૨૧ સ્ટેશન પ્લોટ, ગોડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ જો આ મુદ્દતે અરજદાર આધાર-પુરાવાઓ રજૂ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર સામાવાળા જે કોઈ રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે આજે તા.03/0૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો — એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ ગોંડલ (તાલુકા)



**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**રેલવે હોસ્પિટલ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા, વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સ નું સમારકામ અને જાળવણી કામ**

| અનું. નં. | કામનું નામ | અંદાજીત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૫૦ | | | |
| ૧. | (a) રાજકોટ ડિવિઝન :- રેલવે હોસ્પિટલ રાજકોટ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા અને મોડ્યુલર ઓપરેશન થિયેટરનો વિકાસ અને (b) રાજકોટ ડિવિઝન - RDSA ગ્રાઉન્ડના વિકાસના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. | ૫૦,૮૨,૫૩૭.0૯/- | ૧,0૧,૭00/- |
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૫૧ | | | |
| ૨. | રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝન પર ૩ વર્ષના સમયગાળા માટે વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સ નું સમારકામ અને જાળવણી કરવાનું કામ. | ૭૧,૮૪,૪૬૫.૫0/- | ૧,૪૩,૭00/- |

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા. ૩૦-૦૩-૨૦૨૬** ના ૧૫:00 કલાક સુધી, **ઓફિસનું સરનામુ :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડપ રાજકોટ-૩૬000૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-209

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં. ૧૫/૨૦૨૬

શ્રી અમીનાબેન અભરામભાઈ કઈડા વા/ઓ હાસમભાઈ પતાણી ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, ત્રાકુડા, તા.ગોડલ. જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા.0૭/0૯/૧૯૬૫ ના રોજ ત્રાફડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૨/03/૨૦૨૬ ના રોજ ૧૨/00 કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.03/0૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો — એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૨૯/૨૦૨૬

શ્રી સંજયભાઈ ચુનીભાઈ નરોડીયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, હડમતાળા, તા.ગોડલ. જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના દાદી-સ્વ.ખતીજાબેન મુસાભાઈ પતાણીનું તા.૧૧/0૫/૨0૧૨ ના રોજ હડમતાળા મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના રજીસ્ટરે અવસાન નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૯/03/૨૦૨૬ ના રોજ ૧૨/00 કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.03/0૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો — એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૩૫/૨૦૨૬

શ્રી સંજયભાઈ ચુનીભાઈ નરોડીયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, દેરડી (કુંભાજી), તા. ગોંડલ, જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના માતૃશ્રી-સ્વ.વિજયાબેન ચુનીભાઈ નરોડીયાનું તા. ૧૧/૧૧/૨00૨ ના રોજ દેરડી (કુંભાજી) મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના રજીસ્ટરે અવસાન નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૨૬/03/૨૦૨૬ ના રોજ ૧૨/00 કલાકે. મામલતદાર કચેરી, 'તાલુકા સેવા સદન', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.03/0૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો — એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૮/૨૦૨૬

શ્રી નિલેશકુમાર મંગાભાઈ ખિમસુરીયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, મોટામહીકા, તા.ગોંડલ, જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા.૨૪/0૮/૧૯૮૫ના રોજ મોટામહીકા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.0૫/03/૨૦૨૬ના રોજ ૧૨/00 કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.03/0૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો — એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ ગોંડલ (તાલુકા)

તંત્રી લેખ

# ભારત વિશ્વ વિજેતા ભારત તિરંગો શાનથી લહેરાયો

ભારતીય ક્રિકેટ માટે ૮ માર્ચનો દિવસ સુવર્ણ અક્ષરે નોંધાઈ ગયો છે. આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની અત્યંત રોમાંચક ફાઈનલમાં ભારતીય ટીમે ન્યુઝીલેન્ડને ૯૬ રનના જંગી અંતરથી હરાવીને ફરી એકવાર વિશ્વ ચેમ્પિયન બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું છે. આ ઐતિહાસિક જીત સાથે સમગ્ર દેશમાં જશ્નનો માહોલ છે અને ભારતે ક્રિકેટ જગતમાં પોતાની બાદશાહત ફરી એકવાર સાબિત કરી દીધી છે.

ભારતીય ક્રિકેટના ગૌરવશાળી ઈતિહાસમાં આ વિજય એક નવો અધ્યાય ઉમેરે છે. ભૂતકાળ પર નજર કરીએ તો, ૨૦૦૭માં મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશીપમાં ભારતે પ્રથમ ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. ત્યારબાદ ૨૦૨૪માં બાર્બાડોસ ખાતે રોહિત શર્માની આગેવાનીમાં ભારતે બીજો ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો. હવે બરાબર બે વર્ષ બાદ સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતે પોતાનું ટાઈટલ ડિફેન્ડ કરીને ત્રીજી વખત આ ટ્રોફી પોતાના નામે કરી છે અને હોમ ગ્રાઉન્ડ પર વર્લ્ડ કપ જીતવાનો સિલસિલો જાળવી રાખ્યો છે. ફાઈનલ મેચમાં ભારતીય બેટ્સમેનોએ કીવી બોલરોની બરાબરની ધોલાઈ કરી હતી. ભારતે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૫૫ રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો, જે વર્લ્ડ કપ ફાઈનલના ઈતિહાસમાં સૌથી મોટો સ્કોર છે. ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ ૨૧ બોલમાં ૫૨ રનની વિસ્ફોટક શરૂઆત અપાવી હતી, જેણે મેચનો પાયો નાખ્યો હતો.

ત્યારબાદ સંજુ સેમસને મેદાન પર રનનો વરસાદ કર્યો હતો. અત્યંત શાનદાર ફોર્મમાં ચાલી રહેલા સંજુ સેમસને માત્ર ૪૬ બોલમાં ૫ ચોગ્ગા અને ૮ છગ્ગાની મદદથી ૮૯ રનની અદભૂત ઈનિંગ રમી હતી. તેને સાથ આપતા ઈશાન કિશને પણ ૨૫ બોલમાં ૫૪ રન ફટકારીને કીવી બોલરોને નિરાશ કરી દીધા હતા. અંતિમ ઓવરોમાં શિવમ દુબેએ માત્ર ૮ બોલમાં અણનમ ૨૬ રન બનાવીને સ્કોરને ૨૫૦ પાર પહોંચાડ્યો હતો.

૨૫૬ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યુઝીલેન્ડની ટીમ શરૂઆતથી જ દબાણમાં જોવા મળી હતી. ભારતીય બોલરોએ પાવરપ્લેમાં જ ઘાતક બોલિંગ કરીને ન્યુઝીલેન્ડના ટોપ ઓર્ડરની કમર તોડી નાખી હતી.

જસપ્રીત બુમરાહ અને અક્ષર પટેલની જોડીએ કીવી બેટ્સમેનોને કોઈ જ તક આપી ન હતી અને માત્ર ૫૨ રનમાં તેમની ૩ મહત્વની વિકેટો ખેડવી નાખી હતી.

દબાણ અને સતત વધતા રનરેટ વચ્ચે ન્યુઝીલેન્ડની આખી ટીમ ૧૯ ઓવરમાં માત્ર ૧૫૯ રનમાં સમેટાઈ ગઈ હતી. જસપ્રીત બુમરાહની સચોટ બોલિંગ અને મહત્વપૂર્ણ વિકેટો બદલ તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે આખી ટૂર્નામેન્ટમાં શાનદાર બેટિંગ કરનાર અને ફાઈનલમાં ૮૯ રન ફટકારનાર સંજુ સેમસનને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ'નો ખિતાબ મળ્યો હતો.

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં ભારતીય ટીમનું આ પ્રદર્શન ખરા અર્થમાં પ્રશંસનીય રહ્યું છે. જુલાઈ ૨૦૨૪થી કેપ્ટનશીપ સંભાળ્યા બાદ સૂર્યકુમારે એકપણ સિરીઝ ગુમાવી નથી. યુવા અને અનુભવી ખેલાડીઓના શાનદાર સમન્વયથી ભારતીય ટીમે એક અજેય ટીમ તરીકે પોતાની ઓળખ ઊભી કરી છે.

# ઈડર આત્મવલ્લભ હોસ્પિટલના આંખ વિભાગને અધ્યતન સાધન-સુવિધાથી કરાયો સજજ

## આંખ વિભાગને આધુનીક સાધનો આપનાર દાતાઓનું કરાયું સન્માન

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**



વિશ્વ કલ્યાણ સોસાયટી સંચાલિત આત્મવલ્લભ હોસ્પિટલ ઈડરને આંખ વિભાગ માટે અદ્યતન સાધનો રોટરી ફાઉન્ડેશન અમેરિકા અને રોટરી ક્લબ વડાલી રાઉન્ડ ટાઉન તેમજ અન્ય દાતાઓ ધ્વારા વર્ષ ૨૦૨૩ માં આંખ વિભાગ માટે સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા જેના ધ્વારા અત્યાર સુધીમાં આશરે દસ હજાર જેટલા લોકોને આંખો ની તપાસ અને આશરે ૧૭૦૦ લાભાર્થીના મોતિયાના ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. સંસ્થા ની આવી જન સેવાની પ્રવૃતિઓથી પ્રેરાઈને ફરીથી રોટરી ક્લબ વડાલી રાઉન્ડ ટાઉન અને અમેરિકામાં વસતા હંસાબેન વસંતલાલ સોની ( વતન વડાલી), નરસિંહભાઈ કેશરભાઈ દેસાઈ (મૂળ વતન ભદ્રેસર) તેમજ મહેશભાઈ ગંગારામભાઈ પટેલ (વતન હિંમતનગર) ધ્વારા આ વર્ષે પણ વધુ અદ્યતન સાધનો અર્પણ કરવામાં આવ્યા હતા. ઉપરાંત તેઓએ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ થી પ્રેરાઈને ભવિષ્યમાં જ્યારે પણ સંસ્થાને આર્થિક મદદ ની જરૂર પડે ત્યારે મદદ કરવાની ખાતરી પણ આપી હતી. ઈડર ટાઉનહોલ માં યોજેલ એક સમારોહમાં રોટેરિયન નિગમભાઈ ઉપરાંત મોટી સંખ્યામાં રોટેરિયન ઉપસ્થિત રહ્યાં હતા. સંસ્થવતી ડો દિનેશભાઈ પરીખે સૌ દાતાઓનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ ને અંતે સ્કૂલ ઓફ નર્સિંગમાં આ વર્ષે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ નો શપથવિધિ સમારોહ અને છેલા વર્ષના વિદ્યાર્થીઓ નો વિદાય સમારંભ પણ યોજાયો હતો. જેમાં નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ અજય જૈન દ્વારા વિદ્યાર્થીઓ માટે પ્રેરક અને જીવન ઉપયોગી આશિર્વચન આપવામાં આવ્યું હતું.

# બગસરા: લુધીયા ગામે ખેતરમાં શોર્ટ સર્કિટથી આગ, ૧૦ વિઘાના ઘઉં બળીને ખાખ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા તાલુકાના લુધીયા ગામે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટથી ઘઉંના પાકમાં આગ ભભુકી ઉઠી હતી. પરેશ આજુગીયાના ૧૦ વિઘામાં પાક તૈયાર થયેલા ઘઉંમાં આગ લાગતા બળીને ખાખ થઈ ગયા ત્યારે આસપાસથી ખેડૂતો દોડી આવ્યા ને પાણી છાંટીને આગ બુઝાવવાનો પ્રયાસ કરાયો.બાજુમાં ચાલતા હાર્વેસ્ટરથી બચેલા ઘઉંના પાકને લણવાનો પ્રયાસ કરાયો હતો. ૧૦ વિઘાના ઘઉં બળી જતા ખેડૂતોના મો માં આવેલ કોળિયો જુટવાયો હતો. ખેડૂત મુશ્કેલીમાં મુકાયા ભારે મહેનતથી પકાવેલ ઘઉં બળીને રાખ થઈ જતાં મુશ્કેલીમાં મુકાયા હતા.

# અમરેલી: નગરપાલિકા દ્વારા કાલે સેવાસેતુ કાર્યક્રમ

## પાલિકા ભવન ખાતે સરકારી યોજનાઓ વિશે અપાશે માર્ગદર્શન

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ નાગરિકોને તેમના નિવાસસ્થાન નજીક સરળતાથી મળી રહે તેવા હેતુથી સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ એક જ સ્થળે ઉપલબ્ધ થાય તે માટે બે સેવાસેતુ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

કાર્યક્રમ અંતર્ગત પ્રથમ સેવાસેતુ કાર્યક્રમ તા. ૧૧ માર્ચ રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી અમરેલી નગરપાલિકા કચેરી ખાતે યોજાશે. જ્યારે બીજો કાર્યક્રમ તા.૧૮ માર્ચ ના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી જેસીંગપરા પટેલવાડી, શિવાજી ચોક ખાતે યોજાનાર છે.

આ કાર્યક્રમ દરમિયાન અમરેલી શહેરના તમામ વોર્ડના નાગરિકો અને લાભાર્થીઓને વિવિધ સરકારી સેવાઓ, યોજનાઓ સંબંધિત અરજીઓ, માર્ગદર્શન અને જરૂરી કામગીરી સ્થળ પર જ કરવામાં આવશે.

અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા શહેરના તમામ નાગરિકોને સેવાસેતુ કાર્યક્રમમાં હાજર રહી લાભ લેવા અનુરોધ કરાયો છે.

# ધ્રાંગધ્રા: મેરીસે રોઝું રાખી અલ્લાહની ઈબાદત કરી

**અબ તક સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રામાં રહેતા મોહસીનભાઈ સુમરાની નાની દીકરી મેરીસે પવિત્ર રમઝાન માસ નિમિત્તે રોઝું રાખીને અલ્લાહની વિશેષ બંદગી કરી હતી. આ માસૂમ બાળકીએ વહેલી સવારથી સાંજ સુધી શ્રદ્ધાપૂર્વક રોઝું પાળી, સાંજે વિધિવત રીતે ઈફ્તાર કરી દુઆઓ માંગી હતી. નાની ઉંમરે મેરીસની આ અતૂટ ભક્તિ જોઈને વડીલો પણ પ્રભાવિત થયા હતા. આ નાનકડી બાળકીએ કઠિન રોઝું રાખીને સમાજમાં પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# ઉપલેટા મ્યુનિસિપલ કોલેજમાં મહિલા દિવસે માનસીક સ્વસ્થતા માટે અપાય સમજણ

## મહિલા દિવસે અગ્રણી મહિલા રત્નોનું કરાયું સન્માન

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**



ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં વુમન્સ ડે અંતર્ગત વિદ્યાર્થીનું શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્ય સુંદર બને તે માટે કોલેજના મહિલા પ્રોફેસર દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું. આ કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડો.વલ્લભ નંદાણીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ આ કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત પ્રો દર્શના ચંદ્રવાડીયા દ્વારા કરવામાં આવેલ વિદ્યાર્થીનું માનસિક સ્વાસ્થય સુંદર બની તે માટે પ્રો ડો નીલમબેન નકુમ દ્વારા સુંદર માહિતી આપવામાં આવેલ અને વિદ્યાર્થીનું શારીરિક સ્વાસ્થ્ય સુંદર બને તે માટે ઉપલેટાના સજની બ્યુટી પાર્લર વાળા ધર્મિષ્ઠાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીને સુંદર માર્ગદર્શન પૂરું પાડેલ તેમજ આ કાર્યક્રમમાં સંચાલન પ્રો ડો ડિમ્પલબેન ચુડાસમા તેમજ પૂર્વીબેન પટેલ કરેલ પ્રો ઈન્દુબેન, કિંજલબેન, રીમાબેન, સોનલબેન, પાયલબેન તેમજ અંજલીબેન દ્વારા પુષ્પગુચ્છથી દરેક મહિલાઓનું સ્વાગત કરવામાં આવેલ આ કાર્યક્રમની આભાર વિધિ પ્રો.ડો.તૃપ્તિબેન સોઢા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજની સમગ્ર મહિલા ટીમે જેહેમત ઉઠાવેલી હતી.

# ધ્રાંગધ્રા: ઉપન્યાસ પબ્લિક સ્કૂલના ભૂલકાઓએ વેશભૂષા દ્વારા આપ્યો 'સ્વસ્થ આહાર'નો સંદેશ

## શાકભાજી અને ફળ દિવસની અનોખી ઉજવણી; બાળકો વિવિધ ફળો અને શાકભાજીના પાત્રો બની આકર્ષણનું કેન્દ્ર બન્યા

**અબતક સલીમ ઘાંચી ધ્રાંગધ્રા:**



ધ્રાંગધ્રાની ઉપન્યાસ પબ્લિક સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં પૌષ્ટિક આહાર પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી શાકભાજી અને ફળ દિવસની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે શાળાના નાના બાળકો વિવિધ શાકભાજી અને ફળોના સુંદર પોશાક પહેરીને આવ્યા હતા, જેનાથી શાળાનું પટાંગણ રંગબેરંગી દ્રશ્યોથી ખીલી ઉઠ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન બાળકોએ પોતે બનેલા ફળ કે શાકભાજીના ગુણો વિશે રસપ્રદ માહિતી રજૂ કરી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને જંક ફૂડ છોડીને આરોગ્યપ્રદ ખોરાક અપનાવવાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શાળાના સંચાલકો અને શિક્ષકોએ બાળકોના આત્મવિશ્વાસને બિરદાવી તેમને દૈનિક જીવનમાં ફળો અને શાકભાજીનો વધુ ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. શૈક્ષણિક અને મનોરંજક એવી આ ઉજવણીમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

# સુરેન્દ્રનગર: વિશ્વ ખેડૂત દિવસે કૃષિ શિબિર દ્વારા ખેડૂતોને આધુનિક ખેતીનું આપ્યું માર્ગદર્શન

## કૃષિ નિષ્ણાતોએ ઓછા ખર્ચે વધુ આવક મેળવવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા



**અબતક ઘનશ્યામ ભટ્ટી સુરેન્દ્રનગર:**

વિશ્વ ખેડૂત દિવસ નિમિત્તે સુરેન્દ્રનગર કપાસ સંશોધન કેન્દ્ર ખાતે વિશેષ કૃષિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતોએ કપાસ, જીરું અને ચણા જેવા પરંપરાગત પાકોમાં આધુનિક પદ્ધતિઓ અપનાવી ખેતી ખર્ચ ઘટાડવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

નિષ્ણાતોએ ખેડૂતોને જમીનનું પરીક્ષણ કરાવવા અને રાસાયણિક ખાતરોનો ત્યાગ કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવા અપીલ કરી હતી. પાકમાં 'મૂલ્યવર્ધન' કરી સીધી મહત્તમ આવક મેળવવાના નુસખાઓ પણ સમજાવ્યા હતા. આ શિબિરમાં મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો અને મહિલાઓએ હાજર રહી ખેતીની નવી ટેકનોલોજી વિશે માહિતી મેળવી હતી.

# લાઠ ગ્રામ પંચાયત ખાતે સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આધારકાર્ડ સેવા કેમ્પ યોજાયો



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના લાઠ ગામે ગુજરાત સરકારના બીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત આધારકાર્ડ સંબંધિત વિવિધ કામગીરી માટે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લાઠ, મજેઠી અને ભીમોરા ગામના ગ્રામજનો માટે સંયુક્ત રીતે લાઠ ગ્રામ પંચાયત ખાતે સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ સેવા કેમ્પ દરમિયાન આધારકાર્ડ નોંધણી, આધાર કાર્ડમાં જરૂરી સુધારા, બાળકોના નવા આધારકાર્ડ કાઢવા તેમજ મોબાઈલ નંબર લિંક કરવા જેવી મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી આઈસીડીએસ વિભાગના આધાર ઓપરેટર ધર્મિષ્ઠાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ટીડીઓ ત્રિવેદી તથા સીડીપીઓ ઉર્વશિબા જાડેજાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

આ સેવાસેતુ કાર્યક્રમનો વધુમાં વધુ ગ્રામજનો લાભ લઈ શકે તે માટે લાઠ ગામના યુવા અને જાગૃત સરપંચ પૃથ્વીરાજસિંહ ચુડાસમાએ વિશેષ જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી આ સેવાઓનો લાભ લીધો હતો.

# ગાંધીધામ-આદિપુર ટાગોર રોડ પર અકસ્માતો રોકવા વકીલ મંડળ મેદાને: એસપીને પાઠવ્યું આવેદન

## જોખમી કટ પર બમ્પ ન બને ત્યાં સુધી બેરીકેટ મૂકવા માંગ; જનહિતમાં ગાંધીધામ બાર એસોસિએશનની રજૂઆત

**અબતક ભારતી માખીજાણી ગાંધીધામ:**



ગાંધીધામ અને આદિપુરને જોડતા મુખ્ય ટાગોર રોડ પર વધી રહેલા જીવલેણ અકસ્માતો અટકાવવા માટે ગાંધીધામ બાર એસોસિએશન દ્વારા પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમારને લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું છે. વકીલ મંડળની રજૂઆત છે કે રોડ પર ચાલી રહેલા નવીનીકરણ વચ્ચે જોખમી કટ પાસે સ્પીડ બ્રેકર (બમ્પ) ન હોવાથી અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે.

જ્યાં સુધી કાયમી બમ્પ ન બને ત્યાં સુધી તાત્કાલિક ધોરણે બેરીકેડિંગ મૂકવાની માંગ કરવામાં આવી છે. આ રજૂઆતમાં મયુરધ્વજસિંહ ખાંડેકા, નરેન્દ્ર તોલાની, એસ.એસ. ગઢવી સહિતના હોદ્દેદારો જોડાયા હતા. વકીલ મંડળે જનહિતમાં આ ગંભીર પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવા વહીવટી તંત્રને વિનંતી કરી છે.

# સુરેન્દ્રનગર: કમિશન અને પડતર પ્રશ્નો મામલે રેશનિંગ દુકાનદારોનું પુરવઠા અધિકારીને આવેદનપત્ર

## વધારાની સરકારી કામગીરી બંધ કરવા અને લાંબા સમયથી બાકી વળતર ચૂકવવા ઉગ્ર માંગ; જિલ્લાના ૫૦૦થી વધુ સંચાલકોમાં રોષ

**અબતક ઘનશ્યામ ભટ્ટી સુરેન્દ્રનગર**





સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રેશનિંગ દુકાનદારોએ પોતાના પડતર પ્રશ્નો અને કમિશન બાબતે જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી. જિલ્લાના અંદાજે ૫૦૦થી વધુ રેશનિંગ દુકાનદારોએ એકઠા થઈને સરકારની નીતિઓ સામે વિરોધ નોંધાવ્યો હતો અને પૂરતું વળતર નિયમિત રીતે ચૂકવવાની માંગ સાથે ન્યાયની અપીલ કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા તાજેતરમાં અમલી બનાવાયેલા સીબીડીસી પ્રોજેક્ટ હેઠળ રેશનિંગ દુકાનદારોને વધારાની સરકારી કામગીરી સોંપવામાં આવી છે. વાસ્તવમાં આ કામગીરી લાભાર્થીઓને ધ્યાને રાખીને વી.સી.ઈ. દ્વારા કરવાની હોય છે, છતાં તે કામગીરીનું ભારણ રેશનિંગ દુકાનદારો પર નાખવામાં આવ્યું છે. આ ઉપરાંત, અગાઉ સરકારે કેવાયસી દીઠ રૂ. ૫ વળતર નક્કી કર્યું હતું, જે આજ દિન સુધી ચૂકવવામાં આવ્યું નથી.

સંચાલકોએ આક્ષેપ કર્યો હતો કે તેમને નિયમિત અને પૂરતું કમિશન પણ મળતું નથી, જેના કારણે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા દુકાનદારોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો સરકારી યોજનાઓની વધારાની કામગીરી સોંપવાનું બંધ નહીં કરવામાં આવે અને બાકી નીકળતું કમિશન તાત્કાલિક નહીં ચૂકવાય તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

પુરવઠા અધિકારીએ આ પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવા ખાતરી આપી હતી.

# મુન્દ્રા પોર્ટ પર નાઈટ શિફ્ટમાં કસ્ટમ ક્લિયરન્સ શરૂ: નિકાસકારોને મોટી રાહત

## ગાંધીધામ ચેમ્બરની રજૂઆત સફળ: હવે રાત્રે પણ કન્ટેનર ઈન્સ્પેકશન થશે, વેપારમાં ગતિ આવશે

**અબતક ભારતી માખીજાણી ગાંધીધામ**

મુન્દ્રા પોર્ટ પર નિકાસકારોની વર્ષો જૂની સમસ્યાનો અંત આવ્યો છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સની સચોટ રજૂઆતને પગલે મુન્દ્રા કસ્ટમ્સ વિભાગે હવે રાત્રિના સમયે પણ કન્ટેનર ઈન્સ્પેકશન અને ક્લિયરન્સ (નાઈટ શિફ્ટ) શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.કસ્ટમ્સ કમિશનર નીતિન સૈનીના માર્ગદર્શન હેઠળ લેવાયેલા આ નિર્ણયથી ફેકટરી સ્ટફિંગ કન્ટેનરોએ હવે પોર્ટ પર ૮ થી ૧૦ કલાક સુધી રાહ જોવી નહીં પડે. આ સુવિધાથી લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે અને ટર્નઅરાઉન્ડ ટાઈમમાં નોંધપાત્ર બચત થશે. ખાસ કરીને મોરબીનો સિરામિક ઉદ્યોગ, એગ્રી પ્રોડક્ટ્સ અને કેમિકલ નિકાસકારોને આનો સીધો લાભ મળશે.

ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડ અને મંત્રી મહેશ તીર્થાણીએ આ નિર્ણયને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' તરફનું મોટું પગલું ગણાવી કસ્ટમ વિભાગનો આભાર માન્યો છે. આ કામગીરીમાં મોરબી સિરામિક એસોસિએશન અને રાઈસ એક્સપોર્ટ એસોસિએશનનો પણ મહત્વનો સહયોગ રહ્યો હતો.

# ઉના: તલાટી મંત્રી અને કરાર આધારિત પ્યુન અડધા લાખની લાંચ લેતા ઝડપાયા

## જમીનની એકત્રીકરણ માટે જીગ્નેશ બાંભણીયાએ ૧૦ હજાર લીધા બાદ બાકી રકમ રાકેશ મજીઠીયા સ્વીકારતા રંગે હાથે પકડાયો

**અબતક, ઉના**

ઊના મામલતદાર કચેરી માં ફરજ બજાવતા સીટી રેવન્યુ તલાટી મંત્રી અને તેમનો વચેટિયો રૂપિયા ૫૦૦૦૦/ની લાંચ લેતા એ. સી. બી. ના હાથે રંગે હાથ ઝડપી પાડ્યો બન્ને ને એ. સી. બી. એ પકડી કાર્યવાહી કરી છે.

ઊના શહેરમા આવેલ મામલતદાર કચેરીના ઉપરના માળે સિટી તલાટીની કચેરીમાં ફરજ બજાવતા મૂળ ભાવનગર જીલ્લાના ઘોઘા તાલુકાના કુકડ ગામના અને હાલ ઊનામાં રહેતા જીગ્નેશભાઈ જવેરભાઈ બાંભણિયા ઉ. વ. ૩૩ રેવન્યુ તલાટી મંત્રીએ ઊનાના એક વ્યક્તિ પાસે ફરિયાદી અને તેના કાકાની ઊના ખાતે આવેલ જમીન એકત્રીકરણ કરી આપવા રૂપિયા ૬૦૦૦૦/ની રકમ ની લાંચ માગી હતી ગત તા. ૬/૩/ના ફરિયાદી એ રૂપિયા દસ હજાર રોકડા રૂપિયા આપી દીધા હતા. ફરિયાદી લાંચ આપવા માગતા ન હતા તેથી એ. સી. બી. કચેરી નો સંપર્ક કરતા એ. સી. બી. કચેરી ના નાયબ નિયામક રાજકોટના, બળદેવસિંહ વાઘેલા ની સૂચના અને માર્ગ દર્શન હેઠળ દેવ ભૂમિ દ્વારકા એ. સી. બી. ના પોલીસ ઈન્સ્પેકટર એ. સી. શર્મા અઈઈ કચેરીના સ્ટાફ ફરિયાદીનું નિવેદન નોંધી પંચો સાથે રાખી આજે બપોરના ત્રણ વાગે ઊના શહેરમા આવેલ મામલતદાર કચેરીની ઉપર આવેલ સિટી તલાટી મંત્રીની કચેરી એ ફરિયાદી ને



મોકલેલ અને ફરિયાદી એ તલાટી મંત્રી સાથે હેતુલક્ષી વાત ચિત કરી રૂપિયા ૫૦૦૦૦/આપવાનું કહેલ ત્યારે તલાટી જીગ્નેશ આ રકમ તેમની કચેરીમાં કરાર આધારિત પટ્ટાવાળાની નોકરી કરતા રાકેશ રમેશભાઈ મજીઠીયા રે. ઊના વાળાને આપવાનું કહેતા ફરિયાદી એ વચેટિયા રાકેશ રમેશભાઈ મજીઠીયાને રોકડા રૂપિયા ની ચલણી નોટો રૂપિયા ૫૦૦૦૦/ આપેલ તે રકમ સ્વીકારી હતી તે સમયે એ. સી. બી.ના પોલીસ ઈન્સ્પેકટર એ. સી. શર્મા એ. સી. બી. કચેરી ના સ્ટાફ વચેટીયા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. અને સિટી તલાટી મંત્રી જીગ્નેશ જવેરભાઈ બાંભણિયા પોતે રાજ્ય સેવકના હોદ્દા નો દૂર ઉપયોગ કરી લાંચ લેવા બદલ ગુનો દાખલ કરી તલાટી અને વચેટિયાની અટક કરી કાર્યવાહી કરી હતી. ઊના મા એ. સી. બી. ની રેડ થી સરકારી કર્મચારીઓ માં ગભરાટ અને ભય ફેલાઈ ગયો હતો.

# ધ્રાંગધ્રાની કુડા ચોકડી નજીક પતિની નજર સામે પત્ની પર ડમ્પર ફળી વળતા મોત

## નરારી ગામેથી કરિયાણુ લેવા ધ્રાંગધ્રા ગયેલુ દંપતી ખંડિત રોડ ક્રોસ કરવાં જતાં ૪૬ વર્ષીય પ્રૌઢા લીલાબેનને કાળમુખ ડમ્પરે કચડી નાખ્યા

**અબતક, રાજકોટ**

ધ્રાંગધ્રાની કુંડા ચોકડી પાસે એક બાઈકને ડમ્પર ચાલકે હડફેટે લઈ ૪૬ વર્ષીય મહિલાને કચડી નાખતાં ઘટનાસ્થળે જ તેણીનું મોત નિપજ્યું હતું. પતિની નજર સામે પત્નીએ દમ તોડતા અરેરાટી મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ ધ્રાંગધ્રાના નરારી ગામે રહેતા લીલાબેન ભોપાભાઈ પાટડીયા (ઉ.વ.૪૬) તેઓ તેમના પતિ ભોપાભાઈ પાટડીયા અને તેમના માતા સાથે ધ્રાંગધ્રા કરિયાણાની વસ્તુ લેવા માટે વહેલી સવારે બાઈકમાં નીકળ્યા હતા. દરમિયાન તેઓ કુંડા ચોકડી પાસે પહોંચતા તેઓના પતિ ભોપાભાઈએ ચોકડી ક્રોસ કરવા માટે બાઈક ઉભું રાખ્યું હતું. વાહનની અવર જવર હોવાથી તેઓ ચોકડી ક્રોસ ત્યાં રાહ જોઈને ઉભા હતા, દરમિયાન જ અચાનક એક પુરપાટ ઝડપે આવેલ કાળમુખા ડમ્પર ચાલકે સાઈડમાં ઉભેલ દંપતી અને તેમના માતાને હડફેટે લીધા હતા.

જેમાં લીલાબેન પર ડમ્પરના તોતિંગ વ્હીલ ફરી વળતા તેઓ કચડાયા હતા અને પગના ભાગે ગંભીર બીજાઓ પહોંચી હતી. તેઓને તુરંત જ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પરંતુ સારવાર મળે તે પહેલા જ તેણે એનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી ધ્રાંગધ્રા પોલીસને બનાવ અંગે જાણ કરી હતી.

વધુમાં મળેલ વિગત મુજબ મૃતક લીલાબેનના પતિ ભોપાભાઈ મજૂરી કામ કરે છે અને તેઓને સંતાનમાં બે પુત્રી અને પુત્ર છે જેવો મા વિહોણા બનતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# દારૂના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર રાજસ્થાની ડ્રાયવર ઝડપાયો

## ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજાનો કેદી વણપરી ટોલ પ્લાઝા નજીકથી દબોચાયોઃ આટકોટ અને પડધરી પોલિસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

આટકોટ પોલિસેં દારૂના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર રાજસ્થાની બસ ડ્રાયવરને ઝડપી લીધો હતો. જયારે પડધરી પોલિસની ટીમે ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજાના કેદીને વણપરી ટોલ પ્લાઝા નજીકથી દબોચી જેલ હવાલે કર્યો હતો.



રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય અને ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, જસદણ વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક ડો. નવીન ચક્રવર્તી દ્વારા નાસતા ફરતા આરોપીઓને તાત્કાલિક શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને આટકોટ પોલિસ મથકના પીઆઉં આર એસ સાંકળિયાની ટીમે આટકોટ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર આરોપી ભુપેન્દ્રસિંહ જશવંતસિંહ રાજપુત (ઉવ ૪૮ ધંધો બસ ડ્રાઈવિંગ રહે. ભીલવાડા, રાજસ્થાન)ને પકડી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જ્યારે ગોંડલ વિભાગના ડીવાયએસપી કે જી ઝાલાના માર્ગદર્શન હેઠળ પીઆઇ એસ એન પરમારની રાહબરી હેઠળ પડધરી પોલીસની ટીમે નેગોશીએબલ એકટની કલમ હેઠળ કોર્ટે તકસીરવાન ઠેરવી એક વર્ષની કેદની સજાન્ક હુકમ કરેલ હોય તે આરોપી થોભણ લાખાભાઈ ભુંડિયા (ઉવ ૩૦ રહે. ખજુરડી ગામ, પડધરી, રાજકોટ)ને વણપરી ટોલ પ્લાઝા પાસેથી ઝડપી લઈ કોર્ટ ખાતે પ્રોડક્શન કરી વોરંટની બજવણી કરી રાજકોટ જિલ્લા જેલ હવાલે કર્યો હતો.

# જસદણના ખડકાણા ગામની સીમમાંથી સવા લાખના એલ્યુમિનિયમ વાયરની ચોરી

## સૂર્યા પાવર ઈન્ફ્રા દ્વારા ઈલેક્ટ્રિક પોલ ઉભા કરવાનું કામ ચાલતું હોય સાઈટ પર તસ્કરો ત્રાટક્યાં : ૪૯૨ કિલોગ્રામ વાયર ઉઠાવી ગયા, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જસદણના ખડકાણા ગામની સીમમાં સૂર્યા પાવર ઈન્ફ્રા પ્રા.લિ. દ્વારા ઈલેક્ટ્રિક પોલ ઉભા કરવાનું કામ ચાલુ હોય અહીંથી તસ્કર રૂ. ૧.૨૫ લાખની કિંમતનો ૪૯૨ કિલોગ્રામ વજનના એલ્યુમિનિયમ વાયરની ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે વિંછીયા પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મૂળ રાજકોટ તાલુકાના સર ગામના વતની અને હાલ જસદણના કડુકા ખાતે રહેતા ૩૦ વર્ષીય કન્સટ્રકશનના ધંધાર્થી કમલેશભાઈ મોહનભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું છેલ્લા છ મહિનાથી જસદણ -વિંછીયા વિસ્તારમાં સુર્યાન્સ પાવર ઈન્ફ્રા પ્રાઈવેટ લીમીટેડ કંપનીના ઈલેકટ્રીક પોલ ઉભા કરવાનું કામ કરૂ છુ. આશરે છ મહિનાથી જસદણ-વિછીયા વિસ્તારમાં અમારી કંપનીનુ કામ ચાલુ હોય અને છેલ્લા પંદરેક દિવસ પહેલા અમારી કંપનીનુ કામ ખાડકાણા ગામની સીમમા પૃથ્વીભાઈ જયરાજભાઈ રોહડીયા (રહે. ખડકાણા)ની વાડીમાં ૬૬ કે.વી.ઈલેકટ્રીક પોલ પર તાર બાંધવાનુ ચાલુ હતુ. હોળી-ધુળેટીનો તહેવાર આવતો હોય જેથી મજુરો તેમના વતન જતા રહેલ હોય જેથી છેલ્લા પંદર દિવસથી કામ બંધ છે. જેમાં એક પોલ પર ઈલેક્ટ્રીક તાર બાધેલા હતા અને બીજા પોલ પર તાર બાંવાના બાકી હતા.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા. ૦૭/૦૩/૨૦૨૬ ના સાંજના આશરે સાડા પાંચ વાગ્યે હુ ખડકાણા ગામની સીમમા પ્રુથ્વીભાઈ જયરાજભાઈ રોહડીયા (રહે. ખડકાણા)ની વાડી એ ગયેલ ત્યારે અમારૂ કામ જેતે સ્થિતમા હતુ અને એક પોલ પર તાર બાંધેલા હતા. એલ્યુમિનિયમ તારના ત્રણ છેડા સપોર્ટ માટે બીજા પોલની નીચે બાંધેલ હતા. બાદ તા.૦૮/૦૩/૨૦૨૬ ના આશરે પોણા આઠ વાગ્યે મારા શેઠ જયદેવભાઈ નરશીભાઈ ગોહીલ (રહે.સર ગામ) નો ફોન આવેલ કે, પ્રુથ્વીભાઈ જયરાજભાઈ રોહડીયાની વાડીમાં કામ ચાલુ હતુ તે તાર જમીન પર હતા, તે કોઈ ચોરી કરી લઈ ગયેલ છે. જેથી હું તાત્કાલિક ત્યાં દોડી ગયો હતો. ત્યાં જઈ જોતા જમીન પર રહેલ એલ્યુમિનિયમના ત્રણ તાર મળી આવ્યા ન હતા. આજુબાજુમા તપાસ કરતા એલ્યુમિનિયમના ત્રણ તારની આશરે લંબાઈ ૬૦૦ મીટર જેટલી જેનો વજન આશરે ૪૯૨ કીલોગ્રામ જેટલો હોય જેની આશરે કિંમત રૂ. ૧.૨૫ લાખનો વાયર નહિ મળી આવતા ચોરી થઈ ગયાની જાણ થઈ હતી. બનાવ અંગે વિંછીયા પોલિસેં ગુનો નોંધી રૂ. ૧.૨૫ લાખના એલ્યુમિનિયમ વાયર ચોરી જનાર તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

# કચ્છ: આપ જિલ્લા પ્રમુખ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાતા ખળભળાટ

## કાયનાત અંસારી સહિત ત્રણ શખ્સો ઘરમાં ઘુસી સાસુ અને પુત્રવધુને જાતિ પ્રત્યે હડધુમ કર્યા

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

પૂર્વ કચ્છમાં આમ આદમી પાર્ટી સાથે સંકળાયેલા નેતાઓ સામે ગંભીર આક્ષેપો થતાં રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. પૂર્વ કચ્છ જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ કાયનાત અંસારી આથા, દિગુભા તથા એક અજાણી વ્યક્તિ વિરુદ્ધ મહિલાએ એટ્રોસિટી સહિતની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધાવી છે.



મહિલાના પુત્ર ભાગી જવાની ઘટનાનું મનદુઃખ રાખી મહિલાના ઘરે પહોંચી તેના તેમજ તેમના વૃદ્ધ સાસુ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે મહિલાને જાતિ અપમાનીત કરતા શબ્દો કહી ગુનાહિત ધમકીઓ આપી તેમજ વિસ્તારમાં રહેવા અંગે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. આ મામલે મહિલાએ પોલીસમાં એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધાવતા વિસ્તારમાં ભારે ચર્ચા જગાઈ છે. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી જિલ્લા પ્રમુખ કાયનાત અંસારી સહિત બે ને રાઉન્ડ અપ કરી વધુ પૂછપરછ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે અન્ય એક આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

# ગાંધીધામ: બંદુક સાથે ખેતશી ઉર્ફે ખેતો કોળી ઝડપાયો



**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

ભચાઉના ગણેશ ટીમ્બી વિસ્તારમાં પગપાળા જતા શખ્સને પકડી પાડી પોલીસે દેશી બંદૂક જપ્ત કરી હતી. ભચાઉના માનસરોવર અને મૂળ સરપટ નાકા ભુજનો ખેતશી ઉર્ફે ખેતો જવાહર કોળી ગણેશ ટીમ્બી વિસ્તારમાં છે અને તેની પાસે બંદૂક હોવાની પોલીસ હેડ કોન્સટેબલ કમલેશભાઈ અરજણભાઈ ચાવડાને મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસ અહીં પહોંચી હતી. આ શખ્સને પોલીસે પકડી પાડ્યો હતો અને તેની પાસેથી ૫૦ ઈંચની દેશી બંદૂક કિંમત રૂ. ૫૦૦૦ જપ્ત કરવામાં આવી હતી.

આ કામગીરી ભચાઉ પોલીસ ઈન્સ્પેકટર ડી.ડી.ઝાલા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# ધ્રાંગધ્રા સોલડી ટોલનાકા નજીક મહિલાની હત્યા

## પોલીસે ગણતરીના કલાકોમાં મેરૂ વાઘેલાને ઝડપી લીધો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા હળવદ હાઈવે પર સોલડી ટોલનાકા નજીક આવેલા અવારુ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે મહિલાની હત્યાની ગંભીર ઘટના સામે આવી હતી જોકે ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક સક્રિય બની હતી અને ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લેતા કેસમાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે.



મળતી માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં રાત્રિના સમયે દેહવેપાર સંબંધિત ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચર્ચા ચાલી રહી હતી ગઈકાલે મોડી રાત્રે દેહવેપારમાં સંકળાયેલી મહિલા અને અન્ય દલાલ તરીકે ઓળખાતા મેરૂભાઈ વિઠલભાઈ વાઘેલા વચ્ચે કોઈ મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી બોલાચાલી દરમિયાન આરોપીએ મહિલાને છરીના ઘા મારતા તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી ઘટના બાદ સાથી મહિલાઓ દ્વારા ઈજાગ્રસ્ત મહિલાને તરત જ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી,

પરંતુ હાજર તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી મહિલાઓ દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે તાલુકા પોલીસે આરોપીને પકડવા માટે તજવીજ હાથ ધરી હતી પોલીસે ઝડપી તપાસ અને કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં જ આરોપી મેરૂભાઈ વિઠલભાઈ વાઘેલાને ઝડપી લીધો હતો હાલ પોલીસે આરોપીને કાયદેસરની કાર્યવાહી હેઠળ રાખી વધુ તપાસ હાથ ધરી છે અને સમગ્ર ઘટનાના તમામ પાસાઓને ધ્યાનમાં લઈને આગળની કાર્યવાહી ઈન્ચાર્જ એન એચ ચુડાસમા ચલાવી રહ્યા છે.

# ધોરાજી : ફરજમાં બેદરકારી દાખવનાર એસ.ટી.ના ડ્રાઈવર સસપેન્ડ

## ચાલુ ફરજ દરમિયાન વિડીયોકોલ કરતા જૂનાગઢ વિભાગીય નિયામક દ્વારા કાર્યવાહી

**અબતક, રમણીક ટોપીયા ધોરાજી**

ધોરાજી એસ.ટી. ડેપોના સંજયકુમાર એમ. કાલાવડીયા નામના ડ્રાઈવરની બેદરકારી ધ્યાને આવતા તેને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે. જુનાગઢ વિભાગીય નિયામકના આદેશના પગલે આદેશ કરાયેલ છે.

જેમાં જણાવાયું છે કે ફરજમાં કોઈપણ અધિકારી, સુપરવાઈઝર કે કર્મચારીની અનિયમિતતા ચલાવી લેવાશે નહીં. તમામે નિયમોની અંદર રહી નિયમ અનુસાર પોતાની ફરજ બજાવાની રહેશે મુસાફરની સલામતી સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહીં.

ફરજમાં ગંભીર બેદરકારી દાખવનાર ધોરાજી ડેપોના આ ડ્રાઈવર સંજય કુમાર એમ કાલાવડીયા ચાલુ ફરજો મોબાઈલમાં વીડિયો કોલ કરતા સસ્પેન્ડ કરીને ધોરાજીથી માંગરોળ મૂકી દેવામાં આવેલ તેમજ ધોરણ સરની ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તેમ પી.એલ.ડાંગર (ડેપો મેનેજર ધોરાજી)ની યાદીમાં જણાવેલ છે.

# ગાંધીધામ: વોન્ટેડ હરેશ લુહાર ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

પૂર્વ-કચ્છ, ગાંધીધામ તરફથી જીલ્લામાં Mission Fugitive અંતર્ગત નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા આપેલ સુચના આધારે પોલીસ ઈન્સપેકટર જે.એમ.વાળા એલ.સી.બી. પૂર્વ-કચ્છ ગાંધીધામની આગેવાનીમાં એલ.સી.બી. ટીમ નાસતા ફરતા આરોપી શોધવા સતત પ્રયત્નશીલ હતી દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે વાપી ટાઉન પો.સ્ટે.ના ગુના કામે નાસતા ફરતા આરોપી હરેશ ભાવેશભાઈ લુહારને રાપર ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી



આગળની કાર્યવાહી માટે રાપર પો.સ્ટે. ને સોંપવામાં આવેલ છે.

આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેકટર જે.એમ.વાળા,પોલીસ સબ ઈન્સપેકટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામા આવેલ છે.

# લખતર: રૂ.૧.૦૩ લાખનો દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## એલસીબીએ દરોડો પાડી ૬૦ બોટલ શરાબ અને ૯૬ બીયરના ટીન કબ્જે કર્યોઃ બુટલેગર બલવીરસિંહ ઝાલા ફરાર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે ઈંગ્લિશ દારૂ અને જુગાર સહિતની અસામાજીક પ્રવૃતિઓ નાબુદ કરવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત લખતર તાલુકામાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે લખતર દરબારગઢ પાસે આવેલ પડતર જગ્યામાં ઈંગ્લીશ દારૂનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે રેઈડ કરી હતી જેમાં સ્થળ પર થી ઈંગ્લીશ દારૂની બોટલો નંગ ૬૦ તથા બીયર ટીન નંગ ૯૬ મળી કુલ રૂ.૧.૦૩ લાખનો મુદામાલ કબજે કર્યો હતો જ્યારે ઈંગ્લીશ દારૂનું વેચાણ કરનાર શખ્સ બલવીરસિંહ રઘુવીરસિંહ ઝાલા, રહે.લખતર વાળા હાજર મળી નહિ આવતા પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી એલસીબી ટીમે રેઈડ કરતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

# અમરેલી: દિવાલ પરથી પટકાતા શ્રમિકનું મોત

## દિવાલ પર બેઠો હતો ત્યારે ચકકર આવતા નીચે પડતા સારવારમાં દમ તોડયો

**અબતક, હર્ષ ઠાકર અમરેલી**

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ વિસ્તારમાં મજૂરી કામ દરમિયાન બનેલા અકસ્માતમાં મજૂરનું સારવાર દરમિયાન મોત થયાનું જાણવા મળ્યું છે.તા. ૦૩ના રોજ બપોરે અમરેલી શહેરના ચક્કરગઢ રોડ પર આવેલા અમૃતનગર શેરી નં.૩ ખાતે મજૂરી કામ ચાલી રહ્યું હતું. તે દરમિયાન તેમના પત્ની સાવીત્રીબેન રાજુભાઈ ભુરસિંહ કટારે (ઉ.વ.૪૦)ના પતિ રાજુભાઈ ભુરસિંહ કટારે (ઉ.વ.૪૦) મજૂરી કામ કરતાં હતાં. તે સમયે તેઓ દિવાલ ઉપર બેઠા હતાં ત્યારે અચાનક ચક્કર આવતા દિવાલ પરથી નીચે પડી ગયા હતા. આ બનાવમાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બાદમાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.મૃતક રાજુભાઈ ભુરસિંહ કટારે મૂળ એમ.પી. રાજ્યના રહેવાસી હતા અને હાલ અમરેલીના સાવરકુંડલા રોડ પર ગોપાલનગર વિસ્તારમાં અશ્વિનભાઈ સોજીત્રાની વાડી ખાતે રહેતા હતા.

# જામનગર: સ્વામી વિવેકાનંદ ક્રેડીટ સોસાયટીના ડીફોલ્ટરને ૬ માસની જેલ

**અબતક,સાગર સંઘાણી જામનગર**

જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ મિતેશ દયાશંકર દવેએ સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયે સોસાયટી દ્વારા નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી.

આ કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો અને આરોપીને ૬ માસની જેલની સજા તેમજ વાદગ્રસ્ત ચેકની રકમ રૂ ૪૨,૩૦૦ નો દંડ કરવામાં આવેલ હતો.

આ હુકમ થી નારાજ થાય આરોપી દ્વારા સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલી અને અપીલ ચાલી જતા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ,ટ્રાયલ કોર્ટનું રેકર્ડ અને કેસની હકીકતોને ધ્યાને લઈ સેશન્સ કોર્ટ દ્વારા ટ્રાયલ કોર્ટનો ચુકાદો યથાવત રાખી એપોલેન્ટની અપીલ નામંજૂર યાને રદ કરવામાં આવી છે અને આરોપીને સરેન્ડર થવાનો હુકમ કરવામાં આવેલ છે.

'નાયક' મુવી જેવો નજારો

# મહિલા દિને ગ્રીન વેલી સ્કુલની પલ મેંદપરા ૧ કલાક માટે બની મ્યુનિસિપલ કમિશનર

## 'અ ડે વીથ કમિશ્નર' અંતર્ગત ૯૦૦ વિદ્યાર્થીનીઓએ જાણ્યો પાલિકાનો વહિવટ

**અબતક, ઋષિ મહેતા**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે મોરબી મહાનગરપાલિકા દ્વારા અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહિલા દિવસ નિમિત્તે ૧ થી ૮ માર્ચ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત શહેરની વિવિધ શાળાઓની અંદાજે ૯૦૦ જેટલી વિદ્યાર્થિનીઓને મહાનગરપાલિકા કચેરીની મુલાકાત કરાવી કોર્પોરેશનની કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ પસંદ કરાયેલી ૮ વિદ્યાર્થીનીઓને 'અ ડે વીથ કમિશનર' કાર્યક્રમ અંતર્ગત આખો દિવસ કમિશનર સાથે રાખી મહાનગરપાલિકાની વહીવટી પ્રક્રિયાનો અનુભવ કરાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓએ સ્વચ્છતા અભિયાન, બજેટ સંબંધિત બેઠક તેમજ વિવિધ વિભાગોની કામગીરી અને પ્રોજેક્ટ પ્લાનિંગ જેવી



પ્રક્રિયાઓ નજીકથી જોઈ હતી. આ કાર્યક્રમ અંતર્ગત ગ્રીન વેલી સ્કૂલની વિદ્યાર્થિની પલ મેંદપરાને એક કલાક માટે પ્રતીકાત્મક રીતે મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવી હતી.

પલ મેંદપરાએ પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યું હતું કે કમિશનર તરીકે કામ કરતા વિવિધ વિભાગોની કામગીરી, સ્વચ્છતા અને બજેટ જેવા મુદ્દાઓ વિશે ઘણું જાણવા અને શીખવા મળ્યું હતું.

# મિલકતવેરા વસુલાત માટે મનપાની 'મેગા ડ્રાઈવ' ૧૨૭૫ બાકીદારોને નોટીસ

## ૪૨ બાકીદારોની મિલકતો સીલ, ૩૧મી સુધી દર શનિવારે વેરો સ્વીકારાશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા મિલકતધારકો પાસેથી વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી રહેલા વિવિધ પ્રકારના ટેક્સની વસૂલાત માટે મહાનગરપાલિકાની મિલકતવેરા શાખા દ્વારા ખાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત મિલકતવેરો ન ભરનાર બાકીદારો સામે વોરંટ બજવણી અને સીલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૭૫ બાકીદારોને નોટિસ પાઠવવામાં આવી છે. સીલિંગ કામગીરી દરમિયાન શહેર વિસ્તારમાંથી અંદાજે રૂ.૨૭.૩૭ કરોડ તેમજ જુદા જુદા કલસ્ટર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી રૂ.૨.૫૭ કરોડ સહિતની આવક મહાનગરપાલિકાને મળી છે. આ દરમિયાન ૪૨ બાકીદારો દ્વારા વેરો ભરતા તેમની મિલકતોનું સીલ ખોલવામાં આવ્યું છે, જ્યારે હાલમાં ૬૪ મિલકતો સીલ કરાયેલ છે. ઉપરાંત બે રહેણાંક



મિલકતોનો બાકી વેરો ભરવામાં ન આવતા નળ કનેકશન પણ કાપવામાં આવ્યા છે. આવનારા સમયમાં રૂ.૧૦ હજારથી વધુ બાકી વેરો ધરાવતી રહેણાંક મિલકતોને વોરંટ આપી વેરો નહીં ભરાય તો નળ તથા ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી દર શનિવારે મુખ્ય કચેરી તેમજ શહેરની ૧૧ કલસ્ટર ઓફિસોમાં મિલકતવેરો સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી છે. નાગરિકો સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી મહાનગરપાલિકા કચેરી તથા કલસ્ટર ઓફિસોમાં વેરો ભરાવી શકશે. સાથે સાથે નાગરિકોને સુવિધા મળે તે માટે મહાનગરપાલિકાની વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન દ્વારા પણ પ્રોપર્ટી ટેક્સ અને વ્યવસાયવેરો ઓનલાઈન ભરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. મહાનગરપાલિકાએ તમામ મિલકતધારકોને સમયસર વેરો ભરવા જાહેર અપીલ પણ કરી છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે

# વાવડી કન્યાશાળાના આરોગ્ય કેમ્પનો દર્દીઓએ બહોળી સંખ્યામાં લીધો લાભ

## ડો.હસ્તલેખા મહેતા દ્વારા કરાયું આયોજન, વિદ્યાર્થીઓને શૈક્ષણિક ભેટ અપાઇ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં આંતરરાષ્ટ્રીય નારીદિવસ નિમિત્તે ડો.હસ્તલેખા મહેતા (હસ્તીબેન) દ્વારા ૨૨૧મા આરોગ્ય કેમ્પનું આયોજન એક સન્નારી દ્વારા વાવડી ગામે કન્યા શાળામાં કરવામાં આવ્યું હતું. યોજાયેલા આ કેમ્પમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ તેમના પરિવારજનો માટે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેમ્પ દરમિયાન હાજર લોકોનું વજન માપવું, બ્લડ સુગર અને બ્લડ પ્રેશરની તપાસ કરવામાં આવી હતી તેમજ જરૂર મુજબ ત્રણ દિવસની દવાઓ પણ આપવામાં



આવી હતી.

આ કેમ્પ અંતર્ગત માતુશ્રી જયેન્દ્રબાળાબેન ઈન્દુલાલ મહેતા તથા ફૈબા વિદ્યાબેન મહેતાના સહયોગથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ભેટો પણ આપવામાં આવી હતી. જેમાં ધોરણ ૧ થી ૫માં પ્રથમ આવનારા વિદ્યાર્થીઓને ડ્રોઈંગ બુક અને કલર બોક્સ તેમજ ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ ભેટ આપવામાં આવી હતી.

# જીલ્લા પંચાયતની સાંજે ખાસ સામાન્ય સભા યોજાશે

## બપોરે ૪ વાગ્યે સભાખંડમાં બેઠકઃ વિવિધ ઠરાવો અને કામોને મંજુરી મુદ્દે ચર્ચા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા આજ રોજ મંગળવાર તા. ૧૦ માર્ચે બપોરે ૪ વાગ્યે જીલ્લા પંચાયતના સભાખંડમાં યોજાશે. બેઠકમાં અગાઉની બેઠકોની કાર્યવાહી નોંધને બહાલી આપવા સહિત સ્વભંડોળ અને રેતી રોયલ્ટીથી સંકળાયેલા વિવિધ વિકાસ કાર્યોને સૈદ્ધાંતિક તથા વહીવટી મંજુરી આપવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. મોરબી જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેનની અધ્યક્ષતામાં જીલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક આજ રોજ તા.૧૦/૦૩ના રોજ મંગળવારે બપોરે ૪ વાગ્યે જીલ્લા પંચાયતના સભાખંડમાં યોજાનાર છે. જીલ્લા વિકાસ અધિકારી અને સચિવ એન.એસ. ગઢવી દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ બેઠકમાં વિવિધ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. બેઠકમાં સામાન્ય સભાની ગત બેઠકની કાર્યવાહી નોંધ તેમજ ગત બેઠકના ઠરાવોની અમલવારીને બહાલી આપવા અંગે વિચારણા કરવામાં આવશે. ઉપરાંત જીલ્લા પંચાયતની જુદી-જુદી સમિતિઓની બેઠકની કાર્યવાહી નોંધને મંજૂરી આપવાના મુદ્દાઓ ઉપર પણ ચર્ચા કરવામાં આવશે.

# ૧૧૫ વાડી વિસ્તારોમાં ડ્રેનેજ અને પાણીની લાઈન નાખવાની કામગીરી પ્રગતિ હેઠળ

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના વાડી વિસ્તારોમાં નાગરિકોની સુવિધા વધારવા માટે અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક અને 'નલ સે જલ' યોજના અંતર્ગત મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ યોજના હેઠળ શહેરના ૧૧૫ જેટલા વાડી વિસ્તારોને ડ્રેનેજ અને પીવાના પાણીની સુવિધા સાથે જોડવાનો પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે ભૂગર્ભ ગટર લાઈન માટે આશરે રૂ.૧૭.૬૭ કરોડ અને પાણીની લાઈન માટે રૂ.૯.૫૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેના કારણે મોરબી શહેરની અંદાજે ૨૬,૬૦૪ વસ્તીને ગટર અને પાણીની સુવિધાનો સીધો લાભ મળશે.



યોજનામાં મસાલ વાડી, ચાવડા વાડી, ભુચર વાડી, જયપુરીયા વાડી, વેગણી વાડી સહિતના કુલ ૧૧૫ વાડી વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત આશરે ૫૧ કિલોમીટર જેટલી ડી.આઈ. પાણીની પાઈપલાઈન નાખવામાં આવી છે. 'નલ સે જલ' પ્રોજેક્ટ અંતર્ગત હવે વાડી વિસ્તારોમાં રહેતા લોકોને ઘરે બેઠા શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થવાથી તેમની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે નારી શક્તિનું વંદન કાર્યક્રમ યોજાયો

## જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી અને કલેકટર કે.બી. ઝવેરીની ઉપસ્થિતિમાં મહિલાઓનું સન્માન અને વિવિધ યોજનાઓના ચેકનું વિતરણ

**અબ તક ઋષિ મહેતા**

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે સનાળાના પટેલ સમાજની વાડી ખાતે જિલ્લા કક્ષાનું મહિલા સંમેલન ઉત્સાહભેર યોજાયું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને અને કલેકટર કે.બી. ઝવેરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રે વિશેષ સિદ્ધિ મેળવનાર મહિલાઓનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.



અધ્યક્ષસ્થાનેથી હંસાબેન પારેધીએ જણાવ્યું હતું કે, સામાજિક અને આર્થિક ક્ષેત્રે મહિલાઓનું યોગદાન અત્યંત મહત્વનું છે. સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૫૦% અનામત આપી નારી શકિતને સત્તામાં ભાગીદારી આપી છે. કલેકટર કે.બી. ઝવેરીએ સ્ત્રી-પુરુષ સમાનતા અને દીકરીઓના ઉચ્ચ શિક્ષણ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સામાજિક સમતુલા માટે દીકરી જન્મને પ્રોત્સાહન આપવું અનિવાર્ય છે.

આ પ્રસંગે 'વહાલી દીકરી યોજના', 'ગંગા સ્વરૂપા આર્થિક સહાય' અને 'મહિલા સ્વાવલંબન યોજના' જેવી કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સહાયના ચેક અને મંજૂરી હુકમો અર્પણ કરવામાં આવ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવીએ રાજ્ય સરકારના મહિલા ઉત્થાનના પ્રયાસોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગોના સ્ટોલ્સ દ્વારા મહિલાઓને સરકારી યોજનાઓનું માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું.

# વાંકાનેરઃ ઓનલાઈન શિક્ષણના બહાને છેતરપિંડી

## યુપીઆઇ મારફતે રકમ ૧૧૦૦૦ ચુકવ્યા બાદ કલાસ શરૂ થયા ન હતા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના રવાપર વિસ્તારમાં રહેતા વ્યકિત સાથે ઓનલાઈન શિક્ષણના નામે રૂ.૧૧,૦૦૦/-ની છેતરપિંડી થયાનો બનાવ સામે આવ્યો છે.

મોરબીના ઘુનડા રોડ રવાપર ખાતે રહેતા પરિવારની દીકરી ધોરણ-૮માં અભ્યાસ કરતી હોવાથી અભ્યાસનું સ્તર સુધારવા માટે તેમણે પોતાના મોબાઈલમાં Pigeon Education Technology કંપનીની Oda Class નામની મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. શરૂઆતમાં તેમણે યુપીઆઈ મારફતે બે વખત રૂ.૪૯/- ચૂકવી કોર્સ અંગે માહિતી મેળવી હતી. ત્યારબાદ તા. ૬ એપ્રિલ ૨૯૨૪ના રોજ માસ્ટર કોર્સમાં એડમિશન માટે રૂ.૧,૦૦૦/- પણ ઓનલાઈન ચૂકવ્યા હતા. આ પછી આરોપીઓ દ્વારા ૮ એપ્રિલથી શરૂ થનારી બેચ માટે લિંક મોકલી ફરીથી પેમેન્ટ કરવા જણાવ્યું હતું. અગાઉના પેમેન્ટની વિગતો એપમાં દેખાતી હોવાથી વિશ્વાસમાં આવી ફરિયાદીએ તા. ૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ યુપીઆઈ મારફતે રૂ.૧૧,૦૦૦/- ઓનલાઈન ચૂકવ્યા હતા.

જેથી ફરિયાદીને પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી થયા અંગે જણાયું હતું. હાલ વાંકાનેર સીટી પોલીસે ભોગ બનનારની ફરિયાદને આધારે તમામ આરોપીઓ વિરુદ્ધ આઈપીસી અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અજાણ્યા વાહનની પાછળ કાર અથડાતા ચાલકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના લક્ષ્મીનગર નજીક રવિરાજ ચોકડી પુલ ઉપર ક્રેટા કાર આગળ જતા અજાણ્યા વાહનના પાછળના ભાગે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારચાલક યુવાનને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેનું સ્થળ ઉપર મોત થયું હતું.

મળતી વિગતો મુજબ, મોટી વાવડી (સુપેડી) તા.ધોરાજી જી.રાજકોટ રહેતા નંદલાલભાઈ વલ્લભભાઈ ભાલોડિયાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમની ફરિયાદ મુજબ તેમના દીકરા પ્રિતકુમાર નંદલાલભાઈ ભાલોડિયા ઉ.વ.૨૭ મોરબી-૨ હાઉસિંગ નજીક શ્રીમદ સોસાયટીમાં ભાડાના રૂમમાં રહેતા હતા અને સિરામિક કારખાનામાં નોકરી કરતા હતા. પ્રિતકુમાર ગત તા. ૨ માર્ચની રાત્રે પોતાની ક્રેટા કાર રજી.નં. જીજે-૩૬-એએલ-૧૭૧૦ લઈને માળિયા-મોરબી હાઈવે તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન લક્ષ્મીનગર પાસે રવિરાજ ચોકડીના પુલ ઉપર આગળ જતા અજાણ્યા વાહનના પાછળના ભાગે તેમની કાર અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં પ્રિતકુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેઓનું સ્થળ પર જ મોત થયું હતું.

બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટના અંગે મૃતકના પિતાની ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે મૃતક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમજ મોટર વાહન અધિનિયમની કલમ હેઠવલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રસોઈયા નહી 'ભોજન માતા' તરીકે ઓળખ આપો: પી.એમ. પોષણ યોજનાના કર્મચારી સંઘની માંગ

## રસોઈયા બહેનો માટે પેન્શન, રજા અને સુરક્ષાની માંગ સાથે શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાને આવેદન



**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લામાં પીએમ પોષણ શકિત નિર્માણ મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી સંઘ ભારતીય મજદૂર સંઘ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજયના શિક્ષણમંત્રી રિવાબા જાડેજાને આવેદનપત્ર પાઠવી યોજનામાં કામ કરતી મહિલા કર્મચારીઓની પીડા અને પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. સંઘના જણાવ્યા મુજબ રાજ્યમાં અંદાજે ૯૬ હજાર કર્મચારીઓમાંથી લગભગ ૬૮ હજાર મહિલાઓ આ યોજનામાં માનદ સેવક તરીકે કાર્યરત છે. જેમાં વિધવા અને ત્યકતા મહિલાઓની સંખ્યા પણ નોંધપાત્ર છે.

આ મહિલાઓ માટે નિવૃત્તિ બાદ પેન્શન અથવા લમસમ સહાયની કોઈ જોગવાઈ ન હોવાને કારણે આવેદનપત્રમાં પેન્શન યોજના અથવા નિવૃત્તિ સહાયની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત મહિલાઓને પ્રસૂતિ રજા અને ખાસ પરિસ્થિતિમાં ત્રણ દિવસની સવેતન રજા, રસોઈયા નામના બદલે ભોજન માતા તરીકે સન્માનજનક ઓળખ, દર વર્ષે બે જોડી સાડીનો ડ્રેસ કોડની માંગ પણ રજૂ કરવામાં આવી છે. સંઘ દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી છે કે મહિલા મંત્રી તરીકે રિવાબા જાડેજા આ મહિલાઓની સમસ્યાઓ સમજી સરકાર સમક્ષ તેમની વકીલાત કરી યોગ્ય ન્યાય અપાવવા માટે પગલાં લેશે.

# જીલ્લામાં માર્ચ-૨૦૨૬ માસનો 'જીલ્લા સ્વાગત' કાર્યક્રમ તા.૨૫ માર્ચે યોજાશે

**અબતક, ઋષિ મહેતા**

મોરબીઃ રાજ્યના નાગરિકોના પડતર પ્રશ્નોના સ્થાનિક સ્તરે અને ટેકનોલોજીના માધ્યમથી ત્વરિત નિકાલ માટે મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ કાર્યરત 'સ્વાગત' (State Wide Attention on Grievances by Application of Technology) કાર્યક્રમ અંતર્ગત આગામી માર્ચ-૨૦૨૬ માસનો 'જીલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' મોરબી ખાતે યોજાનાર છે. જીલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને આ સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે યોજાશે, જેમાં અરજદારો પોતાના પ્રશ્નોની સીધી રજૂઆત કરી શકશે.આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા અરજદારોએ માર્ચ માસના કાર્યક્રમ માટે પોતાની અરજીઓ જે-તે વિભાગની જીલ્લા કક્ષાની કચેરીએ મોકલી આપવાની રહેશે.

# સિરામીક ઉદ્યોગને બેઠો કરવા મુખ્યમંત્રી અને ઉર્જામંત્રી સાથે એસો.ની ચર્ચા

## ઈરાન - ઈઝરાયલ યુધ્ધથી સર્જાયેલ ગેસની સમસ્યા મુદ્દે ધારાસભ્ય દુર્લભજી દેથરીયા અને એસો. હોદેદારોની મુખ્યમંત્રી સાથે બેઠક

**અબતક, ઋષિ મહેતા**

ગાંધીનગર સ્થિત વિધાનસભા ભવન ખાતે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા અને મોરબી સિરામિક એસોસિએશનના હોદ્દેદારોએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે મુલાકાત કરી સિરામિક ઉદ્યોગને લગતા મહત્વના મુદ્દાઓ રજૂ કર્યા હતા. મુલાકાત દરમિયાન હાલ ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઈમ્પોર્ટેડ ગેસની ઉપલબ્ધતા તેમજ એક્સપોર્ટમાં સર્જાયેલી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ



પરિસ્થિતિમાં મોરબીના સિરામિક ઉદ્યોગને કેવી રીતે રાહત મળી શકે તે મુદ્દે મુખ્યમંત્રીએ અધિકારીઓ સાથે ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે યુદ્ધને કારણે ઉભી થયેલી વિકટ પરિસ્થિતિમાં રાજ્ય સરકાર સિરામિક ઉદ્યોગ સાથે ઉભા રહેશે અને શક્ય તમામ મદદ કરવા માટે તૈયાર છે. આ ઉપરાંત ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્ય સરકારના અગ્ર સચિવ એમ.કે. દાસ તેમજ ગુજરાત ગેસના એમડી અવંતિકા સિંહ સાથે પણ ઉદ્યોગના પ્રશ્નો અને ગેસ પુરવઠા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સિરામિક ઉદ્યોગના વિકાસ અને ઉન્નતિ માટે રાજ્ય સરકાર દ્વારા સહકાર મળશે તેવી ખાતરી મળતા મોરબી સિરામિક એસોસિએશનના હોદ્દેદારોએ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગોંડલમાં રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘના પુસ્તક મેળાને અભૂતપૂર્વ પ્રતિસાદ

## ૯ વર્ષની વયે ૭૬૦ થી વધુ પુસ્તકોનું વાંચન કરનાર બાળ વિદ્વાને કરાયેલુ ઉદઘાટન શુકતવંતુ બન્યું



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

આધુનિક યુગમાં ઈન્ટરનેટ અને મોબાઈલના વધતા પ્રભાવ વચ્ચે વાંચનની અમૂલ્ય પરંપરા જીવંત રહે તેવા સંકલ્પ સાથે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ગોંડલમા તા. ૮ માર્ચ રવિવારના પ્રેરણાદાયી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાનના આ પાવન મહોત્સવને ગોંડલના શિક્ષકમિત્રો, વિદ્યાર્થીઓ તથા પુસ્તકપ્રેમી નાગરિકોમાંથી ઉત્સાહભર્યો પ્રતિસાદ પ્રાપ્ત થયો હતો. જ્ઞાનયજ્ઞરૂપ પુસ્તક મેળાનું ઉદઘાટન બ્રહ્માકુમારી ભાવના દીદી તથા અદભુત વાંચનપ્રેમી અને બાળપ્રતિભા નિર્જર સાપરિયા ડો. સાપરિયાના પુત્ર, જેમણે માત્ર ૯ વર્ષની વયે ૭૬૦ કરતાં વધુ પુસ્તકોનું વાંચન કર્યું છે. તેમનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

ડો. સુધાંશુ મોરડિયા , ડો. લંગાલિયા , ડો. આશીષ સાપરિયા, યોગેન્દ્રસિંહ ઝાલા પ્રધાનાચાર્ય, શિશુમંદિર, અનિલભાઈ ગજેરા ટ્રસ્ટી, આર.એસ.એસ. કાર્યકર્તા, જૈમિન આરદેશના , ડો. કલોતરા ડો. રાજન રૈયાણી, હિતેશ દવે , હરિતસિંહ જાડેજા , નાયબ મામલતદાર વાય.ડી. ગોહિલ તથા સંજયભાઈ ઠાકર સહિતના અગ્રણીઓ ઉપસ્થિતિથ રહ્યા હતા.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ રાજકોટ જિલ્લા અધ્યક્ષ સંજયભાઈ હુંબલ, જિલ્લા અધ્યક્ષ જિતેન્દ્ર મહેતા, મહામંત્રી સાગરભાઈ પોપટ, ઉપાધ્યક્ષ હિરેનભાઈ વ્યાસ પ્રવિણભાઈ પારખીયા હાજર રહ્યા હતા.

પુસ્તક મેળામાં ૪૬૦૦ કરતાં વધુ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં રૂ. ૧,૧૧,૧૦૦થી વધુ મૂલ્યના વિવિધ વિષયોના ગ્રંથો ઉપલબ્ધ રાખવામાં આવ્યા હતા.

સમગ્ર આયોજન અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગોંડલના અધ્યક્ષ આશિષસિંહ વાઘેલા, ी રવિન્દ્રભાઈ સરવૈયા, ગૌતમભાઈ હદવાણી સભ્યો ધર્મેન્દ્રભાઈ કોઠારી, અલ્પેશભાઈ કાલરીયા, વડુકિયા જયદીપભાઈ, બગડા દિપાલીબેન, હંસાબેન કાલરીયા, કાછડ ઉપલેશભાઈ, કંબોડિયા સુરેશભાઈ, કોઠારી હેમેનભાઈ, ઝાલાવડીયા દ્રૌપદીબેન, દાણીધારીયા પ્રીતિબેન, કાલરીયા મનીષભાઈ, ભાલોડીયા રાજનભાઈ મહેનત, સંકલ્પશકિત અને સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લાગણીથી નિર્મિત

# પાલ દઢવાવ શહીદ સ્મારકે ભાજપ પરિવારે આદિવાસી શહીદોને આપી શ્રધ્ધાંજલી



**અબતક,સંજય દિક્ષિત, ઈડર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જલીયાવાલા બાગ કરતા વધુ ૧૨૦૦ જેટલા આદિવાસી ભાઈઓએ એમના જીવની આહુતી આપી અને ઉજાગર કરી એમના માનમાં વિરાંજલી વન અને પાલ ખાતે શહીદ સ્મારક બનાવ્યું જે શહીદ સ્મારક પર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા તેમના માનમાં દીપ પ્રજવલીત કરી અને મીણબતી સળગાવી પુષ્પાંજલીથી ૧૦૪મી શ્રદધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી વિજયનગર મંડળના પ્રમુખ ડો. પરેશ પટેલ, મંત્રી સા.કાં. મયુરભાઈ શાહ, આર.ડી. પટેલ, કિરીટભાઈ સડાત (મહામંત્રી) રાજેન્દ્રભાઈ બારા, ચંદુભાઈ પટેલ, પોપટભાઈ નીનામા, તથા સૌ. પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યું.

# અખીલ ભારતીય સુવર્ણકાર સંઘના અધ્યક્ષ પદે અરવિંદ રાણીગા, ઉપાધ્યક્ષ પદે વૈભવ ચોકસીની વરણી

## સોમનાથ મહાદેવના સાનીધ્યમા અખિલ ભારતીય સુવર્ણકાર સંઘની મળી બેઠક



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

અખીલ ભારતીય સુવર્ણકાર સંઘની મીટીંગ સોમનાથ મહાદેવ સાનિધ્યમાં રાષ્ટ્રીય અધ્યક્ષ કાશ્મીરસિંહ રાજપુતની અધ્યક્ષતામાં સોમનાથ સાગર દર્શન ઓડીટેરીયમ ખાતે યોજવામાં આવી. જેમાં સંગઠનને કાર્યરત તેમજ મજબૂત કરવા અને સુવર્ણકારોની એકતા અને વિકાસ માટે તેમજ પ્રોત્સાહન આપવા તથા વેપાર ધંધામાં પડતી મુશ્કેલીઓ માટે માર્ગદર્શન આપવામા આવ્યું.

આ સંમેલનને નટુભાઈ ચોકસી, રમણીકભાઈ પારેખ, વૈભવ ચોકસી, અરવિંદ રાણીંગા તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ કાશ્મીરસિંહે સંબોધન કર્યું જેમાં નટુભાઈ ચોકસીએ સુવર્ણકારોના પાયાના પ્રશ્નો તકલીફ જીએસટી, વર્લ્ડ માર્કેટ, એકસાઈઝ, ચોરીના માલની રીકવરી સંબંધી કાયદાકીય નિયમોનું માર્ગદર્શન આપ્યું અને સંગઠન મજબૂત રાખી હિંમત કેળવવા અનુરોધ કર્યો હતો.

વૈભવ ચોકસીએ સંબોધનમાં જણાવ્યું કે આપણે જન્મજાત મહાજન તરીકે છીએ આપણે સૌ જાગૃત થઈ સુવર્ણ નિગમ માટે ખૂબજ પ્રયત્નશીલ રહેવું જોઈએ જે માટે મજબૂત નિર્ણય અને મકકમ નિર્ધાર હોવો જોઈએ તો મોટાભાગના પ્રશ્નો ઉકેલાય.

સુવર્ણકાર સંઘના ઉપાધ્યક્ષ આર.આર. પારેખે સંબોધનમાં જણાવ્યું કે જેમ મહારાષ્ટ્રમાં જેમ ચોરીનો મુદામાલ રકમ લેવા તેવો કાયદો લાવી સોનીઓને સુરક્ષા આપવી જોઈએ. અને જૂના સિકકાઓની લે વેચ કરવી જોઈએ.કાર્યક્રમ અંતે ગુજરાત પ્રાંતના નવા અધ્યક્ષ ઉપાધ્યક્ષની વરણી કરવામાં આવી જેમાં અધ્યક્ષ તરીકે અરવિંદ રાણીંગા તથા ઉપાધ્યક્ષ તરીકે વૈભવ ચોકસીની વરણી કરવામાં આવી હતી.

# ગોંડલ: દેવશીબાપા સ્થાનક ખાતે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## મંદિરના જીર્ણોદ્ધાર, અદ્યતન પ્રસાદી રૂમ અને અતિથી ગૃહનું લોકાર્પણ

**અબતક, રાજકોટ**

દેવશીબાપા પરિવાર તથા કોઠારી કુટુંબના ભક્તોના સહયોગથી ગોંડલ ખાતે આવેલ સુરાપુરા દેવશીબાપાના સ્થાનક ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય અને ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.



આ પ્રસંગે સુરાપુરા દેવશીબાપાના સ્થાનકનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. સાથે સાથે ચામુંડા માતાજી અને દેવશીબાપાના મંદિરને અદ્યતન સ્વરૂપ આપવામાં આવ્યું છે. ઉપરાંત ભક્તો માટે પ્રસાદી રૂમ તથા અતિથિ ગૃહમાં પણ આધુનિક અને સુવિધાસભર રૂમોની વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર, પ્રસાદી રૂમ તથા અતિથિ ગૃહને સંપૂર્ણપણે ફુલ્લી એ.સી. સુવિધા સાથે સજ્જ બનાવવામાં આવ્યા છે.

ટ્રસ્ટ રજીસ્ટર થયા બાદ છેલ્લા ત્રણ વર્ષથી ચેરમેન ભાસ્કરભાઈ કોઠારી તથા તેમની ટીમના અથાગ પ્રયત્નોથી પાટણવાવ અતિથિ ગૃહ, ડુંગર ઉપર આવેલ મંદિર તેમજ ગોંડલ સુરાપુરા દેવશીબાપાના સ્થાનકનો વિકાસ એક આદર્શ સેવા કાર્ય તરીકે ઉભર્યો છે.

મુંબઈ, કલકત્તા, નાગપુર, અમદાવાદ, મોરબી, રાજકોટ, ગોંડલ સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે ચેરમેન ભાસ્કરભાઈ કોઠારી તથા સમગ્ર ટ્રસ્ટી મંડળે તમામ દાતાશ્રીઓ અને સહયોગીઓને હૃદયપૂર્વક અભિનંદન તથા આભાર વ્યક્ત કર્યો હતો.

ટ્રસ્ટી મંડળમાં ભાસ્કરભાઈ કોઠારી, અશોકભાઈ કોઠારી, શશીભાઈ કોઠારી, રોહિતભાઈ કોઠારી, ભદ્રેશભાઈ કોઠારી અને યોગેશભાઈ કોઠારી સહિતના ટ્રસ્ટીઓએ મહત્વપૂર્ણ સેવા આપી છે. સમગ્ર કાર્યક્રમ વિના વિઘ્ને પૂર્ણ થતા કોઠારી કુટુંબ દેવશીબાપા પરિવારના તમામ ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિના સભ્યો વતી અશોકભાઈ કોઠારીએ તમામ ભક્તો, સ્નેહીજનો, મિત્રો, પાડોશીઓ તથા સેવાભાવી કાર્યકર્તાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# જુનાગઢ: સત્યમ સેવા યુવક મંડળના સમુહલગ્નમાં નવદંપતિઓને સ્ત્રી ભ્રુણ હત્યા ન કરવા શપથ લેવડાવાયા

## ૪૦માં સર્વજ્ઞાતિય સમુહલગ્નમાં સંતો-મહંતો, સામાજીક આગેવાનોએ દિકરીઓને આપ્યા આશિર્વાદ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સમાજમાં સામાજિક એકતાનું પ્રતિક અને માનવતાની સુગંધ ફેલાવતી સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૪૦ માં સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું રંગે ચંગે આયોજન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે સ્ત્રીભૃણ હત્યાના શપથ લેવડાવી નવદંપત્તિઓને જાગૃત કરવામાં આવ્યા હતા, વ્યસન મુક્તિ માટેનું પ્રદર્શન અને રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજાના નેતૃત્વ હેઠળ સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૪૦મો સર્વ જ્ઞાતિય સમૂહ લગ્ન રંગે ચંગે અને ધામધુમથી ઉજવાયો. આ સમૂહ લગ્નમાં એક દિવ્યાંગ દંપતી પણ જોડાયું હતું, તો ચાર જરૂરિયાતમંદ દીકરીઓએ પણ આ સમૂહ લગ્નમાં પ્રભુતામાં પગલા માંડ્યા હતા.

નવદંપતિઓને સ્ત્રીભૃણ હત્યાના શપથ લેવડાવી જાગૃત કરવામાં આવ્યા હતા, તથા વ્યસન મુક્તિ માટેનું પ્રદર્શન અને રક્તદાન કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો.

આ સર્વજ્ઞાતિય સમૂહ લગ્નમાં નવદંપતીને આશીર્વાદ આપવા માટે ધોરાજી હવેલીના મહારાજ ગોસ્વામી અભિષેક કુમાર મહોદય મેંદરડાના ખાખી મઢીના સુખરામ બાપુ, ભવનાથ શંભુપંચ અગ્નિ અખાડાના પૂજ્ય જયદેવ મહારાજ તથા જૂનાગઢના રાજકીય, સામાજિક અગ્રણીઓ દ્વારા આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

આ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, કમલેશભાઈ પંડ્યા, અલ્પેશભાઈ પરમાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# જૂનાગઢમાં ૧૮૧ અભયમ'માં ૪ મહિલા કાઉન્સિલર અને ૫ મહિલા પોલીસની રાત - દિવસ સેવા આશિર્વાદરૂપ

## જિલ્લાની હજારો મહિલાઓ માટે ૧૮૧ હેલ્પલાઈન નંબર બન્યું મજબૂત સુરક્ષા કવચ

## જિલ્લામાં કુલ ૪૮૪૪૩ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ, માર્ગદર્શન અને બચાવની મદદ મળી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત અને ખાસ કરીને જુનાગઢ મહાનગર અને જિલ્લો એટલે શાંતિ, સલામતી અને સમૃદ્ધિનું પર્યાય.... અહીં વસતી પ્રત્યેક મહિલા પોતે સુરક્ષિત અનુભવે અને મુશ્કેલીના સમયે તેને કોઈ મજબૂત સાથ મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે. અને આ વર્ષે ૮મી માર્ચ, 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ના રોજ ગુજરાતની મહિલાઓની સુરક્ષાની કરોડરજ્જુ સમાન '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન' પોતાની સફળ સેવાના ૧૨ વર્ષ પૂર્ણ કરેલ છે. ત્યારે જુનાગઢ ૧૮૧ ની ટીમના બે મહિલા કાઉન્સિલર અને ૩ મહિલા કોન્સ્ટેબલ એ અનેક માહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે.

જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ૧૨ વર્ષનાં સમયગાળાની સફળ કામગીરી દરમ્યાન જૂનાગઢની ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઈન દ્વારા જિલ્લામાં કુલ ૪૮૪૪૩ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ- સુચન, માર્ગદર્શન અને બચાવની મદદ પુરી પાડેલ છે. અને ૧૮૧'અભયમ' એ તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલરસહિતની ટિમ જઈને ૧૧૫૩૦ જેટલી મહિલાઓને મદદ પુરી પાડેલ છે.

જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ માં ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઈન દ્વારા જૂનાગઢ જિલ્લામાં કુલ ૯૨૪ જેટલા કિસ્સાઓમાં જેમાંથી કુશળ કાઉન્સિલિંગ દ્વારા ૬૪૦ જેટલા કિસ્સાઓમાં સ્થળ પર જ સમાધાનકારી નિરાકરણ લાવવામાં સફળતા મળેલ તેમજ ૨૪૭ જેટલા કિસ્સાઓમાં ગંભીર પ્રકારની સમસ્યા જણાતા પીડિતાને આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર, જિલ્લા કાનૂની સેવા સતામંડળ, ઓ.એસ.સી. વગેરે સંસ્થાઓ સુધી લઈ જઈને ન્યાય અપાવવાના પ્રયત્નો કરવામાં આવેલ હતો.

ત્યારે જુનાગઢ મહાનગર ટીમમાં અરુણાબેન કોલડીયા તથા ભાવનાબેન મોભેરા જ્યારે કેશોદ ખાતે ડાહીબેન માવદીયા અને જિજ્ઞાશાબેન જાદવ કાઉન્સિલર તરીકે ખૂબ જ સુંદર અને પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે.આ સાથે જૂનાગઢ ટીમમાં વુમન પો.કો. ઉજાલાબેન ખાણીયા અસ્મિતાબેન ગોંડલીયા અને ભરમીબેન ઓડેદરા તથા કેશોદ ટીમમાં વુમન પોકો પ્રિયંકાબેન સિસોદિયા અને કાજલબેન રામ પણ ૧૮૧ ટીમમાં ફરજની સાથે સુપેરા સુરક્ષા સેવા પ્રદાન કરી રહ્યા છે. જેના કારણે જુનાગઢ જિલ્લાની નારી આજે આત્મવિશ્વાસ સાથે પોતાને વધુ સુરક્ષિત અનુભવે છે.

# કચ્છ: આદ્યશક્તિના આરાધના પર્વ 'ચૈત્રી નવરાત્રી'એ ૧૮મીથી માતાના મઢમાં ભક્તિનો મહાસંગમ

## ૨૫મી માર્ચે યોજાશે ભવ્ય હોમાદિક ક્રિયા, માં આશાપુરાના સાનિધ્યમાં પવિત્ર હોમ-હવન અને દર્શનનો લ્હાવો

**અબતક, રાજકોટ**

ભુજથી ૧૦૦ કિમી દૂર આવેલું ૧૯મી સદીનું ભવ્ય તીર્થધામ માતાનો મઢ, આદ્યશક્તિ માં આશાપુરાના આરાધના પર્વ માટે સજ્જ થઈ રહ્યું છે. આ વર્ષે ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ ૧૮ માર્ચ ૨૦૨૬, બુધવારના રોજ થશે. આ દિવસે રાત્રે ૦૭૦૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે ઘટસ્થાપન કરવામાં આવશે. શક્તિ ઉપાસનાના આ મહાપર્વમાં દેવીના નવ સ્વરૂપો શૈલપુત્રીથી માં સિદ્ધિદાત્રી સુધીની પૂજા-અર્ચનાનું વિશેષ મહત્વ છે, જેના અનુષ્ઠાનથી ભક્તોને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે તેવી શ્રદ્ધા રહેલી છે.




ઉત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્ય હોમાદિક ક્રિયા ૨૫ માર્ચ ૨૦૨૬, બુધવાર (ચૈત્ર સુદ-૭) ના રોજ યોજાશે. આ વિધિ રાત્રે ૦૮૩૦ કલાકે શરૂ થશે, જેમાં ગોર મહારાજ શ્રી દેવપ્રસાદ મૂળશંકર જોષી હવનની સંપૂર્ણ વિધિ કરાવશે. મધ્યરાત્રિએ ૦૧૦૦ કલાકે અધ્યક્ષ રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી દ્વારા હવનમાં બિડું હોમવામાં આવશે. આ પવિત્ર ક્ષણે રાજવી પરિવાર અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહી મંત્રોચ્ચાર, ફળો અને ફૂલોની આહુતિ આપી વાતાવરણને ભક્તિમય બનાવશે. કચ્છની ધરણીધર માં આશાપુરા પર અપાર શ્રદ્ધા ધરાવતા પદયાત્રીઓ માટે આ સમયગાળો વિશેષ છે. સૌરાષ્ટ્ર અને કચ્છના ખૂણેખૂણેથી ભક્તો કઠોર પરિશ્રમ કરી પગપાળા માતાજીના દર્શને આવે છે.

પદયાત્રીઓની સેવા માટે માર્ગો પર સેવાભાવી લોકો દ્વારા વિનામૂલ્યે ભોજન, ચા-નાસ્તો અને તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે. પદયાત્રીઓ પણ જાણે માં આશાપુરા તેમની સાથે જ ચાલી રહી હોય તેવો દિવ્ય અહેસાસ અનુભવે છે. માતાના મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે રહેવા, જમવા અને દર્શનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રસ્ટીશ્રીઓ અને સેવકગણ દ્વારા ભકતોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે મંદિરમાં શ્રીફળ વધેરવાની મનાઈ છે, તેમજ ધાર્મિક મર્યાદા જળવાય તેવા વસ્ત્રો પહેરવા અને વ્યસનમુકત રહી સ્વચ્છતા જાળવવી. મથુરસિંહ જાડેજા, દીલુભા ચૌહાણ અને અન્ય સેવકોના માર્ગદર્શન હેઠળ લાખો શ્રદ્ધાળુઓની આશાઓ પૂર્ણ કરતું આ ધામ સૌના કલ્યાણ માટે કાર્યરત છે.

# ભાવનગર: રાજપરા ગામે ખોડીયાર ઉત્સવમાં સાંસ્કૃત્તિક કૃતિઓએ જમાવ્યું આકર્ષણ

## કિર્તિદાન ગઢવીના લોકડાયરામાં માનવ મહેરામણ ઉમટ્યું, આજે અઘોરી મ્યુઝિક ગ્રુપનો સંગીત કાર્યક્રમ



**અબતક, આનંદ રાણા, સિહોર**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા ખોડીયાર ઉત્સવ ૨૦૨૬ કાર્યક્રમ ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર તથા ખોડીયાર મંદીર ટ્રસ્ટનાં સંયુકત ઉપક્રમે રાજપરા ખોડીયાર મંદિર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રૈયાબેન મીયાણીની વિશેષ ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. આ તકે સિહોર નગરપાલિકા પ્રમુખ જાગૃતિબેન રાઠોડ એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ કાર્યક્રમમાં જુદી-જુદી સાંસ્કૃતિક કૃતિઓ કલાર્પણ ડાન્સ એકેડમી દ્વારા માતાજીની દેવીસ્તુતિ, સંસ્કાર ગ્રુપ દ્વારા મિશ્ર રાસ, તલવાર રાસ, પ્રાચીન ગરબો, કાઠિયાવાડી રાસ જેવી કૃતિઓ રજૂ કરી હતી. આ ઉપરાંત કીર્તિદાન ગઢવીનો લોકડાયરો યોજાયો હતો. આજે સાંજે ૭ વાગ્યે અઘોરી મ્યૂઝિક ગ્રુપ દ્વારા સંગીત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર મોનાબેન પારેખ, સિહોર નગરપાલિકા પ્રમુખ જાગૃતિબેન રાઠોડ, તાલુકા પંચાયત પ્રમુખ લીલાબેન મકવાણા તથા અન્ય પદાધિકારીઓ અને વહીવટી તંત્રનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જૂનાગઢ: દિવ્યાંગ કર્મચારીઓ, સ્વરોજગાર અને શ્રેષ્ઠ નોકરીદાતાઓ માટે પારિતોષિક સ્પર્ધા યોજાશે

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

સમગ્ર રાજ્યમાં દિવ્યાંગતા ધરાવતા નાગરિકો જેમ કે અંધ, મુક- બધિર, રક્તપિત, માનસિક ક્ષતિ ધરાવતા કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યકિતઓ, તેમને કામે રાખતા નોકરી દાતાઓ તથા તેમને નોકરીમાં થાળે પાડવા વિશિષ્ટ કામગીરી કરતા પ્લેસમેન્ટ ઓફીસર માટે રાજ્ય કક્ષાએ દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા- વર્ષ ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવાના હેતુસર અરજી પત્રકનો નમુનો વેબસાઈટ https://anubandham.gujarat.gov.in/notice-board પરથી ડાઉનલોડ કરીને નિઃશુલ્ક મેળવી શકાશે. આ ઉપરાંત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ ખાતેથી વિનામુલ્યે અરજી પત્રક મેળવીને તેમાં સંપૂર્ણ વિગત ભરીને આ અરજી પત્રક સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, દિવ્યાંગતા માટેનું માન્ય તબીબી પ્રમાણપત્ર, પોલીસ વેરીફીકેશન પ્રમાણપત્ર અને અન્ય સંબંધિત તમામ દસ્તાવેજો, ખોડ ખાંપણ દર્શાવતા પોસ્ટકાર્ડ સાઈઝના ફોટોગ્રાફ બિડાણમાં સામેલ રાખવાના રહેશે. તેમજ નોકરીદાતાઓ અને પ્લેસમેન્ટ ઓફીસર માટેના નિયત અરજી પત્રકમાં દર્શાવેલ કોલમ મુજબની પુરેપુરી વિગતો સાથે સંબંધિત જરૂરી બિડાણો સામેલ રાખીને બે નકલમાં જોડીને વ્યવસ્થિત રીતે દરખાસ્ત તૈયાર કરીને આગામી તારીખ ૩૦/૦૩/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે રૂબરૂ અથવા ટપાલ મારફત જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢને મોકલી આપવાના રહેશે.

માહિતી માટે અત્રેની કચેરીના સંપર્ક નંબર:-૦૨૮૫-૨૬૨૦૧૩૯ પર અથવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ ખાતે રૂબરૂ સંપર્ક સાધી શકાશે.

# જેતપુરના લુણાગરી ગામે શેઢા પાડોશીઓ વચ્ચે બઘડાટી : ચાર ઘાયલ

## ગાડા માર્ગ મામલે ચાલતા વિવાદે ઉગ્ર ઘર્ષણનું સ્વરૂપ ધારણ કર્યું, લાકડી-પાઈપ વડે મારામારી : સામસામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુર તાલુકાના લુણાગરી ગામની સીમમાં શેઢા પાડોશી વચ્ચે મારમારીની ઘટના બની હતી. જેમાં પાઇપ વડે હુમલો કરતા ખેડૂત આધેડ અને તેના કાકાને ઇજા પહોંચી હતી. જ્યારે સામાપક્ષે લાકડી વડે હુમલો કરતા ખેડૂત પિતા-પુત્રને ઇજા પહોંચી હતી. બનાવ અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં સામસામી પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે.

જેતપુર તાલુકાના લુણાગરી ગામે રહેતા હરેશ રવજીભાઈ સરવૈયા(ઉ.વ.૪૭) દ્વારા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રામજી વાઘાભાઈ સરવૈયા અને સુમિતાબેન રામજીભાઈ સરવૈયા(રહે. બંને લુણાગરી) ના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઇકાલે તે તથા તેમના કાકા કનુભાઈ ભીખાભાઈ સરવૈયા બંને વાડીએ ચણા કાઢવાનું કામ કરતા હોય દરમિયાન આધેડની દીકરી પૂજાબેન આપણા આવવા જવાના કેડા પર એક લાકડાનુ પાટિયુ જેમાં ખીલી લગાવી હોય તે પાટિયું ધુળમાં સુમિતાબેન રાખ્યું છે. જેથી વાહનમાં નુકસાન થાય. આ વાત દીકરીએ કર્યા બાદ હરેશભાઇ તથા તેમના કાકા કનુભાઇ બંને શેઢા પાડોશીને સમજાવવા જતા રામજીભાઈ અને તેની પત્ની સુમિતાબેને ઉશ્કેરાઇ જઇ ફરિયાદી અને તેના કાકા પર પાઇપ વડે હુમલો કરી દીધો હતો. જેમાં બંને લોહીલુહાણ થઈ જતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, ફરિયાદીને વાડીએ આવવા જવા માટેનો ગાડા માર્ગ આરોપી શેઢા પાડોશીની વાડીએથી નીકળતો હોય શેઢા પાડોશીએ એકાદ વર્ષ પૂર્વે આ માર્ગ બંધ કરી દીધો હતો. જેથી મામલતદાર અને કલેકટરમાં ફરિયાદ કરતા ફરિયાદીની તરફેણમાં હુકમ થયો હતો. બાદમાં આ અંગે આરોપીએ કોર્ટમાં અરજી કરી હતી. આ વાતનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો.

જ્યારે સામાપક્ષે સુરેશ રામજીભાઈ સરવૈયા(ઉ.વ.૩૫ રહે. લુણાગરી તા. જેતપુર) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે મયુર કનુભાઈ સરવૈયા, કનુ ભીખાભાઈ સરવૈયા, હરેશ રવજીભાઈ સરવૈયા,ખીમજી ભીખાભાઈ સરવૈયાના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ગઇકાલે ઘરે હતો ત્યારે કાકાની દીકરી મધુરીનો ફોન આવ્યો હતો કે, વાડીએ હરેશ, કનુ અને ખીમજીએ મોટાબાપુને અહીં પડેલ લાકડીઓ વડે મારમાર્યો છે. જેથી યુવાન અહીં વાડીએ જવા નીકળતા રસ્તામાં આરોપીને ભેટો થયો હતો અને વાત કરી હતી કે, તે મારા પિતાને કેમ માર માર્યો તેમ કરી યુવાનને ઢીકાપાટુનો મારમાર્યો હતો. બાદમાં યુવાન વાડીએ પહોંચતા તેના પિતા રામજીભાઈએ વાત કરી હતી કે, આપણા શેઢા પાડોશી હરેશ, કનુ અને ખીમજીએ અહીં આવી ગાળો બોલતા હોય જેથી તેને સમજાવવા જતા આ ત્રણેયએ મળી લાકડી વડે મારમાર્યો હતો. ઉદ્યોગનગર પોલીસે સામસામી ફરિયાદના આધારે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ધારીઃ એટ્રોસીટીના ગુનામાં વકીલ રવિ જોષીના જામીન નામંજૂર

## અમરેલીના વકીલને કોર્ટ ખાતે કાર્યવાહી કરતા અટકાવી જાતિ પ્રત્યે અપમાનીત કર્યા હતા

**અબતક, મેહુલ દવે, ધારી**

ધારીના વકીલ રવિ જોષીની એટ્રોસીટીના ગુનામાં રેગ્યુલર જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ અમરેલી ખાતે રહેતા વકીલ દિનેશભાઈ ગોહેલ ધારી કોર્ટ ખાતે તા. ૯-૯-૨૫ના રોજ ગયેલા ત્યારે વકીલ રવિ જોષીએ તેને કામગીરી કરી અટકાવી હુમલાની કોશિષ કરી જાતી પ્રત્યે હડધુત કર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી. બાદ ફેસબુકમાં જાતી પ્રત્યે અપમાનીત કરતો વિડીયો વાયરલ કર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

વકીલ રવિ જોષીની આગોતરા જામીન અરજી સાવરકુંડલા કોર્ટ નામંજૂર કરી હતી. બાદ એટ્રોની ફરિયાદ થતા જેલ હવાલે કરવામા આવેલા હતા. બાદ આરોપીએ ધારી સ્પે. એટ્રો. કોર્ટમાં જામીન અરજી દાખલ કરેલી હતી જે પણ નામંજૂર કરવામાં આવી હતી.

ચાર્જશીટ કોર્ટમાં રજૂ થતા ધારીની સ્પે. એટ્રો. કોર્ટમાં જામીન અરજી મુકતા સરકારી વકીલ અને ફરિયાદી તરફે વાંધા રજૂ કરતા અને આરોપી વિરૂધ્ધ અગાઉ છ થી સાત ગુન્હા નોંધાયેલા હોઈ જેની કોર્ટને ધ્યાને લાવેલ અને આરોપી જેલમાં હોવા છતા ફેસબુક ઉપર અપલોડ કરેલ વિડિઓ ડીલીટ કરી પુરાવાનો નાશ કરેલ હોય જે હકિકત કોર્ટ સમક્ષ આવતા કોર્ટે જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી.

# જામનગરના યુવાનને પ્રેમિકાના પતિની જાનથી મારી નાખવાની ધમકી

## અઢી વર્ષથી પરિણીતાા પતિને મુકી પ્રેમી સાથે રહે છે

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગર શહેરના સાધના કોલોની વિસ્તારમાં રહેતા અને કંસ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા શાહનવાઝ સલીમભાઈ ખીરા નામના ૨૯ વર્ષના યુવાનને તેની પ્રેમિકાના પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપતા શાહનવાઝે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદ મુજબ શાહનવાઝ ખીરા ને આજથી અઢી વર્ષ પહેલા ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતા હરીશભાઈ ભટ્ટીના પત્ની વીરૂબેન સાથે પ્રેમસંબંધ બંધાતા તે પોતાના પતિને છોડીને શાહનવાઝ સાથે રહેવા તેના ઘરે આવી ગઈ હતી અને ત્યારબાદ એકાદ વર્ષ પૂર્વે ઝઘડો થતાં હરીશભાઈએ શાહનવાઝ વિરૂધ્ધ એસ્ટ્રોસિટી ની કલમ હેઠળ ફરિયાદ કરેલ જે કેસ અદાલતમાં ચાલુ છે દરમિયાન ગઈકાલે હરિશભાઈ એ તેને ફોન કરી પત્નીને વીરૂ ને છોડી દે તેમ કહી જો તું વીરૂ ને નહી છોડે તો તને જાનથી મારી નાખવાની ધમકી આપતાં શાહનવાઝના મનમાં લાગી આવતા તેમણે થોડુંક ફિનાઈલ પણ પી લીધું હતું.

આમ, છેલ્લા એકાદ વર્ષથી વારંવાર ફોન કરી હેરાન કરતા હોય જેથી સીટી એ ડીવીઝન પોલીસમાં તેમના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.

# સોમનાથના ઈશ્વરીયા ગામે વન વિભાગે દીપડાને પાંજરે પૂર્યો



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ગીરસોમનાથ ના વેરાવળ તાલુકાના ઈશ્વરીયા ગામે વહેલી સવારે વન વિભાગે ગોઠવેલ પાંજરામાં દીપડો પાંજરે પુરાયો હતો.

૭ માર્ચ ના રોજ ઈશ્વરીયા ગામે હમીર સામત જાદવ ની વાડી માં દીપડાને પકડવા પાંજરું ગોઠવ્યું હતું. જેમાં સવારે અંદાજે ૧ થી ૨ વર્ષ દીપડો પાંજરે પુરાયો હતો.

જેને સલામત રેસ્ક્યુ કરી અમરાપુર એનિમલ કેર સેન્ટર ખાતે મોકલવામાં આવ્યો છે.

આ કાર્યવાહી વન અધિકારી કે. કે. જોશી., એલ. પી. વરુ, ડી. બી. ચૌધરી. તેમજ ટ્રેકર પ્રતાપભાઈ એ બજાવી હતી.

# તાલાળાના ગુંદરણ ગામે ૨૦ વર્ષીય યુવતીએ વખ ઘોળ્યું

## જીંકલ ઘરસંડાએ ઝેરી દવા ગટગટાવી લેતાં સારવારમાં રાજકોટ ખસેડાઈ પરંતુ જીવ ન બચી શક્યો, પરીવારમાં અરેરાટી

**અબતક, રાજકોટ**

તાલાલાના ગુંદરણ ગામે રહેતી ૨૦ વર્ષથી યુવતીએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા નાના એવા ગામમાં ખળભળાટ મચી ગયો હતો અને પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો. જે અંગે સ્થાનિક પોલીસે પણ દોડી જાય તપાસનો ધમધમાટ આદર્યો હતો.પ્રાપ્ત વિગત મુજબ તાલાલાના ગુંદરણ ગામે રહેતી જીંકલબેન રમેશભાઈ ઘરસંડા (ઉ.વ.૨૦) જેમને ગઈકાલે પોતાના ઘરે જ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જે બનાવ અંગે પરિવારને જાણ થતા તેણીને તુરંત જ પ્રથમ તાલાલા, જુનાગઢ અને બાદમાં તેણીને રાજકોટ સિવિલ હોસ્પિટલે સારવાર અર્થે ખસેડાઈ હતી. પરંતુ જીંકલબેનની સારવાર કારગત ન નિવડતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી પ્ર. નગર પોલીસ મથકમાં એન્ટ્રી કરાવી હતી અને બનાવ અંગે તાલાલા પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને બનાવના કારણ અંગે તપાસ આદરી હતી.

# વાંકાનેરના ચિત્રાખડામાં પિતાએ બાઈક ચલાવવાની ના પાડતા સગીરે એસિડ ગટગટાવ્યું

## પિતાએ ઠપકો આપતા આવેશમાં આવી પગલું ભર્યું

**અબતક રાજકોટ**

વાંકાનેર તાલુકાના ચિત્રાખડા ગામમાં ૧૭ વર્ષીય સગીર પુત્રએ પિતાની શિખામણથી માઠું લગાડી એસિડ ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. હાલ યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, ચિત્રાખડા ગામમાં રહેતા ભાવેશભાઈ પ્રવીણભાઈ રાઠોડ (ઉં ૧૭) ગઈકાલે પોતાની બહેનના લગ્નમાં બાઈક ચલાવી રહ્યો હતો. આ દરમિયાન તેના પિતાએ તેને બાઈક ચલાવવાની ના પાડી ઠપકો આપ્યો હતો. પિતાની આ વાત ભાવેશને લાગી આવતા આવેશમાં આવીને રાત્રિના ૯:૦૦ વાગ્યાના અરસામાં તેણે પોતાના ઘરે એસિડ પી લીધું હતું. બનાવની જાણ થતા જ પરિવારજનો દોડી આવ્યા હતા અને ભાવેશને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે ભાવેશના પિતા ડાક વગાડવાનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ભાવેશ એક ભાઈ અને એક બહેનમાં સૌથી નાનો છે. આ ઘટના અંગે હોસ્પિટલ તંત્ર દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# અમરેલીઃ લીલીયા મુખ્ય માર્ગ પર વૃક્ષ ધરાશાયી, સદ્નસીબે જાનહાની ટળી

**અબતક, પ્રદિપ ઠાકર અમરેલી**

લીલીયા મોટા ગામે લીલીય મુખ્ય માર્ગ પર ગ્રામ પંચાયત કચેરી નજીક અચાનક આવળનું મોટું વૃક્ષ ધરાશાય થયાની ઘટના સામે આવી હતી. જેને લઈ થોડી વાર વાહન વ્યવહાર બંધ થયો હતો તેમજ વૃક્ષ કાર પર પડતા નુકશાન પહોંચ્યું હતું.અમરેલી લીલીયા માર્ગ પર આવળનું વૃક્ષ પડવાથી થોડો સમય માટે માર્ગ અવરોધિત બન્યો હતો. આ વૃક્ષ ત્યાં પાર્ક કરેલી કાર ઉપર પડતા કારને નુકસાન થયું હતું. સદનસીબે જાનહાની ટળી હતી.

લીલીયા અને અમરેલીને જોડતો આ મુખ્ય માર્ગ હોવાથી વૃક્ષ ધરાશાય થતા થોડા સમય માટે વાહન વ્યવહાર પ્રભાવિત બન્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક સરપંચ વિજયભાઈ શેખલીયા તાત્કાલિક સ્થળ પર પહોંચી માર્ગ ખુલ્લો કરાવવા કામગીરી હાથ ધરી હતી. આ સાથે ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે સ્થાનિક પોલીસ ટીમ પણ ઘટના સ્થળે પહોંચી યોગ્ય ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હતી. બાદ માર્ગ પરથી વૃક્ષ દૂર કરી વાહન વ્યવહાર ફરી શરૂ કરાવવામાં આવ્યો હતો.

# શાપરમાં માતા પુત્રીએ યુવતી પર મરચાની ભૂકી છાંટી પાઈપ વડે ઢીબી નાખી

## પતિ સાથેના સંબંધની શંકા રાખી ઘરે જમવા બોલાવીને હુમલો કર્યો, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

લોધિકા તાલુકાના પારડી ગામે રહેતી ૨૧ વર્ષીય યુવતી પર શાપર ગામના યુવાનને સાથેના સંબંધની ખોટી શંકા રાખીને મહિલા અને તેની પુત્રીએ પાઈપ વડે હુમલો કરી, આંખમાં મરચાની ભૂકી નાખી દેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘવાયેલી યુવતીને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પારડી ગામમાં રહેતી જ્યોતિબેન વિનુભાઈ પરમાર (ઉ.વ. ૨૧) કંપનીમાં કામ કરે છે. થોડા સમય પહેલા નોકરીના ઈન્ટરવ્યુ બાબતે તેની મુલાકાત ગોંડલ ચોકડી પાસે ૪૫ વર્ષીય પ્રૌઢ સાથે થઈ હતી. આ પ્રૌઢ યુવતીને કામ બાબતે મદદરૂપ થતા હતા. ગઈકાલે બપોરના સમયે આ પ્રૌઢે જ્યોતિબેનને પોતાના ઘરે જમવા માટે બોલાવ્યા હતા. જ્યોતિબેન જ્યારે તેમના ઘરે પહોંચ્યા ત્યારે પ્રૌઢની પત્નીએ પોતાના પતિને બજારમાં છાસ લેવા મોકલી દીધા હતા. પતિના ગયા બાદ પત્ની અને પુત્રીએ (સાક્ષીએ) જ્યોતિબેન પર ખોટી શંકા રાખી બોલાચાલી કરી હતી. માતા-પુત્રીએ જ્યોતિબેનની આંખમાં મરચાની ભૂકી નાખી દીધી હતી અને ત્યારબાદ પાઈપ વડે માર માર્યો હતો. હુમલામાં જ્યોતિબેનને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા.જ્યોતિબેને જણાવ્યું હતું કે તેઓ મને નોકરીમાં મદદ કરતા હતા, પણ તેમની પત્નીએ ખોટી શંકા રાખીને મારા પર હુમલો કર્યો.'' પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જ્યોતિબેન ત્રણ બહેન અને બે ભાઈઓમાં ત્રીજા નંબરના છે. આ બનાવ અંગેની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો. હાલ પોલીસે યુવતીનું નિવેદન લઈ આગળની તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### અમેરિકા યુદ્ધ...

સાથેની વાતચીત દરમિયાન ટ્રમ્પે કબૂલવું પડ્યું કે યુક્રેનમાં ચાલી રહેલી લડાઈ ક્યારેય પૂરી ન થાય તેવી લાગી રહી છે. ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચેની નફરતને ઓછી કરવામાં ટ્રમ્પનું 'ડીલ-મેકર'નું જે લેબલ હતું, તે અત્યારે નિષ્ફળ જતું દેખાય છે.

મધ્ય પૂર્વમાં જ્યારે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના સૈન્ય હુમલામાં મોત બાદ સ્થિતિ વણસી છે, ત્યારે ટ્રમ્પ હવે પુતિન પાસે મદદની આજીજી કરી રહ્યા છે. ટ્રમ્પે જણાવ્યું કે, ''પુતિન આ મામલે મદદરૂપ થવા માંગે છે.'' આ નિવેદન જ દર્શાવે છે કે દુનિયાની મહાસત્તા હોવાનો દાવો કરતું અમેરિકા હવે શાંતિ સ્થાપવા માટે રશિયાના દયાળુ વલણ પર નિર્ભર થઈ ગયું છે.

બીજી તરફ, પુતિને ઈરાનના નવા નેતા મોજતબા ખામેનીને સમર્થન આપીને સ્પષ્ટ સંકેત આપ્યો છે કે રશિયા તેહરાનનો સાથ છોડવાનું નથી. આ સ્થિતિમાં ટ્રમ્પનું વહીવટીતંત્ર ઈઝરાયેલના હિતો સાચવવા અને સાઉદીના પ્રભાવ વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ફાંફા મારી રહ્યું છે.

### ક્રૂડના ભાવ તૂટ્યા...

પૂરતો જથ્થો સચવાઈ રહે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થયેલી આ કટોકટી વચ્ચે સરકારે સામાન્ય નાગરિકોને આશ્વાસન આપ્યું છે કે ગભરાવાની કોઈ જરૂર નથી. ભારત પાસે પૂરતા પ્રમાણમાં વ્યૂહાત્મક તેલ ભંડાર ઉપલબ્ધ છે. જરૂર પડ્યે સરકાર આ ભંડારનો ઉપયોગ કરીને સ્થાનિક બજારમાં ભાવ વધારાને નિયંત્રિત કરી શકે છે અને પુરવઠો જાળવી શકે છે.

ગેસ સપ્લાય 'ઓપ્ટિમાઈઝ' કરવા પર ભાર

ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ભારતમાં આવતા લિક્વિફાઈડ નેચરલ ગેસના પ્રવાહને માઠી અસર પહોંચી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકાર ગેસ સપ્લાયને 'ઓપ્ટિમાઈઝ' કરવા માટે સક્રિય રીતે કામ કરી રહી છે. સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે ઉદ્યોગો અને ઘરેલુ વપરાશકારોને પૂરતો ગેસ મળી રહે અને આયાતમાં આવતા અવરોધોનો સામનો કરવા માટે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવી શકાય.

અસર દેશના મોટા ઔદ્યોગિક એકમો પર જોવા મળી રહી છે. ખાસ કરીને સિરામિક ઉદ્યોગ, ફર્ટિલાઈઝર અને પાવર જનરેશન જેવા ક્ષેત્રો કે જેઓ મોટા પ્રમાણમાં નેચરલ ગેસ પર આધારિત છે, તેમના ઉત્પાદન ખર્ચમાં વધારો થવાની પૂરી શક્યતા છે. સપ્લાય ચેઈન ખોરવાતા ઔદ્યોગિક ઉત્પાદન પ્રભાવિત થઈ શકે છે, જેને પહોંચી વળવા ઉદ્યોગકારો અને સરકાર વૈકલ્પિક ઈંધણના ઉપયોગ અંગે પણ ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે.

જ્યાં એક તરફ યુદ્ધના કારણે સપ્લાય ખોરવાયો છે, ત્યાં બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય પૂર્વમાં તણાવ ઘટવાની (ડી-એસ્કેલેશન) આગાહી કરી છે. આ નિવેદન અને બજારની ધારણાઓને પગલે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૬ ટકાથી વધુનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. રોકાણકારોને આશા છે કે આગામી દિવસોમાં પરિસ્થિતિ થાળે પડશે, જેના કારણે ઓઈલ માર્કેટમાં કિંમતો નીચે આવી છે.

ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદને વૈશ્વિક ઓઈલ માર્કેટમાં મોટી ઉથલપાથલ મચાવી દીધી છે. આ ઘટાડો દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય બજાર ભૌગોલિક-રાજકીય નિવેદનો અને નેતાઓના દાવાઓ પ્રત્યે કેટલું સંવેદનશીલ છે. જોકે, નિષ્ણાતો માની રહ્યા છે કે આ ઘટાડો કામચલાઉ છે કે કાયમી, તે આગામી દિવસોમાં મધ્ય પૂર્વની વાસ્તવિક જમીની પરિસ્થિતિ પર નિર્ભર રહેશે.

આ સમગ્ર પરિસ્થિતિમાં ભારત સરકાર માત્ર મધ્ય પૂર્વના દેશો પર નિર્ભર રહેવાને બદલે અન્ય દેશોમાંથી પણ ઉર્જા આયાત કરવાના વિકલ્પોને વેગ આપી રહી છે. રશિયા અને અન્ય બિન-ખાડી દેશો સાથે વ્યાપારી સંબંધો મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વના વેપારી માર્ગો પર ચાલી રહેલા તણાવને જોતા, ભારત પોતાની ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે લાંબા ગાળાની નીતિઓ પર ઝડપથી કામ કરી રહ્યું છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રેન્જ આઈજી

વાતચીતમાં તેમણે ગોંડલ ઉપર પોતાની નજર હોવાનું જણાવ્યું હતુ. આ ઉપરાંત સુરેન્દ્રનગર વિસ્તારમાં ખાણ-ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહીનો દોર યથાવત રહેશે તેમ પણ જણાવ્યું હતું. બાદ તેમણે ગઈકાલે સાંજે જ ગોંડલની સૂચક મુલાકાત લીધી હતી.

રાજકોટ રેન્જ આઈજી તરીકે નિર્લિપ્ત રાય અને એડી. સીપી તરીકે ચૈતન્ય મંડલીકને નિમણુંક અપાતા ગઈકાલે બંને અધિકારીઓ રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા અને ચાર્જ સંભાળી સીધા જ એક્શન મોડમાં આવી ગયા હતા. બંને અધિકારીઓનું ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરાયા બાદ બેઠકોનો દોર શરૂ થયો હતો.

એસએમસીના વડા નિર્લિપ્ત રાયની રાજકોટ રેન્જ આઈજી તરીકે બદલી થતાં તેઓ અમદાવાદથી રેન્જ આઈજી કચેરીએ પહોંચતાં તેઓને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. જે બાદ તેઓએ વિધિવત ચાર્જ સાંભળ્યો હતો. તેઓએ આવતાં વેંત જ રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી અને સુરેન્દ્રનગરના એસપી સાથે બેઠકોનો દોર શરૂ કર્યો હતો અને પાંચેય જિલ્લાની ક્રાઈમની સ્થિતિ જાણી તેના પર મંથન કર્યું હતું.

રાજકોટ રેન્જ આઈજી તરીકે બદલી થતાં જ ગોંડલનું રાજકારણ ગરમાયું હતું. સોશિયલ મીડિયા પર થયેલ પોસ્ટ અને ધારાસભ્ય દ્વારા અપાયેલ નિવેદન બાદ ગોંડલ ફરી ચર્ચામાં રહેતાં નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જના તમામ એસપી સાથેની બેઠક બાદ એકશનમાં આવી ગયા હોય તેમ ચાર્જ સંભાળ્યા બાદ રેન્જ આઈજી સીધા જ ગોંડલની મુલાકાતે દોડી ગયા હતા. અહીં તેઓ ગોંડલ ડિવિઝનના તમામ અધિકારીઓને મળ્યા હતા અને સાંપ્રત પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આમ તો રેન્જ આઈજીની ગોંડલ મુલાકાતને રૂટિન વિઝીટ ગણાવવામાં આવી હતી અને આગામી દિવસોમાં આ પ્રકારે જ અલગ અલગ ડિવિઝનની વિઝીટ કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી પરંતુ ચાર્જ સંભાળતા જ આઈજીની ગોંડલ મુલાકાત નિષ્ણાંતોના મતે અત્યંત સૂચક છે.

છેલ્લા ઘણા સમયથી રાજકોટ રેન્જમાં ગોંડલ જાણે રાજકારણ અને વિવાદનું એપિ સેન્ટર બન્યું હોય તેમ એક પછી એક વિવાદો ગોંડલમાં ઉદભવ્યા હતા. ગોંડલ-રીબડા જૂથ વિવાદ, પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયા અને જીગીશા પટેલની એન્ટ્રી, રાજકુમાર ઝાટ મોત પ્રકરણ સહીતની ઘટનાઓ સૌરાષ્ટ્ર સહીત આખા ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. ત્યારે આ તમામ ઘટનાઓથી બખૂબી વાકેફ આઈપીએસ નિર્લિપ્ત રાયએ ગોંડલની મુલાકાત લઈ જાણે ઈશારો કર્યો હોય કે અહીં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર જોખમ ઉભું થાય તેવું કોઈ પણ કૃત્ય ચલાવી લેવાશે નહિ.

### ચોટીલા

બીટ પીએસઆઈ અશોક પટાલિયાને જુલાઈ ૨૦૧૯માં સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દારૂનો મોટો જથ્થાની હેરાફેરી કરતા ટ્રકને અટકાવી રૂ. ૪૮ લાખનો દારૂ કબ્જે કર્યો હતો. સ્થાનિક પોલિસની બેદરકારી બદલ પીએસઆઈને એપ્રિલ ૨૦૨૦ સુધી ૧૦ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી.

મામલમાં પીએસઆઈ વતી વકીલ અર્ચિત જાનીએ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, અરજદારના અધિકારક્ષેત્રમાં એસએમસી દ્વારા દારૂનો દરોડો પાડવો ટે સ્થાનિક પોલિસની બેદરકારી ગણી શકાય નહિ. તેમણે દલીલ કરી હતી કે, દારૂ ભરેલો ટ્રક છેક રાજસ્થાનથી આવ્યો હતો અને બામણબોર પોલીસના વિસ્તારમાં પ્રવેશ્યો હતો. ત્યારે જો બામણબોર પોલિસની બેદરકારી ગણવામાં આવતી હોય તો સાથોસાથ રાજસ્થાનથી બામણબોર સુધી રસ્તામાં આવતા તમામ પોલિસ મથકના સંબંધિત અધિકારીઓને બેદરકાર ગણવા પડે જેના અધિકારક્ષેત્રમાંથી વાહન ચોટીલા સુધી પહોંચ્યું હતું.

કેસની સુનાવણી પછી, ન્યાયાધીશ નિરઝર દેસાઈએ સસ્પેન્શન અને ઈન્ક્રીમેન્ટ રોકવાના આદેશોને રદ કર્યા હતા. ન્યાયાધીશે જણાવ્યું હતું કે, એ સ્પષ્ટ છે કે આ કેસમાં પીએસઆઈ સામેના આરોપો સાબિત થતાં નથી તેવું તપાસનીશ અધિકારીઓ પણ સ્વીકારી રહ્યા છે.

હાઈકોર્ટે પીએસઆઈ સામે નવી કાર્યવાહી માટે કેસને પોલિસ વિભાગને પરત આપવાની સરકારની વિનંતીને પણ ફગાવી દીધી હતી અને આ બાબતને તદ્દન નિરર્થક કવાયત ગણાવી હતી.

### એમબીએ કોર્સમા

લિસ્ટ જાહેર કરાશે. આ યાદીમાં કોઈ ભૂલ હોય તો ઉમેદવારો ૧૦મીથી ૧૩મી સુધી ઈમેઈલ દ્વારા રજૂઆત કરી શકશે. ભૂલ સુધારણા બાદ ૧૭મી માર્ચના રોજ ફાઈનલ મેરિટયાદી જાહેર કરીને પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાશે.

### પ્લેન-હેલિકોપ્ટર

હોસ્પિટલ પહોંચાડી મદદ કરાય તે બદલ સરકારની રાહવીર યોજના અમલમાં છે. તેમાં ૨૫ હજાર રૂપિયા સુધીનું ઈનામ અપાય છે. છેલ્લા બે વર્ષમાં આવા ૪૧ જેટલા સેવાભાવીને પ્રોત્સાહન અપાયું હોવાનું વાહનવ્યવહાર વિભાગ દ્વારા જણાવાયું હતું.

# મોરબીના વિપુલનગરમાં ગૃહ કલેશથી યુવાને એસિડ પીધુ

**અબતક રાજકોટ**

મોરબી શહેરના વિપુલ નગર વિસ્તારમાં ગઈકાલે બપોરના યુવાને ઘરકંકાસથી કંટાળી એસિડ પી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. યુવાનને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, વિપુલ નગરમાં રહેતા ધર્મેન્દ્ર મૂળજીભાઈ બોખાલી (ઉં ૩૬) ગઈકાલે બપોરે ૨:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ દરમિયાન ઘરકંકાસથી કંટાળી એસિડ ગટગટાવી લીધું હતું. બનાવની જાણ થતા જ પરિવારજનોએ તેમને તાત્કાલિક મોરબી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ધર્મેન્દ્રભાઈ પીજીવીસીએલમાં કોન્ટ્રાક્ટ બેઝ પર ડ્રાઈવિંગનું કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ બે ભાઈ અને બે બહેનોમાં બીજા નંબરના છે. તેમને સંતાનમાં બે દીકરાઓ છે. ઘટનાની જાણ થતા જ પોલીસે હોસ્પિટલ પહોંચી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને આપઘાતના પ્રયાસ પાછળના ચોક્કસ કારણો જાણવા તજવીજ શરૂ કરી છે.

# કાંગસિયાળી ગામના વેપારી પર હુમલો કરવામાં ચાર આરોપીનો છુટકારો

## ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ફોર્મ ભરવાના વિવાદનો ખાર રાખી માર માર્યો હતો

**અબ તક, હરેશ ગણોદિયા ગોંડલ**



લોધીકા તાલુકાના કાંગસિયાળી ગ્રામ પંચાયતની ચૂંટણીમા ઉમેદવારી નોંધાવાના મામલે વેપારી યુવાન પર હુમલો કરવાના ગુના નો કેસ ચાલી જતા અદાલતે ચાર શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ કાંગશીયાળી ગામે રહેતા રમેશ વાઘજી પરમાર નામના બિલ્ડીંગ મટીરીયલ્સ ના ધંધાથી પર તેજસ પઢિયાર વિપુલ પઢિયાર નીરજ પઢિયાર અને જયેન્દ્ર ઉર્ફે લાલો ધોકા વડે માર માર્યા અંગેની સાપર પોલીસ મથકમાં ૨૪ ૫ ૨૩ ના રોજ ફરિયાદ નોંધાવી હતી જે ગુનાની તપાસ પૂર્ણ થતા પોલીસે અદાલતમાં ચાર સીટ રજૂ કર્યું હતું જે કેસની કોટડા સાંગાણી ની અદાલતમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના વકીલ વિજયરાજ સિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ અદાલતે તમામ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** દશા સોરઠીયા વણિક પ્રફુલકુમાર દયાળજીભાઈ ધોળકીયા (ઉ.વ.૭૭) તે સ્વ. દયાળજીભાઈ જુઠાભાઈ ધોળકીયા ના પુત્ર તે સ્વ. કનૈયાલાલભાઈ, અરવિંદભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. ભાનુબેન, સ્વ. ચંદ્રિકાબેન, સ્વ. મંજુલાબેનના ભાઈ, નરેન્દ્રભાઈ, હર્ષાબેન (નાગરીક બેંક), કોલીબેન પંકજકુમાર ચૌહાણ, પ્રજ્ઞાબેન મનીષકુમાર પારેખના પિતા, શિલ્પાબેનના સસરા, સ્વ. કાંતિલાલ દુર્લભજી ગગલાણી આકોલવાડી વાળાના જમાઈનું તા. ૯ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨ ના ગુરુવારના રોજ માલવીયા વાડી ગોંડલ રોડ ખાતે સાંજના ૪ થી ૬ દરમિયાન રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# "પ્રણવ (ॐ) દ્વારા જો ઈશ્વર (બ્રહ્મ)નું ધ્યાન કરવામાં આવે તો અજ્ઞાન દૂર થઈ બ્રહ્મનો અનુભવ થઈ શકે"

## "તાજેતરમાં જ દ્વારકાના જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ નિવેદન આપ્યું હતુ કે અમુક સંપ્રદાયો ઈતિહાસ, શાસ્ત્રો અને સત્યથી વેગળા ખોટા તર્કો રજૂ કરી ખોટા દ્રષ્ટાંતો આપી સમાજને ગુમરાહ કરી રહ્યા છે'

### સંસાર રહસ્ય

થોડા સમય પહેલા સમાચાર પણ હતા અને સોશ્યિલ મીડિયામાં કલીપ પણ ફરતી હતી કે અમેરીકાની વિશ્વ પ્રતિષ્ઠિત અવકાશ સંસ્થા (નાસા)એ અવકાશમાં સુદૂર આકાશગંગાઓની વચ્ચેથી એક અવાજ નોંધ્યો. આ જે અવાજ રેકર્ડ કર્યો (ઓડીયોકલીપ)તે અવાજ બીજો કાંઈ પણ નહીં પરંતુ આપણા સનાતન શાસ્ત્રોમાં ઉલ્લેખેલ એકાક્ષર 'ॐ' ઓમ કે અ....ઉ.....મ નો લાંબા ઢાળે બોલાતો તે નાદ ધ્વની છે. જે કલીપમાં સ્પષ્ટ પણે સાંભળી શકાતો હતો. આથી વિશ્વના વૈજ્ઞાનીકોને થયું કે આતો ગજબ કહેવાય ! પરંતુ આપણા ઋષીમૂનીઓએ તો હજારો વર્ષ પહેલા વાત કરેલી છેકે આ સમગ્ર વિશ્વ બ્રહ્મ ॐ મય છે. વૈજ્ઞાનિકોએ અવકાશમાં જે અવાજ (ઓમકારનો નાદ) સાંભળ્યો તે નાદ ને કોઈ પણ સાધક એકાગ્ર ચિત્તે ધ્યાન કરે તો તેને પણ સંભળાય તેમ જણાવેલું છે.

અગાઉના પ્રકરણમાં આપણે 'ઓમ' અંગે પ્રાસંગિક ચર્ચા કરેલી છે કે બહ્મ (અક્ષર)નો નિવાસ હ્રદયમાં છે.હૃદયમાંથી જ તે શરિરમાં (નાડીઓ દ્વારા) ચેતના અથવા પ્રાણનો સંચાર થાય છે. પ્રણવ (ઓમ) દ્વારા જો તે બ્રહ્મ (અક્ષર)નું ધ્યાન કરવામાં આવે તો અજ્ઞાન અને તેની ગ્રંથીથી છુટકારો થતા આ દિવ્ય બ્રહ્મનો અનુભવ થઈ શકે !

આ ઉપરાંત ઋષિ પિપ્પલાદે તો સમજાવેલું છે કે ઓમકારમાં (૧) ત્રણ માત્ર (અ.ઉ.મ.) વાળુ અને (૨) બીજુ એક માત્રાવાળુ (ચૈતન્ય)એમ બે રૂપ છે. એક (૧) અપર (જડ) છે. અને (૨) બીજુ પર (ચૈતન્ય) છે. આવિશ્વ એ અપર રૂપ છે. અને બીજુ વિશ્વાતિત દિવ્ય (પરબ્રહ્મ અક્ષર) ચૈતન્ય એ પર રૂપ છે. આ બંને રૂપો એકઠા થતા 'ઓમકાર'નું સંપૂર્ણ રૂપ બને છે.

ઓમકાર માટે ઋષિ શૌનકે એક ખાસ 'શૌનકોપનિષદ' નામનું ઉપનિષદ રચેલું હતુ. પરંતુ સમયાંતરે કાળગર્તામાં તે લુપ્ત થઈ ગયું હતુ અને ઘણા સમયથી અપ્રાપ્ત હતુ પરંતુ મદ્રાસ હાલનાં ચૈન્નઈ શહેરની એક લાયબ્રેરી 'અડિયાર'માંથી એક જુની પ્રત મળી આવી જેમાં તેનું રહસ્ય જાણવા મળ્યુ તે મુજબ પ્રણવ અથવા ઉદ્‌ગીથ વિશ્વયજ્ઞ અને જીવનનો આધાર દર્શાવ્યો છે. અન્ય ઉપનિષદો અને શાસ્ત્રોમાં તેનું સ્વરૂપ દર્શાવેલું છે. કે જેમ યજ્ઞના ૩ સવન, ૩ દેવતા, ૩ છંદ અને પ્રણવની ત્રણ માત્રાઓ (અ.ઉ.મ.)આ ત્રિકનું સ્વરૂપ છે. તેની સાથે પ્રણવની ચોથી માત્રા (અ-માત્ર કે પરમ ચૈતન્ય) મેળવવાથી વિશ્વ સ્વસ્તિક (તમામ દિશાથી મંગલ)નું રૂપ બને છે. જે અંગે એક ટુંકી વાર્તા કે ઉદાહરણથી સમજાવાયું છે કે,

દેવો અને અસૂરોની લડાઈમાં દેવો અસૂરો સામે હારી ગયા. આથી ઈન્દ્રએ ગાયત્રીને યુધ્ધ મોરચે જવા કહ્યું, પરંતુ તે અસૂરોથી ડરી ગઈ અને કહ્યું કે રાક્ષસોને જીતવા તે મારી શકિત બહારનું કામ છે આથી ઈન્દ્રએ પ્રણવને કહ્યું, 'તમે ગાયત્રીની મદદમાં જઈ તેની આગળ જોડાઈ જાવ, તમારામાં અક્ષરબ્રહ્મની જે શકિત છે તેનાથી અને તમારી સહાયતાથી ગાયત્રીની જીત થશે. ત્યારે ગાયત્રીએ ઈન્દ્રને કહ્યું, જો પ્રણવ મારી આગળ જોડાશે તો યુધ્ધમાં મળનાર શ્રેય (યશ)માંથી પણ કાંઈક ભાગ લઈ લેશે ને? ઈન્દ્રે ગાયત્રીને કહ્યું 'મોટા લોકો' એવું કરતા નથી. આમ પ્રણવને ઈન્દ્રએ ગાયત્રીના સહાયક થવા અને પ્રણવનું ઉચ્ચારણ સૌ પ્રથમ કરાશે તેમ કહ્યું.

બાદ પ્રણવ અને ગાયત્રી એ મળીને દાનવો (જીવનનાં આસૂરી ભાવો) ઉપર ચડાઈ કરી, તેઓની મદદમાં પ્રાતઃકાળનો યજ્ઞ અને દેવતાઓ પણ ગયા આથી દેવતાઓનો વિજય થયો અને અસૂરોનો પરાજય થતા નાસી ગયા આ રીતે કરતા ગાયત્રી અને પ્રણવની શકિતઓ તથા અમૃત સરખા થઈ ગયા. જેટલો પ્રભાવ ગાયત્રીનો છે તેટલોજ પ્રભાવ પ્રણવ સ્વરૂપ મુળ તત્વ કે બ્રહ્મતત્વનો છે આમ પ્રણવ વગર ગાયત્રીનો પ્રભાવ પડતો નથી તેમ ગાયત્રી વગર પ્રણવનો પ્રભાવ પડતો નથી.




એ રીતે અસૂરોએ ફરી પૂર્વ તૈયારી કરીને ફરીથી દેવો ઉપર હુમલો કરી યુધ્ધ શરૂ કર્યું. આ વખતે મધ્યાહન કાળ યજ્ઞમાં સોમના મંત્રોનું ગાન થવા લાગ્યું ઈન્દ્રે રૂદ્રછંદ ત્રિષ્ટુપને રાક્ષસો સામે લડવા મોકલ્યા અને તેમનામાં શકિત સંચાર કરવા માટે પ્રણવને તેમની આગળ જોડી દીધો. આથી આ અક્ષર ઉદ્‌ગીત (ઓમકાર)ની શકિતથી દેવો નો જ વિજય થયો. આથી રૂદ્રછંદ; ત્રિષ્ટુપ અને પ્રણવની શકિત અને અમૃત સરખા થયા.

એજ રીતે ત્રિજીવાર અસુરોએ દેવો ઉપર હુમલો કરતા ઈન્દ્રે જગતી, સાંયસવન અને આદિત્યોને લડવા મોકલ્યા પરંતુ પ્રણવને આગળ જોડી દેતા ફરી દેવોનો વિજય થયો, પ્રણવ જગતીનો સહાયક થયો. બંનેની શકિત અને અમૃત એક સરખા થયા આમ વાસ્તવમાં પ્રણવ જ પ્રતિષ્ઠાતત્વ (દરેકનું મૂળ તત્વ છે) છે. આ રીતે આદિત્ય (સૂર્ય જ) ઉદ્‌ગીથનું સ્વરૂપ છે. અને તે બ્રહ્મ પણ છે જ. આમ આદિત્ય સ્વરૂપ ઉદ્‌ગીથ એટલે કે બ્રહ્મની ઉપાસના કે સ્તુતિ કરવી જોઈએ જે દરેક સજીવ-નીર્જીવ પદાર્થમાં પ્રવેશેલી શકિત છે.

આથી ઋષિ શૌનક ના કહેવા પ્રમાણે ઓમકાર-એકાક્ષરમંત્રથી બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ.

પ્રાણ અને આદિત્ય બંને આપણા હૃદય કમળરૂપી આકાશના અંતરાલમાં વિચરણ કરી રહેલ છે ત્યાં આ ઓમકાર 'ॐ' અક્ષર દ્વારા અને ગાયત્રી દ્વારા પ્રાણની ઉપાસના કરવી જોઈએ.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

સંસારમાં બ્રહ્મના બે રૂપ મૂર્ત અને અમૂર્ત છે. જેમાં મૂર્ત (ભૌતિક) રૂપ અસત્ય છે. અને અમૂર્ત રૂપ સત્ય છે. બ્રહ્મ જયોતિ છે. અને જયોતિતે આદિત્ય છે તેજ પ્રણવ કે ॐ ઓમનો આત્મા છે. આત્મા જે ત્રણ રૂપોમાં પ્રગટ થયો છે તેજ ઓમકારની ત્રણ માત્રા છે અને આ ત્રણ માત્રાઓનાં વિવિધ તાણાવાણાથી આ વિશ્વ વણાયેલું છે. આ રીતની ભાવનાથી આદિત્ય (સૂર્ય)માં પ્રણવ અને આત્માનું ધ્યાન કરવું જોઈએ. આ પ્રણવ જ શરીરમાં રહેલો પ્રાણ છે. આ 'ઓમકાર'નું નામ જ અક્ષર બ્રહ્મ છે. આ રીતે આ અક્ષરને જાણનાર મનુષ્ય જે ઈચ્છે તે પ્રાપ્ત કરી શકે છે.આ રીતે આપણા ઋષિમૂનીઓએ ઓમકાર-પ્રાણ-સૂર્ય અને બ્રહ્મની ચોકકસ પ્રકારની એકાત્મતા દર્શાવી છે જેનો બ્રહ્મસુત્રો જેવા શાસ્ત્રોમાં પણ સ્વીકાર થયો છે.

આથી ઓમ દ્વારા વિશાળ તેજની (તેનીશકિતની) ઉપાસના થવી જોઈએ, જે તેજ પ્રાણ, આદિત્ય અને અગ્નિમાં પણ છે. આ આદિત્ય (સૂર્ય)નો રસ વિવિધ પ્રકારે (અગ્નિ, પ્રકાશ, વર્ષા, વિ. રૂપે) રસ રૂપમાં વૃષ્ટિ દ્વારા પૃથ્વી ઉપર આવે છે. અને તેમાંથી જ અન્ન તેમજ સજીવો-વનસ્પતિ અને પ્રજાઓ ઉત્પન્ન થાય છે. હાલનું વિજ્ઞાન પણ આજ કહે છેકે સૂર્ય પ્રકાશ (તેજ) ને કારણે જ પૃથ્વી ઉપર જીવ સૃષ્ટિ શકય બની છે !

સંસારની આ બધી દિવ્ય શકિતઓ સ્વસ્તિકરૂપ અર્થાત ચતુષ્પાદ એ એક જ બ્રહ્મના વ્યાકૃત રૂપો છે. અને આ જુદા જુદા દેવતાઓ અને તત્વોનો સમુદાય આત્મ તત્વમાં સમાયેલો છે. અને આ આત્મતત્વ જ ઈશ્વરરૂપે તમામ પ્રાણીઓનાં હૃદય પ્રદેશ (સ્પંદન)માં રહેલું છે. આમ આત્મા વિશ્વરૂપ (સર્વરૂપ) અને અગ્નિની માફક પ્રજવલીત (ચૈતન્ય) છે. તે અણુ પરમાણુ થી પણ મહાન શકિતશાળી છે. હાલના વિજ્ઞાને પણ અનેક પ્રકારના સંશોધનો કરી ને કહ્યું છે કે આ ચંદ્ર પૃથ્વીમાંથી અને પૃથ્વી સૂર્યમાંથી બનેલા છે. આપ્રમાણે અવકાશમાં આવેલી આકાશ ગગાઓમાં પણ સૂર્યો છે. અને છેલ્લા સંશોધનો મુજબ બ્લેક હોલ પણ આવા સૂર્યો (નિષ્ક્રીય) અને તારાઓના જ બનેલા છે ! આ સંશોધન કે તથ્યનું એટલે કે 'વિશ્વ સૂર્ય તેજ (એનર્જી)' હોવાનું પ્રતિપાદનતો આપણા ઋષિમુનીઓએ હજારો વર્ષ પહેલા કરેલું જ હતુ ! વિશ્વમાં શકિતએની એજ રહે છે. તેનું સ્વરૂપ રૂપાંતરણ થતુ રહે છે!

આ શ્રેષ્ઠ સનાતન (બ્રહ્મ અને આત્મ તત્વનો જે રીતે અમુક સંપ્રદાયો કુબુધ્ધિ પૂર્વક વૈદિક સમાજમાં ઘુસી ભગવા વસ્ત્રો ધારણ કરી પોતાના મતો (વિચારો સંપ્રદાયો)નો હાલમાં પ્રચાર કરવા લાગ્યા છે. તે પ્રમાણે પૂરાતન કાળમાં પણ આવા અનિષ્ટ તત્વો એ પ્રયત્ન કરેલાનું 'મૈત્રાયણી ઉપનિપદ'માં સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. જે અંગે તાજેતરમાં જ દ્વારકાના જગદગુરૂ શંકરાચાર્યજીએ વિવિધ મીડીયામાં અને સોશિયલ મીડીયામાં પણ સમાચારો આવેલા તેમાં વિવિધ સંપ્રદાયોના નામ જોગ ઉલ્લેખ કરી જણાવ્યું હતુ કે આવા સંપ્રદાયો હકિકતે ઈતિહાસ, શાસ્ત્રો અને સત્યથી વેગળા અને સમાજને નુકશાન કારક છે. કેમકે તેઓ ખોટા તર્કો અને મિથ્યા દ્રષ્ટાંતો ફેલાવી સમાજને ગુમરાહ કરી પોતાનો પ્રચાર કરે છે.

ઋષિ વેદવ્યાસજીએ પણ મહાભારતના નારાયણ પર્વમા આવા વિવિધ મતોનો ઉલ્લેખ કરી ને કહ્યું છે કે 'લોક માં આ પ્રમાણે ધર્મના ઘણા પંથો ઉઘડયા છે જેને લીધે વાયુથી જે રીતે વાદળો આમ તેમ ખેંચાયને છિન્નભિન્ન થઈ જાય તેવી દશા લોકોની બુધ્ધિની પણ થઈ જાય છે. જેને કારણે હાલમાં આપણા દેશમાં વિવિધ વિધર્મીઓને ખુલ્લુ મેદાન મળી ગયું છે બધુ ચાલે છે ! વિધર્મીઓ તેમના ધાર્મિક સ્થાનોનું બાંધકામ મંદિરો જેવું, તેવી માળાઓ અરે ડ્રેસકોડ કે પહેરવેશ પણ લગભગ મળતો ઝુલતો બનાવી આપણા સમાજના ઓછા અક્ષરજ્ઞાન વાળા લોકોમાં ભ્રમ ફેલાવી વટલાવવાની ચાલ ચાલી રહ્યા ઝછે.

મૈત્રાયણી ઉપનિષદ કાળમાં પણ અનેક મત, પંથ; વ્રત; ગણ; ગચ્છ; વિગેરેની ભ્રાંતિમય ઝંઝટને લીધે જનસમાજની સ્થિતિ હાલનાં જેવી જ થઈ હતી. તેથી આવા સંપ્રદાયોથી સનાતનીઓને સાવધાન કરવામાં આવ્યા હતા. અને તેથીજ લોકોને આવા ભ્રમમાંથી બહાર કાઢવા માટે સત્ય સમજાવવા માટે વિષ્ણુપુરાણ, લિંગપુરાણ, વિગેરે ગ્રંથો રચીને ઋષિમૂનીઓએ સનાતન ધર્મને સુરક્ષીત રાખવા પ્રયત્ન કર્યો હતો.

**વિશ્વ રસઃ 'અમેરીકાની નાસા સંસ્થાએ બ્રહ્માંડમાં અવકાશમાં 'ઓમકાર'નાદને રેકર્ડ કર્યું છે. જે સનાતન ધર્મની સત્યતા અને વાસ્તવિકતાનું સર્મથન છે.**

---

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે

# કચ્છઃ અબતકના પત્રકાર ભારતીબેન માખીજાણીનું કરાયું સન્માન

## સંતોના આશીર્વાદ અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા પત્રકારિતા ક્ષેત્રે પ્રદાન બદલ બહુમાન કરાયું

**અબતક, ગાંધીધામ**

સમગ્ર વિશ્વમાં ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે પૂર્વ કચ્છના અખબારી આલમમાં ટૂંકા ગાળામાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર અબતકના પત્રકાર ભારતીબેન માખીજાણીનું વિવિધ ક્ષેત્રના મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પત્રકારિતા જેવા પડકારજનક ક્ષેત્રમાં નિષ્પક્ષ રહીને લોકપ્રશ્નોને વાચા આપવા બદલ તેમને ઠેર-ઠેરથી શુભેચ્છાઓ મળી રહી છે.



રાજ્યમંત્રી અને સંતો દ્વારા અભિવાદન

ગુજરાત સરકારના રાજ્યમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાએ ભારતીબેન માખીજાણીની કામગીરીને બિરદાવી તેમને મહિલા દિવસની શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત, અંજાર સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય ત્રિકમદાસજી મહારાજે 'નારી તું નારાયણી'ના ભાવ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

વિવિધ સંસ્થાઓ દ્વારા બહુમાન

ભારતીબેનની સામાજિક અને પત્રકારત્વ ક્ષેત્રની સેવાઓને ધ્યાને રાખી આદિપુર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.સી. રામાનુજ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે વિશ્વ સિંધી સેવા સંગમ અને નિર્મલ મમતા ચેરિટેબલ ટ્રસ્ટ જેવી સંસ્થાઓએ પણ તેમને સન્માનિત કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ભારતીબેન પત્રકારિતાની સાથે સામાજિક ક્ષેત્રે પણ ખૂબ સક્રિય છે. તેઓ જાયન્ટ્સ ગ્રુપ ઓફ ઈફકો સહેલીના પ્રમુખ તરીકે તેમજ અન્ય અનેક સંસ્થાઓમાં મીડિયા ઈન્ચાર્જ તરીકે સેવા આપી રહ્યા છે.

છેલ્લા સાત વર્ષથી અબતક મીડિયા હાઉસ સાથે જોડાયેલા ભારતીબેન માખીજાણીને તેમની સફળ કારકિર્દી બદલ અબતક પરિવાર દ્વારા પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. કચ્છના જાહેર જીવનમાં એક નિષ્ઠાવાન મહિલા પત્રકાર તરીકે ઉભરી આવેલા ભારતીબેન આજે અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બન્યા છે.

---

# રાજકોટ જિલ્લા ભાજપ મહિલા મોરચાના હોદ્દેદાર સુનેહરાબેન ઘાંચીનું મંત્રી રીવાબા જાડેજાના હસ્તે સન્માન

**અબતક,રમણીક ટોપીયા, ધોરાજી**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના પાવન અવસરે રાજકોટ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહિલા મોરચાના સક્રિય હોદ્દેદાર સુનેહરાબેન ઘાંચીનું તેમની વિશિષ્ટ કામગીરી બદલ મહાનુભાવોના હસ્તે ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું.



આ સન્માન સમારોહમાં ગુજરાત રાજ્યના મંત્રી રીવાબા જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને નારી શક્તિના ઉત્થાન અંગે પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. આ તકે રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, જિલ્લા ઉપપ્રમુખ તેમજ મહિલા મોરચાના પ્રભારી રીનાબેન ભોજાણી, જિલ્લા મંત્રી મનીષાબેન સંચાણીયા અને જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ અનીતાબેન રૂપારેલીયા દ્વારા સુનેહરાબેનનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન મહિલા મોરચાના મહામંત્રી મોનાબા પરમાર સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, સંગઠનમાં મહિલાઓની ભૂમિકા અત્યંત મહત્વની છે અને સુનેહરાબેન જેવા કાર્યકરો સમાજ અને પક્ષ વચ્ચે કડીરૂપ કામગીરી કરી રહ્યા છે.

---

# કચ્છઃ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરતી મહિલા પોલીસ સ્ટેશન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નીમીતે મહિલા પોલીસ સ્ટેશન પુર્વ કચ્છ ગાંધીધામની એક નવી પહેલના ભાગરૂપે સ્થાનીક બાજીગર સમાજની બહેનો તથા પોતે જાતે મહેનત કરી પોતાનુ તેમજ પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા બહેનો તથા આર્થિક રીતે નબળા પરિવારમાંથી આવતી દિકરીઓને સ્વનિર્ભર બનાવવા સામાજીક રીતે કાર્યરત શ્રી સાંઈ સેવા ટ્રસ્ટના બ્યુટી પાર્લર, સિલાઈ કામ, કોમ્પ્યુટર, ભરત-ગુંથણ વિગેરે પ્રવૃતિની તાલીમ આપતા શિક્ષક બહેનો તથા ટ્રસ્ટ સંચાલકનુ સન્માન કરવામાં આવ્યુ તેમજ મહિલા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા બહેનોને લગતા કાયદા તથા શી-ટીમ, હેલ્પ લાઈન નંબર ૧૧૨, સાયબર હેલ્પ લાઈન નંબર ૧૯૩૦, તથા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, મહિલા સહાયતા કેન્દ્ર, સખી વન સ્ટોપ સેન્ટર વગેરે દ્વારા મહિલાઓને મળતી કાયદાકીય મદદ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી તથા તમામ બહેનો દ્વારા સાથે મળી મહિલા દિવસની ઉજવણી અનુરૂપ કેક કટીંગ કરવામાં આવ્યુ.

---

# દીકરી ગામડાની હોય કે શહેરની, તે ધારે તે કરી શકેઃ આરએફઓ તૃપ્તિ જોષી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાતનાં સાસણ ગિર નજીકના આંબલગઢ નામના નાનકડા એવા ગામડામાં ખેડૂત પરિવારમાં જન્મેલા અને ઉછરેલા વન વિભાગનાં મહિલા રેન્જ ફોરેસ્ટ ઓફિસર સુશ્રી તૃપ્તિ જોષી જે હાલ મોરબી વન વિભાગ હેઠળ ચેર રેન્જનાં નવલખી દરિયાઈ વિસ્તારમાં મેન્ગ્રુવ સંરક્ષણની જવાબદારી નિભાવી રહ્યા છે.



ગુજરાત સરકારનાં વન વિભાગમાં મહિલા સ્ટાફની બિટ ગાર્ડ તરીકે ભરતી કરવાની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭માં કરી હતી. વન વિભાગની તેઓની ૧૯ વર્ષની સેવા દરમિયાન તેમની અલગ-અલગ જિલ્લાઓમાં વન સંપદાની જમીન ઉપર તેમજ દરિયાઈ વિસ્તારમાં જાળવણીની કામગીરી કરી છે.

વિશ્વ મહિલા દિવસે સુશ્રી તૃપ્તિ જોષી જણાવે છે કે, મારા ખેડૂત પિતાએ દીકરી હોવા છતાં વન વિભાગ જેવી પડકારજનક સેવામાં જવાની હિંમત આપી હતી. મહિલા ગામડાની હોઈ કે, શહેરની, ખેડૂત પરિવારની હોઈ કે, અતિ શિક્ષિત પરિવારની, તે ધારે તે કરી શકે. કોઈપણ ક્ષેત્રમાં આગળ આવવા મહેનત અને નિષ્ઠા જરૂરી છે.

---

# ધોરાજીઃ લાયન્સ કલબ દ્વારા કાપડની થેલીનું વિતરણ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**



લાયન્સ કલબ ધોરાજી દ્વારા પ્લાસ્ટિકથી પ્રદૂષણની સમસ્યા છે પ્લાસ્ટિકના બેદરકારી પૂર્વક ઉપયોગથી પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છેઅને આવનારી પેઢીને પ્રદૂષણ મુક્ત પર્યાવરણ આપીએ તેવા ધ્યેયથી જનજાગૃતિ અભિયાન દ્વારા ધોરાજી નગરપાલિકાના સહિયારા પ્રયાસથી લોકોને પ્લાસ્ટિક ઝબલા વાપરવાને બદલે લોકોને નાયલોન કાપડની પોકેટ શોપિંગ બેગ (થેલી) ટોકન દરે વિતરણનો આજના વિશ્વ મહિલા દિવસ નિમિત્તે લાયન્સ કલબના ડિસ્ટ્રિકટ ગવર્નરશ્રી અભયભાઈ શાહ તથા ધોરાજી નગરપાલિકાના પ્રમુખશ્રી પાયલબેન ધોળકિયાના વરદ હસ્તે કાર્યક્રમ લોન્ચ કરવામાં આવેલ તેમજ પાસ્ટ ડીસ્ટ્રીક ગવર્નર ધીરુભાઈ રાણપરીયા જેતપુરથી તેમજ ડીસ્ટ્રીક ટ્રેઝરર વાડીલાલ ઠાકરાણી ખાસ ઉપસ્થિત રહેલ આ તકે લાયન્સ કલબ ધોરાજીના પ્રમુખ રાજુભાઈ બાલધાએ ધોરાજીની જાહેર જનતા જોગ અપીલ કરીને તમામ સાથ સહકાર આપે અને ધોરાજીથી શરૂઆત કરીને ગુજરાત અને ભારત દેશને પ્લાસ્ટિકથી પ્રદુષણ મુક્ત પર્યાવરણ મહા અભિયાનમાં જોડાવા માટે આહવાન કરેલ તેમજ સામાજિક સેવાકીય સંસ્થાઓ અને શાળા, કોલેજના સંચાલકોને અપીલ કરેલકે ધોરાજીથી શરૂઆત કરીને ભારત દેશને પ્લાસ્ટિક અને પ્રદૂષણ મુક્ત પર્યાવરણ માટે આપના સહીયારા માધ્યમથી જન જાગૃતિ દ્વારા વિદ્યાર્થીઓને તથા લોકોને પણ પ્રેરણાદાય કામ કરવા માટે અનુરોધ કરવામાં આવે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ધોરાજીના સભ્યોશ્રી જનકભાઈ હિરપરા, ભાવેશભાઈ માવાણી, પ્રફુલભાઈ હિરપરા, અશોકભાઈ બાલધા, દલસુખભાઈ વાગડીયા, રાજુભાઈ હિરપરા, દિવ્યેશભાઈ હરપાળ, હરેનભાઈ અમીન, જી બી બાબરીયા, નરસિંહભાઈ પાઘડાર, ડો. સોજીત્રા સાહેબ, હરેનભાઈ અમીન, હર્ષભાઈ અંટાળા, મનોજભાઈ પોશિયા, વિનોદભાઈ હિરપરા, વિગેરે સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવેલ.

---

# અંજારઃ મંત્રી ત્રિકમ છાંગાના હસ્તે કરોડોના વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ

## ત્રણ પ્રવેશદ્વાર, આઈકોનિક રોડ અને બોક્સ ક્રિકેટ જેવી સુવિધાઓ શહેરને અર્પણઃ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમાનું કરાયું અનાવરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર નગરપાલિકા દ્વારા શહેરમાં પૂર્ણ થયેલા વિવિધ વિકાસલક્ષી કાર્યોનો લોકાર્પણ કાર્યક્રમ ગત શનિવારે પંડિત દીનદયાળ ઉપાધ્યાય સર્કલ પાસે આવેલા પબ્લિક પાર્ક ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્યમંત્રી તથા અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાના વરદ હસ્તે અને નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણીના અધ્યક્ષસ્થાને આ વિકાસ કાર્યો જનતા માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.



આ પ્રસંગે ઉદબોધન આપતા મંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર કચ્છના વિકાસ માટે સતત કટિબદ્ધ છે. અંજાર શહેરના સર્વાંગી ઉત્કર્ષને કેન્દ્રમાં રાખીને લેવાયેલા મહત્વના નિર્ણયોના પરિણામે આજે શહેરનો નવો નકશો કંડારાઈ રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન સરકારની વિવિધ ગ્રાન્ટમાંથી તૈયાર થયેલા શહેરના ત્રણ ભવ્ય પ્રવેશદ્વાર, નવીનીકરણ પામેલા ગાર્ડન, આઈકોનિક રોડ અને રમતપ્રેમીઓ માટે બોક્સ ક્રિકેટ જેવી સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમાનું પણ અનાવરણ કરાયું હતું. નગરપાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણીએ મંત્રીના પ્રયાસોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, શહેરના પ્રશ્નોના સત્વરે નિકાલ માટે સરકાર તરફથી પૂરતો સહયોગ મળી રહ્યો છે. નાયબ કલેક્ટર સુરેશભાઈ ચૌધરીએ પણ આ વિકાસ કામોને શહેરીજનો માટે એક યાદગાર ભેટ ગણાવી હતી. આ મંગલ અવસરે સચ્ચિદાનંદ મંદિરના મહંત પૂજ્ય ત્રિકમદાસજી મહારાજ, રામ સખી મંદિરના મહંત પૂજ્ય કીર્તિદાસજી મહારાજ અને પૂજ્ય ખીમજીદાદા માતંગે આશીર્વચન પાઠવ્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા ભાજપના પદાધિકારીઓ, અંજાર શહેર ભાજપ પ્રમુખ હિતેનભાઈ વ્યાસ, કારોબારી ચેરમેન પાર્થભાઈ સોરઠીયા, શાસક પક્ષના નેતા નિલેશગિરિ ગોસ્વામી સહિત મોટી સંખ્યામાં કાઉન્સિલરો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયા અને નગરપાલિકાની એન્જિનિયરિંગ ટીમે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

---

# અંજારઃ સરકારી જમીન પર ધમધમતા ઢાબા તોડી પાડતું તંત્ર



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસે માદક પદાર્થ હેરોઈન (સ્મેક)ના ગુનામાં સંડોવાયેલા આરોપી પ્રકાશકુમાર બિશ્નોઈ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે. આરોપીએ વરસાણા ગામના બસ સ્ટેશન પાસે નેશનલ હાઈવે ઓથોરિટીની સરકારી જમીન પર આશરે ૬૦ વારમાં ગેરકાયદેસર હોટલ/ધાબું બાંધ્યું હતું. પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની સૂચનાથી અંજાર પી.આઈ. એ.આર. ગોહિલની ટીમે હાઈવે ઓથોરિટીના સ્ટાફને સાથે રાખી આ રૂ.૩ લાખની કિંમતનું નશાની પ્રવૃત્તિઓ માટે વપરાતા આ ગેરકાયદેસર દબાણને તોડી પાડ્યું છે.

આ કામગીરી અંજાર પીઆઈ એ.આર.ગોહિલ તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓ અને નેશનલ હાઈવે ઓથોરીટીના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

# ફક્ત ૨૫ મીનીટની વાત સંજુને “સિતારો” બનાવી ગઈ!!!

## ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકરની ૨૫ મિનિટની વાતચીત માત્ર એક વાત નહીં, પરંતુ સંજુની વર્લ્ડ કપની સફળતાનું રહસ્ય હતું



**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમે આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડકપમાં ઐતિહાસિક વિજય મેળવ્યો છે અને આ જીતમાં કેરળના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનનું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે. ટુર્નામેન્ટમાં તેને મેન ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યા છે. ટીમમાં શરૂઆતમાં તક ન મળી, બેન્ચ પર બેસવું પડ્યું, પરંતુ જ્યારે તક મળી ત્યારે તેણે ૯૭*, ૮૯ જેવી શાનદાર ઈનિંગ્સ રમીને ભારતને સેમિફાઈનલ અને ફાઈનલ સુધી પહોંચાડી. ફાઈનલમાં પણ તેની ૮૯ રનની ઈનિંગ્સ યાદગાર રહી.

પરંતુ આ સફળતાની પાછળ એક ખાસ વાત છે એક ૨૫ મિનિટની લાંબી અને હૃદયસ્પર્શી વાતચીત, જેણે સંજુના વર્લ્ડ કપને સંપૂર્ણપણે બદલી નાખ્યો. આ વાતચીત સચિન તેંડુલકર સાથે થઈ હતી!

સંજુએ ઘણા વર્ષોથી સચિનને મેસેજ કરતા હતા, પરંતુ જ્યારે તેમના કરિયરમાં સૌથી મુશ્કેલ સમય આવ્યો ત્યારે ફોર્મથી ઝઝૂમવું, ટીમમાં સતત અવગણના, ત્યારે સંજુએ સચિનનો સંપર્ક કર્યો. સચિને તેમની સાથે લગભગ ૨૫ મિનિટ સુધી વાત કરી.

આ વાતચીતમાં સચિને પોતાના કરિયરના અનુભવો શેર કર્યા અને મુશ્કેલ સમયમાં શું વિચારવું જોઈએ, કેવી રીતે પ્રેક્ટિસ કરવી, પરિસ્થિતિઓને કેવી રીતે હેન્ડલ કરવી અને માનસિક મજબૂતી કેવી રીતે જાળવવી.

સંજુએ કહ્યું કે સચિને તેમની સાથે ખૂબ જ નિકટતાથી જોડાઈને વાત કરી. આ ૨૫ મિનિટની વાતચીતે સંજુના મનમાં નવી ઉર્જા ભરી દીધી. તેમણે ગેમ પ્લાન બનાવ્યું, ફોર્મ પરત મેળવી અને વર્લ્ડ કપમાં ભારત માટે મહત્વની ભૂમિકા ભજવી.

વર્લ્ડ કપ પછી થિરુવનંતપુરમ પરત ફર્યા બાદ સંજુએ પત્રકારોને આ વાત જણાવી. તેમણે કહ્યું કે સચિન જેવા મહાન ખેલાડી પાસેથી માર્ગદર્શન મળવું એ દરેક માટે શક્ય નથી. તેમણે વર્લ્ડ કપ દરમિયાન પણ સચિન સાથે વાત કરી હતી અને તેમની પાસેથી મળેલી સ્પષ્ટતા, ગેમ પ્રિપરેશન અને ગેમ સેન્સને કારણે તે આટલું સારું પર્ફોર્મ કરી શક્યા.

આ ઉપરાંત સંજુએ પોતાના મોબાઈલ અને સોશિયલ મીડિયાને બંધ કરીને સોલ-સર્ચિંગ કર્યું હતું, જેથી તેઓ પોતાના પર ફોકસ કરી શકે. આ બધું મળીને તેમની સફરને અદ્ભુત બનાવી.

સંજુ સેમસનની આ સફળતા દર્શાવે છે કે મહાનોનું માર્ગદર્શન અને આંતરિક મજબૂતી કેટલું મહત્વનું હોય છે. ૨૫ મિનિટની આ વાતચીત માત્ર એક વાત નહોતી, પરંતુ તેમના વર્લ્ડ કપની સફળતાનું રહસ્ય હતી!

# ગંભીર-સૂર્યાની જોડી ભારતની જીતના “શિલ્પી” બન્યા

## કોચ-કેપ્ટ્ને ટીમને નવી ઊર્જા, સ્પષ્ટ વિચારસરણી અને ટીમ ફર્સ્ટ માનસિકતા આપી, જેના કારણે ભારતે ટી૨૦ વર્લ્ડકપમાં ઐતિહાસિક જીત અપાવી



**અબતક, રાજકોટ**

૨૦૨૪ના ટી૨૦ વર્લ્ડ કપની જીત પછી, ગૌતમ ગંભીરને ભારતીય ટીમના હેડ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને સૂર્યકુમાર યાદવને કેપ્ટન બનાવવામાં આવ્યા. આ બંનેએ ટીમને નવી ઊર્જા, સ્પષ્ટ વિચારસરણી અને ટીમ-ફર્સ્ટ માનસિકતા આપી, જેના કારણે ભારતે ૨૦૨૬માં ટી૨૦ વર્લ્ડકપમાં ઐતિહાસિક જીત મેળવી. આ જીત સાથે ભારત પ્રથમ વખત ટી૨૦ વર્લ્ડ કપનું બેક-ટુ-બેક ડિફેન્ડ કરનારું ટીમ બન્યું અને હોમ ગ્રાઉન્ડ પર પણ પ્રથમ વખત ટાઈટલ જીત્યું. જેમાં ગૌતમ ગંભીરની કોચિંગ શૈલી અને યોગદાન મહત્વપૂર્ણ બની રહ્યું. ગંભીરે ટીમમાં ટીમ પહેલા, વ્યક્તિગત માઈલસ્ટોન પછીની માનસિકતા ઊભી કરી. તેમણે કહ્યું કે માઈલસ્ટોન નહીં, ટ્રોફી મહત્વની છે અને લાંબા સમયથી ભારતીય ક્રિકેટમાં વ્યક્તિગત રેકોર્ડ પર વધુ ધ્યાન આપવામાં આવતું હતું, તેને બદલીને ટીમની જીત પર ફોકસ કર્યું.તેઓએ હાઈ-રિસ્ક, હાઈ-રિવોર્ડ ક્રિકેટને પ્રોત્સાહન આપ્યું. મોટા સ્કોર બનાવવા, આક્રમક બેટિંગ અને બોલિંગમાં બહાદુરી બતાવવી.ખેલાડીઓને સતત સપોર્ટ અને બેકિંગ આપ્યું, ખાસ કરીને ખરાબ ફોર્મમાં હોય ત્યારે પણ વિશ્વાસ જાળવ્યો. દરેક ખેલાડીને તેની ભૂમિકા સ્પષ્ટ કરી અને ટીમના લાભ માટે યોગદાન આપવાનું શીખવ્યું.

બીજી બાજુ સૂર્યકુમારે ટીમને ફિયરલેસ અને એગ્રેસિવ રમત રમવાનું શીખવ્યું. તેઓએ કેપ્ટન તરીકે ફ્રન્ટફુટ પરથી લીડ કરી અને ખેલાડીઓને મુશ્કેલ સમયમાં પણ એકબીજાનો સાથ આપવાનું શીખવ્યું.ગંભીર સાથેનો તેમનો સંબંધ ખૂબ જ મજબૂત અને સમજદારીભર્યો છે. સૂર્યકુમારે કહ્યું કે, મારા અને કોચ વચ્ચે સમાન વિચારસરણી છે. ૧૪-૧૫ ખેલાડીઓ પર હંમેશા સરખો વિચાર હોય છે, તેથી સિલેક્શનમાં કોઈ વિવાદ નથી. એક પગલું તેઓ લે, બે પગલાં હું લઉં અને બંને વચ્ચે વિચારની સરખી આપલે એ વિજયને નિશ્ચિત બનાવ્યો.

### ગંભીર-સૂર્યના સંયુક્ત પ્રયાસથી શું બદલાયું?

૧. સ્પષ્ટ કોમ્યુનિકેશનઃ ખેલાડીઓને (જે રમતા નથી તેમને પણ) તેમની રોલ વિશે પૂરી સ્પષ્ટતા.

૨. ટીમ કલ્ચરઃ વ્યક્તિગત રેકોર્ડ કરતાં ટ્રોફી પર ફોકસ, બધા ખેલાડીઓનું યોગદાન મહત્વનું.

૩. ફિયરલેસ અપ્રોચ :મોટા ટાર્ગેટ ચેઝ કરવા, આક્રમક બેટિંગ શૈલી.

# ફિફાના વડાએ ટી૨૦ વર્લ્ડ કપની સફળતા બદલ જય શાહને અભિનંદન પાઠવ્યા



## જિયાની ઈન્ફેન્ટિનોએ આઈસીસીના વડા અને ભારતીય ટીમની પણ પ્રશંસા કરી

**અબતક, રાજકોટ**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા યોજવામાં આવેલા મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં યજમાન દેશ ભારતે અમદાવાદના ખીચોખીચ ભરેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ઐતિહાસિક ત્રીજું અને સતત બીજું ટી૨૦ વર્લ્ડ કપ ટાઈટલ જીત્યું હતું. આ વર્લ્ડ કપના આયોજનની સફળતા બાદ વૈશ્વિક રમત જગત આઈસીસીના ચેરમેન જય શાહના દૂરંદેશી નેતૃત્વની પ્રશંસા કરી રહ્યું છે. રમતને વૈશ્વિક બનાવવા અને ક્રિકેટના આ ફોર્મેટને નવી ઊંચાઈઓ પર લઈ જવાના તેમના પ્રયાસોએ આ ટુર્નામેન્ટને અભૂતપૂર્વ વૈશ્વિક ઉત્સવમાં સફળતાપૂર્વક પરિવર્તિત કરી છે.ભારત અને શ્રીલંકા દ્વારા સહ-યજમાની કરાયેલી આ એક મહિના લાંબી ટુર્નામેન્ટના વિશાળ સ્કેલ અને ક્ષતિરહિત આયોજનને સમગ્ર રમતગમત જગતમાંથી ભારે પ્રશંસા મેળવી છે. આ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવતા ફિફા (વૈશ્વિક ફૂટબોલ સંચાલન સંસ્થા)ના અધ્યક્ષ જિયાની ઈન્ફેન્ટિનોએ જય શાહને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.પોતાની ઈન્ટાગ્રામ પોસ્ટમાં ઈન્ફેન્ટિનોએ લખ્યું છે કે આઈસીસી અને મારા મિત્ર જય શાહને વધુ એક શાનદાર રીતે આયોજિત ટી૨૦ વર્લ્ડ કપ માટે અભિનંદન. વધુ એક ટાઈટલ જીતવા બદલ ભારતને ખૂબ ખૂબ અભિનંદન. તમારા અદ્ભૂત દેશની મુલાકાત લીધા પછી હું જાણું છું કે આ તમારા માટે કેટલું મહત્વનું છે.અગાઉ ગયા ફેબ્રુઆરીમાં જિયાની ઈન્ફેન્ટિનો મિલાનમાં જય શાહને મળ્યા હતા, જે વિશ્વની બે સૌથી લોકપ્રિય રમતો વચ્ચે એક મોટી ક્રોસઓવર ક્ષણ હતી. શાહને મળ્યા પછી ઈન્ફેન્ટિનોએ ઈન્સ્ટાગ્રામ પર આઈસીસી અધ્યક્ષ સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો હતો. જેમાં તેમણે ક્રિકેટના વિકાસમાં તેમના કાર્યની પ્રશંસા કરી હતી અને ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિકસમાં આ રમતના ભવ્ય પુનરાગમન માટે તેમને શુભેચ્છા પાઠવી હતી. રવિવારે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ભારતીય જર્સી પકડેલો પોતાનો એક ફોટો શેર કરતા ઈન્ફેન્ટિનોએ ભારતીય ક્રિકેટ ટીમને રેકોર્ડ ત્રીજું મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ટાઈટલ જીતવા બદલ પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે રમતગમત દ્વારા વિશ્વને એક કરવા ના તેમના પ્રયાસમાં શાહ સાથે સહયોગ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.આઈસીસીના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જય શાહ ક્રિકેટના વૈશ્વિક વ્યાપને વિસ્તારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આઈસીસી દ્વારા યોજવામાં આવેલા આ વર્લ્ડ કપે અત્યાર સુધીની સૌથી વધારે વ્યૂઅરશિપનો નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું પ્રસારણ ૮૦ કરતાં વધારે પ્રદેશોમાં અને ૧૫ કરતાં વધારે ભાષાઓમાં કરવામાં આવ્યું હતું.

# સંજુ-બુમરાહ સહિત ભારતના ચાર ખેલાડીઓને આઈસીસી વર્લ્ડકપની ટીમમાં સ્થાન મળ્યું

## દક્ષિણ આફ્રિકાના એડન માર્કરામને ટીમનો કેપ્ટન બનાવ્યો:યુવા બેટ્સમેન ઈશાન કિશન અને ઓલરાઉન્ડર પંડ્યાને પણ ટીમમાં સમાવાયો




**અબતક, રાજકોટ**

ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સમાપન બાદ આઈસીસીએએ ટીમ ઓફ ધ ટુર્નામેન્ટની જાહેરાત કરી છે. આ ટીમમાં ચાર ભારતીય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે, વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવને સ્થાન આપવામાં આવ્યું નથી. આ ટીમમાં એક પાકિસ્તાની ખેલાડીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. યુએસએના શેડલે વાન શાલ્કવિકનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે એસોસિયેટ રાષ્ટ્રમાંથી એકમાત્ર ખેલાડી છે જેણે આ ટીમમાં સ્થાન મેળવ્યું છે.

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરામને આ ટીમનો કેપ્ટન બનાવ્યો છે. માર્કરામે ટુર્નામેન્ટમાં શાનદાર બેટિંગ કરી હતી અને તેમની ટીમની સેમિફાઈનલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જોકે તેમની ટીમ સેમિફાઈનલમાં બહાર થઈ ગઈ હતી, માર્કરામને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ભારતના ચાર ખેલાડીઓ જેમાં સંજૂ સેમસન અને જસપ્રીત બુમરાહનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### આઈસીસી ટીમ ઓફ ધ ટુર્નામેન્ટ

સાહિબઝાદા ફરહાન, સંજૂ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન, એડન માર્કરામ, હાર્દિક પંડ્યા, વિલ જેક્સ, જેસન હોલ્ડર, જસપ્રીત બુમરાહ, લુંગી એનગિડી, આદિલ રાશિદ, બ્લેસિંગ મુઝરબાની, શેડલે વાન શાલ્કવિક (૧૨મો ખેલાડી).

ટીમમાં ચાર ભારતીય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આઈસીસીએ વિજેતા ટીમના ચાર ખેલાડીઓનો સમાવેશ કર્યો છે. સંજુ સેમસન ઓપનિંગ બેટ્સમેન તરીકે સ્થાન મેળવ્યું છે. તેણે ટુર્નામેન્ટમાં પાંચ મેચમાં ૩૨૧ રન બનાવ્યા છે. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જેણે ટુર્નામેન્ટ દરમિયાન ૧૪ વિકેટ લીધી છે. યુવા બેટ્સમેન ઈશાન કિશનને પણ ટીમમાં સ્થાન મળ્યું છે, તેણે નવ મેચમાં ૩૧૭ રન બનાવ્યા છે. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, તેણે નવ મેચમાં ૨૧૭ રન બનાવ્યા છે અને નવ વિકેટ લીધી છે.

પાકિસ્તાન તરફથી ફક્ત એક ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાહિબજાદા ફરહાનને ઓપનિંગ બેટ્સમેન તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ફરહાને ઝ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં છ મેચમાં ૩૮૩ રન બનાવ્યા હતા, જેમાં બે સદી ફટકારી હતી. તે વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ હતો.

# જુનાગઢ મહાશિવરાત્રી મેળાની દિવ્યતા અને ભવ્યતાને દેશ-વિદેશમાં પહોંચાડનાર પત્રકારોનું કરાયું બહુમાન

## મૈં’ નહીં ’હમ’ના મંત્રથી મળી સફળતા : જિલ્લા સમાહર્તાના હસ્તે મેળાના સફળ આયોજનમાં સહયોગીઓનું બહુમાન





**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મહાશિવરાત્રી મેળાને સફળ માટે પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે જેમનો પણ સહયોગ મળ્યો છે તેના ઋક્ષણ સ્વીકારના ઉપક્રમમાં જિલ્લા વહીવટી તંત્રના વડા તરીકે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોને સન્માન પત્ર એનાયત કરી બહુમાન કર્યું હતું.

મહાશિવરાત્રી મેળાની સફળતા માટે પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે જેમનો સહયોગ મળ્યો છે તેના ઋક્ષણ સ્વીકારના કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અનીલકુમાર રાણાવાસીયા એ જણાવ્યું હતું કે, જૂનાગઢના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકાર મિત્રોનો ખૂબ સુંદર સહયોગ મળ્યો છે, મહાશિવરાત્રીના મેળાની દિવ્યતા અને ભવ્યતાને દેશ-વિદેશના ખૂણે ખૂણે અને જન-જન સુધી પહોંચાડી છે. અને પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા ખૂબ સુંદર અને સકારાત્મક કવરેજ થી મહાશિવરાત્રીના મેળાની ખ્યાતિ વધુ વિસ્તારી છે. આ સાથે જિલ્લા કલેકટર એ મેળાના સમય દરમિયાન મીડિયાના સૂચનોને પણ મહત્વપૂર્ણ ગણાવ્યા હતા.

જૂનાગઢના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકાર મિત્રો એ મેળાના પ્રારંભ પહેલાથી જ લઈને મેળા દરમિયાન અને મેળા બાદ પણ સકારાત્મક રિપોર્ટિંગ કરી લોકો સુધી પહોંચાડયો છે, જેના કારણે દુનિયાભરમાં સારા મેસેજ ગયા છે અને જૂનાગઢના શિવરાત્રી મેળાની નોંધ લેવાય છે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાની સાથે મ્યુનિસિપલ કમિશનર તેજસ પરમાર, જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેકટર બી.એસ. બારડ અને પ્રાંત તથા મેળાધિકારી ચરણસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યાં હતા.

### ‘અબતક’ દૈનિક અને ચેનલ એ મેળાના સવિશેષ કવરેજથી વાંચકોને માહિતગાર રાખ્યા હતા

જૂનાગઢના મહાશિવરાત્રી મેળાનું ‘અબતક’ દૈનિક દ્વારા મેળાના લગભગ ૧૫ દિવસ અગાઉથી લઈને મેળાના પાંચ દિવસ અને મેળાના સમાપનના દિવસો બાદ પણ વિવિધ તસ્વીરો સાથે કવરેજ કરાયું હતું, આ સાથે ‘અબતક’ ચેનલ અને સોશિયલ મીડિયાના તમામ પ્લેટફોર્મ પર મેળાના સમાચારો, કાર્યક્રમો અને વિવિધ બાબતો પ્રસારિત કરવામાં આવી હતી. ક્યારેક પ્રજાના પ્રહરી બની તંત્રને ધ્યાને મુકવા જેવી બાબતો પણ પ્રસિદ્ધ કરી હતી, ત્યારે જિલ્લા કલેકટર દ્વારા જુનાગઢ ખાતેના ‘અબતક’ દૈનિક અને ચેનલના પ્રતિનિધિ દર્શન જોષીનું પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું.

# સુત્રાપાડાઃ ક્ષત્રીય કારડીયા રાજપુત સમાજ આયોજીત સમૂહ લગ્નોત્સવમાં ૪૨ નવયુગલોએ પ્રભુતામાં પગલા માંડયા



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ પ્રાચી સંચાલિત સમૂહ લગ્ન સમિતિ દ્વારા કરવામાં આવ્યા ભવ્ય લગ્ન ઉત્સવ ટીંબડી સમાજ ની વાડીમાં ૪૨ નવદંપતી પ્રભુતામાં પગલાં પાડેલ આ ભવ્ય ઉત્સવ માં ૬૦૦૦ હજાર સમાજ બંધુ ભાઈ બહેનો એક સાથે પ્રસાદ લીધેલ તેમાં સમાજ ના મહાનુભવો આશીર્વચન માટે હાજર રહેલ તેમાં અખિલ કારડીયા રાજપૂત સમાજ પ્રમુખ જશાભાઈ બારડ પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પરમાર પૂર્વ ધારાસભ્ય લખમણભાઈ પરમાર પૂર્વ મંત્રી માનસિંગ ભાઈ પરમાર પ્રદેશ અધ્યક્ષ ઓ.બી.સી મોરચો દિલીપ ભાઈ બારડ પ્રદેશ કારોબારી સભ્ય રાજવીરસિંહ ઝાલા ઉપપ્રમુખ જિલ્લા પંચાયત ગીર સોમનાથ શૈલેન્દ્ર સિંહ રાઠોડ પૂર્વ પ્રમુખ મહેશભાઈ રાજપૂત પ્રમુખ ઓબીસી મોરચો કોગ્રેસ માનસિંગ ભાઈ ડોડીયા મહામંત્રી પ્રદેશ કોગ્રેસ ગીતાબેન બારડ જેન્તી ભાઈ ઝાલા મનોહરસિંહ મોરી તથા સમાજના વડીલો યુવાનો લગ્ન ઉત્સવમાં બધા જોડાયેલ સમાજમાંથી વધારે સમૂહ લગ્નમાં જોડાઈ અને ઓછો ખર્ચ થઈ કુરિવાજો તિલાંજલી આપવી અને શિક્ષણ ઉપર ભાર મુકવા જણાવાયું હતું.

# યુદ્ધની બ્રાસ ઉદ્યોગ પર ઘેરી અસર: આયાતી ભંગારના શિપ અટવાતા અર્થતંત્રના પૈડાં થંભ્યા

## ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષને કારણે શિપિંગ રૂટ પ્રભાવિત થતા ૭૦% કાચા માલની અછત સર્જાતા કારખાના બંધ થવા લાગ્યા







જેને સમગ્ર દેશમાં 'બ્રાસ સિટી' તરીકે ઓળખ મળે છે, ત્યાંના બ્રાસ ઉદ્યોગ પર હાલ આંતરરાષ્ટ્રીય તણાવની સીધી અસર જોવા મળી રહી છે. ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે દરિયાઈ વેપાર માર્ગો પ્રભાવિત થતા બ્રાસ ઉદ્યોગમાં વપરાતા ભંગારની આયાત પર અચાનક બ્રેક લાગી ગઈ છે.વિદેશથી આવતાં બ્રાસ ભંગારના કન્ટેનર ભરેલા શિપ દરિયામાં અટવાઈ જવાના કારણે જામનગરમાં કાચા માલની અછત સર્જાઈ છે. જેના કારણે અનેક કારખાનાઓમાં ઉત્પાદન પર અસર પડવાની ભીતિ ઊભી થઈ છે.

જામનગરના બ્રાસ ઉદ્યોગને રોજબરોજ અંદાજે ૬૦૦ થી ૭૦૦ ટન જેટલા બ્રાસ ભંગારની જરૂરિયાત રહે છે, જેમાંથી લગભગ ૭૦ ટકા ભંગાર વિદેશથી આયાત કરવામાં આવે છે. આયાત અચાનક અટકી જતા ઉદ્યોગકારો મૂંઝવણમાં મુકાયા છે.હાલ ઉદ્યોગકારો માત્ર તે કન્ટેનરો પર નિર્ભર છે, જે તણાવ વધતા પહેલાં જ ભારતના વિવિધ બંદરો પર આવી પહોંચ્યા હતા. જો આગામી દિવસોમાં પરિસ્થિતિ સામાન્ય નહીં બને અને નવો માલ નહીં આવે, તો કારખાનાઓ બંધ કરવાની ફરજ પડી શકે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.ઉદ્યોગકારોના મતે બ્રાસ ભંગારની અછતને કારણે ભાવોમાં પણ ભારે વધારો થવાની શકયતા છે, જેનાથી જામનગરના અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ આ ઉદ્યોગ પર મોટું સંકટ ઊભું થઈ શકે છે.

### શિપિંગ રૂટ પર જોખમ વધતા ભંગારના શિપ અટવાયા: રામજીભાઈ ગઢીયા

જામનગર બ્રાસ ઉદ્યોગ એસોસિએશનના પ્રમુખ રામજીભાઈ ગઢીયાએ જણાવ્યું હતું કે ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માર્ગો પર સુરક્ષાનો ખતરો વધી ગયો છે. આ સ્થિતિને કારણે અનેક શિપિંગ કંપનીઓ જોખમ લેવા તૈયાર નથી.

તેમણે જણાવ્યું હતું કે બ્રાસ ભંગાર લઈને આવતા કેટલાક શિપને મધ્ય દરિયામાં જ રોકી દેવામાં આવ્યા છે, જ્યારે કેટલાક જહાજોને સુરક્ષિત ગણાતા અન્ય બંદરો તરફ વાળી દેવામાં આવ્યા છે. જેના કારણે જામનગર સુધી પહોંચતો કાચો માલ અચાનક અટકી ગયો છે.

રામજીભાઈ ગઢીયાના જણાવ્યા મુજબ હાલ જામનગરનો બ્રાસ ઉદ્યોગ માત્ર તે જ કન્ટેનરો પર નિર્ભર છે, જે તણાવ વધતા પહેલાં ભારતના વિવિધ બંદરો પર આવી પહોંચ્યા હતા અને ત્યાંથી જામનગર આવવા માટે તૈયાર છે. જો આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ સામાન્ય નહીં બને અને નવા કન્ટેનરો નહીં આવે, તો કાચા માલની તીવ્ર અછત સર્જાઈ શકે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે બ્રાસ ભંગારની આયાત લાંબા સમય સુધી અટકી રહેશે તો ઉત્પાદન પર સીધી અસર પડશે અને ઘણા કારખાનાઓને કામકાજ બંધ કરવાની ફરજ પડી શકે છે, જેનાથી હજારો કામદારોની આજીવિકા પર પણ અસર થવાની શક્યતા છે.

# ટાઉન હોલમાં 'એકલ સુરતાલ'ની રમઝટ, વનવાસી કલાકારોએ જમાવ્યું આકર્ષણ

## જગતગુરુ કૃષ્ણમણીજી મહારાજની ઉપસ્થિતિમાં રામભક્તિ અને રાષ્ટ્રભક્તિના સંગમથી દર્શકો મંત્રમુગ્ધ





વનબંધુ પરિષદ-જામનગર શાખા દ્વારા 'એકલ અભિયાન' અંતર્ગત શહેરના ટાઉન હોલ ખાતે 'એકલ સુરતાલ' નામના ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ''રામભકિત થી રાષ્ટ્રભક્તિ''ના મંત્ર સાથે યોજાયેલા આ કાર્યક્રમનું ઉદઘાટન જગતગુરુ શ્રી કૃષ્ણમણીજી મહારાજની નિશ્રામાં દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.સાંસ્કૃતિક કૃતિઓ અને દેશભક્તિનો જુવાળ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ જમ્મુ-કાશ્મીરના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકાર કરુણા ઠાકુર અને તેમની ટીમ રહી હતી. વનવાસી કલાકારોએ રામભક્તિના પદો, ભજનો અને વિવિધ પ્રાંતોના લોકનૃત્યો રજૂ કરીને લઘુ ભારતની ઝલક દર્શાવી હતી. દેશભક્તિના ગીતોએ પ્રેક્ષકોમાં રાષ્ટ્રપ્રેમનો નવો ઉત્સાહ જગાડ્યો હતો.આ પ્રસંગે 'એકલ અભિયાન'ના મુખ્ય પાંચ આયામો - શિક્ષણ, આરોગ્ય, ગ્રામ વિકાસ, મહિલા સશક્તિકરણ અને સંસ્કાર શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ અભિયાન દ્વારા છેવાડાના ગામડાઓને આત્મનિર્ભર બનાવવાની કામગીરીને મહાનુભાવોએ બિરદાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ઉદ્યોગપતિઓ અને શ્રેષ્ઠીઓએ વનવાસી બાળકોના ભવિષ્ય માટે ઉદાર હાથે સહયોગ આપ્યો હતો.

# વાહન ચોરીનો ભેદ ઉકેલાયો ટાબરીયા સહિત બેની અટકાયત

## આઠ બાઈક કબ્જે કર્યા: ત્રણ સાગરીતોની શોધખોળ



જામનગર શહેર અને આસપાસના વિસ્તારમાં ટુ-વ્હીલર ની ચોરીમાં ટાબરિયા સહિત બે શખ્સોને બે નંગ ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધા હતા, જેઓ ના કબજા માંથી અન્ય છ બાઈક પણ જપ્ત કરાયા છે, જ્યારે આ વાહન ચોરીમાં સંડોવાયેલા અન્ય ત્રણ ને ફરારી જાહેર કરવામાં આવ્યા છે.

જામનગર નજીક સમર્પણ સર્કલ પાસેથી તાજેતરમાં બે મોટરસાયકલોની ચોરી થઈ ગયા ની ફરિયાદ પંચકોષી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ હતી. જે વાહન ચોરી અંગેની ચોક્કસ બાતમી અને ઊંડાણપૂર્વકની તપાસના અનુસંધાને પંચકોષી બી. ડિવિઝનના પી.આઈ. વી.જે. રાઠોડ અને તેઓની ટીમે ઊંડાણપૂર્વકની તપાસ કરી એક ટાબરિયાને તેમજ ચેલામાં રહેતા વિમલ વિક્રમભાઈ પરમાર નામના દેવીપુજક શખ્સને ઝડપી લીધો હતો. તેઓ પાસેથી બે નંગ ચોરાઉ મોટરસાયકલ મળી આવ્યા હતા. પોલીસ દ્વારા આવતાં તેઓએ અન્ય સ્થળે સંતાડેલા છ મોટરસાયકલ કાઢી આપ્યા હતા.આથી પોલીસે કુલ ૮ વાહનો કબજે કરી લીધા છે, અને બંનેની વધુ પૂછ હાથ ધરી હતી.

જેઓએ ઉપરોકત ચોરીની ઊંડાણપૂર્વક ની તપાસ દરમિયાન ચોરી કરવામાં સંકળાયેલા જામનગરમાં પ્રદર્શન મેદાનમાં રહેતા મેહુલ નરસિંહભાઈ સોલંકી કાલિદાસ નરસીભાઈ સોલંકી અને દીપક મારવાડી નામના અન્ય ત્રણ શખ્સોને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# ભાવિ તબીબો દ્વારા ફલ્લા ગામે નુક્કડ નાટક દ્વારા જનજાગૃતિ

## એમ.પી.શાહ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓએ 'ફેમિલી એડોપ્શન પ્રોગ્રામ' હેઠળ ગ્રામજનોને આપ્યું આરોગ્ય શિક્ષણ



જામનગરની એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજના પ્રથમ વર્ષના એમ.બી.બી એસના વિદ્યાર્થીઓએ ફલ્લા ગામે 'ફેમિલી એડોપ્શન પ્રોગ્રામ' અંતર્ગત ગ્રામ્ય આરોગ્ય અને જાગૃતિ અભિયાન હાથ ધર્યું હતું. કોમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ દત્તક લીધેલા પરિવારોની મુલાકાત લઈ તેમના સ્વાસ્થ્ય, પોષણ અને જીવનશૈલીની વિગતો એકત્ર કરી હતી.

મનોરંજન સાથે સ્વાસ્થ્યનો સંદેશ વિદ્યાર્થીઓએ ફલ્લાની આંગણવાડી અને શાળાઓના સહયોગથી જોરદાર 'નુક્કડ નાટક' રજૂ કર્યા હતા. આ નાટકો દ્વારા એનીમિયા (લોહીની ઉણપ), પૌષ્ટિક આહારનું મહત્વ, જંક ફૂડના ગેરફાયદા અને સ્વચ્છતા વિશે ગ્રામજનોને સમજણ આપી હતી. ખાસ કરીને કિશોરીઓમાં માસિક ધર્મ સંબંધી ગેરમાન્યતાઓ દૂર કરવા અને રસીકરણના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

સંવેદનશીલ તબીબો તૈયાર કરવાનો ઉદ્દેશ્યવિભાગના ડો. દિપેશ પરમારે જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમોથી ભાવિ તબીબો ગ્રામીણ વાસ્તવિકતાથી પરિચિત થાય છે અને વધુ સંવેદનશીલ બને છે. આ અભિયાનમાં સ્થાનિક સરપંચ, આરોગ્ય વિભાગના મેડિકલ ઓફિસર, આશા કાર્યકરો અને ગ્રામજનોએ ઉત્સાહભેર સહયોગ આપ્યો હતો.

# 'માય ભારત' અંતર્ગત આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાયો

## મેયર વિનોદભાઈ ખીમસુરિયાએ યુવાઓને દેશના વિકાસમાં યોગદાન આપવા કર્યું આહ્વાન



જામનગર ખાતે 'માય ભારત' અંતર્ગત આંતર જિલ્લા યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જામનગરના મેયર વિનોદભાઈ ખીમસુરિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે કોર્પોરેટર પાર્થભાઈ અને એનડીસી ગ્રુપના ફાઉન્ડર જયેશભાઈ વાઘેલાએ પણ હાજરી આપી યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.મેયરએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, દેશની એકતા અને અખંડિતતા જાળવવા માટે આવા આદાન-પ્રદાન કાર્યક્રમો અનિવાર્ય છે. યુવાનો આપણી સંસ્કૃતિને સમજે અને પરસ્પર સમજણ કેળવી દેશના સર્વાંગી વિકાસમાં સક્રિય ભાગીદારી નોંધાવે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભ્રતારના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લાના અનેક યુવા પ્રતિભાગીઓએ ઉત્સાહભેર જોડાઈ પોતાની કલા અને વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. આગામી દિવસોમાં પણ યુવાનો માટે વિવિધ સર્જનાત્મક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

# કાલાવડના શિશાંગમાં શનિવારથી સોમનાથ મહાદેવ મંદિરે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો થશે પ્રારંભ

## ત્રણ દિવસીય મહોત્સવમાં અનેક વિધ અનુષ્ઠાનો માટે તડામાર તૈયારીઓ

**અબતક, રાજુ રામોલીયા**
**કાલાવડ**

કાલાવડ તાલુકાના શિશાંગ ગામે આવેલ પવિત્ર શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે તા. ૧૪-૦૩-૨૦૨૫ શનિવારથી તા. ૧૬-૦૩-૨૦૨૫ સોમવાર સુધી ભવ્ય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત શિશાંગ ગ્રામજનોના સહયોગથી યોજાનાર આ મહોત્સવમાં આસપાસના વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં ભક્તજનો ઉમટી પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મહોત્સવની શરૂઆત તા. ૧૪ માર્ચ, શનિવારે સવારે ૧૦:૦૦ કલાકે સામૈયા સાથે થશે. ત્યારબાદ સવારે ૧૧:૩૦ કલાકે શિવ પંચાયત દેવની પૂજનવિધિ અને ૧૨:૦૦ કલાકે દેહ શુદ્ધિ વિધિ યોજાશે. બપોરે ૩:૦૦ કલાકે મૂર્તિ પૂજનવિધિ તથા સાંજે ૫:૦૦ કલાકે ધાન્યવાસ કાર્યક્રમ યોજાશે.

તા. ૧૫ માર્ચ, રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે મૂર્તિ પૂજનવિધિ, ૧૨:૦૦ કલાકે આરતી, ૩:૦૦ કલાકે રાજ્યાભિષેક અને ૪:૦૦ કલાકે અગ્નિ સ્થાપન વિધિ યોજાશે. સાંજે ૫:૦૦ કલાકે વિશેષ આરતી અને થાળનો મહોત્સવના અંતિમ દિવસે તા. ૧૬ માર્ચ, સોમવારે સવારે ૧૦:૦૦ કલાકે મુખ્ય પૂજનવિધિ અને પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન બપોરે ૧૨:૦૦ કલાકે સમસ્ત ગામજનો માટે મહાપ્રસાદ બપોરે ૩:૦૦ કલાકે શિવ પ્રાણ પ્રતિષ્ઠા, ૩:૩૦ કલાકે મિડા- શિખરની પુજનવિધિ અને સાંજે ૪:૦૦ કલાકે ધ્વજારોપણ વિધિ યોજાશે. સાંજે ૫:૦૦ કલાકે પૂર્ણાહુતિ અને મહા આરતી- મહાપ્રસાદ સાથે ધાર્મિક કાર્યક્રમોનો સમાપન થશે. રાત્રે ૮:૦૦ કલાકે ભવ્ય ડાયરા જેમાં ભજન ગાયક વિશાલ વરૂ, ગાયિકા જાગૃતિબેન ગોહિલ, સાહિત્યકાર વાલભા ગઢવી અને ભજન ગાયક વિપુલ પ્રજાપતિ રજૂઆત કરશે.

આ સમગ્ર મહોત્સવ દરમિયાન શાસ્ત્રી ભાવેશભાઈ નથુભાઈ પંડ્યા (પોરબંદર) દ્વારા વૈદિક વિધિ મુજબ તમામ ધાર્મિક કાર્યક્રમો સંપન્ન કરાશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રિવાબા જાડેજા (શિક્ષણ મંત્રી, ગુજરાત રાજ્ય), આર.સી.ફળદુ ( પૂર્વ પ્રદેશ પ્રમુખ ગુજરાતરાજ્ય), કાલાવડ ના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, રાઘવજીભાઈ પટેલ (પૂર્વ કૃષિ મંત્રી), જયેશભાઈ રાદડિયા (પૂર્વ કેબિનેટ મંત્રી),હકુભા જાડેજા (પૂર્વ કેબિનેટ મંત્રી), બિપેન્દ્રસિંહ જાડેજા (સેક્રેટરી - ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ), ગીતાબા જાડેજા (ધારાસભ્ય ગોંડલ),લગધીરસિંહ જાડેજા (જિલ્લા પંચાયત સદસ્ય, જામનગર),રાજદીપસિંહ જાડેજા (સામાજિક અગ્રણી, રીબડા), પીન્ટુ ભાઈ ખાટડી( સામાજિક અગ્રણી), પી.એસ. જાડેજા (દ્વારકા-જામનગર જિલ્લા ક્ષત્રિય સમાજ પ્રમુખ), પી.ટી. જાડેજા (આર.એ. પ્રમુખ - ગુજરાત યુવા સંઘ), કે.બી. જાડેજા (સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષત્રિય એસોસિએશન પ્રમુખ - શિશાંગ) સહિત અનેક રાજકીય તેમજ સામાજિક આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

તેમજ નવલસિંહ જાડેજા, હરિશચંદ્રસિંહ જાડેજા, દાજી બાપુ, જયપાલસિંહ સરવૈયા, તેજુભા જાડેજા, કુલદીપસિંહ જાડેજા, વિનોદભાઈ ગમારા, હીરાભાઈ બાંભવા, લાલજીભાઈ ગોપાલક, નાથાભાઈ માટીયા, વિરમભાઈ વકાતર, કરસનભાઈ ખાટરીયા, હાજાભાઈ ઢાંક સહિતના અગ્રણી મહાનુભાવો હાજરી આપશે.

# મહિલા સામાજિક કાર્યકર નિશાબેન અસ્વારનો આજે જન્મદિવસ



જામનગર શહેરના જાણીતા સામાજિક કાર્યકર તથા ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર નિશાબેન શૈલેન્દ્ર અસ્વારનો જન્મદિવસ આજે ઉજવાઈ રહ્યો છે. આ અવસરે શહેરના રાજકીય, સામાજિક અને શૈક્ષણિક વર્તુળોમાંથી તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

નિશાબેન અસ્વાર છેલ્લા લગભગ બે દાયકાથી ભારતીય જનતા પાર્ટી સાથે સક્રિય રીતે જોડાયેલા રહી સંગઠનાત્મક કામગીરીમાં યોગદાન આપી રહ્યા છે. તાજેતરમાં તેઓ જામનગર શહેર ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યાં છે. અગાઉ તેઓ મહિલા મોરચાના વિવિધ હોદ્દાઓ પર રહી સંગઠન મજબૂત બનાવવા સક્રિય રહ્યા છે તેમજ ચૂંટણી દરમિયાન બુથ સંચાલન અને મતદાર જાગૃતિ જેવી કામગીરી સફળતાપૂર્વક નિભાવી છે.રાજકીય ક્ષેત્ર ઉપરાંત નિશાબેન અસ્વાર શહેરના વિવિધ સામાજિક અને સેવાકીય સંગઠનો સાથે પણ સંકળાયેલા છે. તેઓ બ્રહ્મશકિત સેવા ટ્રસ્ટ - જામનગરના સ્થાપક પ્રમુખ તરીકે કાર્યરત છે. ઉપરાંત તેઓ ભુતકાળમાં રાજગોર બ્રાહ્મણ મહિલા સંગઠન સમિતિના ઉપપ્રમુખ, બ્રહ્મસમાજ સૌરાષ્ટ્ર કચ્છ મહિલા પાંખના મહામંત્રી, તેમજ બ્રહ્મશકિત ક્રિએટિવ ગ્રુપના મહામંત્રી તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે.

તેમના જન્મદિવસ નિમિત્તે વિવિધ આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકોએ નિશાબેનને તેમના સુખાકારી અને દીર્ઘાયુષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

### રાજકોટ રેન્જના 'એપિ સેન્ટર' ગોંડલથી સફાયો કરવાની નિર્લિપ્ત રાયની નેમ

# રેન્જ આઈજી પોલિસ ટીમનું મોરલ બુસ્ટિંગ આપવા ગોંડલની મુલાકાતે

### ગોંડલ પર મારૂ ખાસ ધ્યાન, સુરેન્દ્રનગરમાં ખનન માફિયાઓ સામે કડક કાર્યવાહી યથાવત રહેશે : નિર્લિપ્ત રાયનું નિવેદન

**અબતક, રાજકોટ**

રાજ્યના ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલીમાં કડક અધિકારી તરીકેની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ આઈજી તરીકે નિમણુંક આપવામાં આવી હતી. નિર્લિપ્ત રાયએ ગઈકાલે બપોરે ચાર્જ સંભાળ્યો હતો. મિડીયા સાથેની

(અનુ. આઠમા પાને)





### એફઆઈઆરનો આખરી નિર્ણય એસપી-આઈજીની, કોઈએ ભલામણ કરવી નહિ : રેન્જની સ્પષ્ટ વાત

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયએ એક એવુ સૂચક નિવેદન આપ્યું હતું કે, ઘટના બની હશે તો ગુનો નોંધાશે જ અને ગુનેગારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ફરિયાદ નોંધવી કે નહિ તેનો આખરી નિર્ણય એસપી-રેન્જ આઈજી જ કરશે, કોઈની ભલામણ રાખવામાં આવશે નહિ. ત્યારે રેન્જ આઈજીના આ શબ્દો અત્યંત સૂચક હોવાનું મનાઈ રહ્યું છે.

# રાજકોટના મવડીમાં મહિલાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### પતિ કામ અર્થે દીવ ગયાને પાછળથી પત્નીએ અગમ્ય કારણોસર પગલું ભર્યું, બે સંતાનોએ માતાની મમતા ગુમાવી

**અબતક, રાજકોટ**

વધતા જતી દેખાદેખી અને ભાગદોડ સહિતના મુદ્દે આપઘાતના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. જેમાં ભણતરનું ભાર, વ્યાજનું વીસ ચક્ર અને ગૃહ કલેશ જેવા મુદ્દે લોકો જીવનનો અંત લાવતા હોય છે. ત્યારે શહેરમાં અગમ્ય કારણથી બે સંતાન ની માતાએ ફાસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવાર મારે જાતે મચી જવા પામી છે.રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં આજે સવારે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય પ્રૌઢાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. શહેરના મવડી વિસ્તારની શ્રીનાથજી સોસાયટીમાં રહેતા કાજલબેન દીપકભાઈ રાઠોડ (ઉં.વ. ૪૦) આજે સવારે પોતાના ઘરે હતા, ત્યારે અગમ્ય કારણોસર તેમણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે તેમની પુત્રી રૂમમાં ગઈ અને માતાને લટકતી હાલતમાં જોઈ બૂમાબૂમ કરી મૂકી હતી. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. જોકે, ઘટનાસ્થળે પહોંચેલા તબીબે તપાસ બાદ



કાજલબેનને મૃત જાહેર કર્યા હતા. મૃતક કાજલબેનના પતિ દીપકભાઈ માર્કેટિંગના વ્યવસાય સાથે જોડાયેલા છે અને હાલ તેઓ કામ અર્થે દીવ ગયા હોવાનું જાણવા મળ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કાજલબેનને સંતાનમાં બે દીકરીઓ છે, જેણે આજે માતાની છત્રછાયા ગુમાવી છે. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આપઘાતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. હાલ કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### જાઓ... ઉસ આદમી કી સાઈન લેકર આઓ... દીવાર ફિલ્મ વાળી

# ચોટીલામાં એસએમસીના દારૂના દરોડા પ્રકરણમાં તત્કાલિન પીએસઆઈનું સસ્પેનશન રદ

### રાજસ્થાનથી બામણબોર સુધી પહોંચેલા દારૂ ભરેલા ટ્રક મામલે પીએસઆઈને સસ્પેન્ડ કરાયા'તા

**અબતક, રાજકોટ**

ચોટીલાના તત્કાલીન પીએસઆઈના સસ્પેનશન પ્રકરણમાં અમિતાભ બચ્ચનની દીવાર ફિલ્મ જેવી ઘટના બની હતી. દીવાર ફિલ્મમાં જેમ અમિતાભ બચ્ચનનો ડાયલોગ છે કે, જાઓ પહેલે ઉસ આદમી કી સાઈન લેકર આઓ... તેવી જ રીતે દારૂના દરોડામાં સસ્પેન્ડ થયેલા પીએસઆઈ સામે બેદરકારીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો ત્યારે જો બામણબોર બીટના

### જો બામણબોર બીટ પીએસઆઈની બેદરકારી તો રાજસ્થાનથી ચોટીલા સુધીના રસ્તામાં આવતા તમામ પોલિસ મથકના સંબંધિત અધિકારીઓની પણ જવાબદારી ફિક્સ થાય : હાઈકોર્ટએ દલીલ ગ્રાહ્ય રાખી

પીએસઆઈની જવાબદારી હોય તો છેક રાજસ્થાનથી બામણબોર સુધી ટ્રક પહોંચ્યો હોય તો રસ્તામાં આવતા તમામ પોલિસ મથકના સંબંધિત અધિકારીઓની પણ બેદરકારી ગણાય તેવું માની હાઈકોર્ટએ પીએસઆઈનું સસ્પેનશન રદ કર્યું હતું.

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૯માં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં ટ્રકમાંથી ૪૮ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કર્યા બાદ સ્થાનિક પોલિસના પીએસઆઈને સસ્પેન્સન રદ કરી ખાતાકીય તપાસ સામે રોક લગાવી દીધી હતી.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો અગાઉ જયારે બામણબોર સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પોલિસની હદમાં આવતો હતો. ત્યારે બામણબોર

(અનુ. આઠમા પાને)

# રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડી નજીકથી રૂ.૪૬.૨૦ લાખના એમ્બરગ્રીસ સાથે બે અમદાવાદી ઝડપાયા

### અમદાવાદથી ગ્રાહકની શોધમાં આવેલા શખ્સો વેંપલો કરે તે પૂર્વે જ એસઓજી ત્રાટકી : ૪૬૨ ગ્રામ વ્હેલ માછલીની ઉલટી કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી ફરી એકવાર એમ્બરગ્રીસનો જથ્થો ઝડપાયો છે. ગ્રીન લેન્ડ ચોકડી નજીકથી એસઓજીની ટીમે દરોડો પાડી અમદાવાદના બે શખ્સોને રૂ. ૪૬.૨૦ લાખની કિંમતના ૪૬૨ ગ્રામ એમ્બરગ્રીસ સાથે ઝડપી લીધા હતા. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા શહેર આજુબાજુ દરિયાઈ વિસ્તાર આવેલ હોય જેથી વન્ય પ્રાણી સરક્ષણ અધિનિયમનો ભંગ કરતા સક્ષો ઉપર વોચ રાખવાં, દરિયાઈ વિસ્તાર વન્ય પ્રાણી સરક્ષણ અધિનિયમ હેઠળ સંરક્ષિત જીવોના અવશેષોના વેચાણ, સંગ્રહ અને હેરાફેરીની ગેરકાયદે પ્રવૃત્તિ કરતા શખ્સોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ શહેર એસ.ઓ.જી. પીઆઈ એસ એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એમ વી જાડેજાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાની સંયુકત બાતમીના આધારે ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગ્રીનલેન્ડ ગ્લોકસી બિલ્ડીંગની બાજુમાં જાહેર રોડ પરથી બે શખ્સોને શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલટી (એમ્બરગ્રીસ) સાથે પકડી લેવાયા હતા.



એસઓજીની ટીમે સુમિત શ્રીકાંતભાઈ ધુલમ (ઉવ ૩૭ રહે. અમરાઈવાડી, શિવાનંદનગર, અમદાવાદ) અને મયુર મહેન્દ્રભાઈ ભાવસાર (ઉવ ૧૯ રહે. માધવ પાર્ક શેરી નં.-૨, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ) ની ધરપકડ કરી બીએનએસની કલમ ૧૦૬ હેઠળ રૂ. ૪૬.૨૦ લાખની કિંમતનો ૪૬૨ ગ્રામ શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલટી કબજે કરી પરીક્ષણ અર્થે એફએસએલ કચેરીને મોકલી આગળની તપાસ ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવી હતી.

દરોડા અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર સુમિત અને મયુર ગઈકાલે રાત્રે અમદાવાદથી ૪૬૨ ગ્રામ એમ્બરગ્રીસનો જથ્થો લઈ અહીં રાજકોટ ગ્રાહકની શોધમાં આવ્યા હતા. તેઓ એમ્બરગ્રીસનો વેપલો કરે તે પૂર્વે જ એસઓજીની ટીમે ગ્રીનલેન્ડ ચોકડી નજીક દરોડો પાડી બંનેને ઝડપી લીધા હતા. હવે એમ્બરગ્રીસનો સપ્લાયર કોણ? બંને શખ્સો અહીં રાજકોટ ખાતે કોને એમ્બરગ્રીસ આપવા આવ્યા હતા સહિતની દિશામાં ફોરેસ્ટ વિભાગ દ્વારા વિગતે તપાસ હાથ ધરવામાં આવનાર છે.

આ કામગીરી એસ.ઓ.જી. પીઆઈ એસ એમ જાડેજા, પી.એસ.આઈ. એમ વી જાડેજા, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, અમરદીપસિંહ વાઘેલા, છત્રપાલસિંહ રાણા, કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા, રોહિતસિંહ જાડેજા અને રવિરાજભાઈ ધગલ દ્વારા કરવામાં આવી હતી.

# રાજ્યની ચાર સંસ્થાઓના એમબીએ કોર્સમાં ૧૭મીથી પ્રવેશ પ્રક્રિયા શરૂ

**અબતક, રાજકોટ**

રાજ્યની સેન્ટર ઓફ એક્સેલન્સ નો દરજ્જો ધરાવતી કુલ ૧૦ પૈકી ૪ કોલેજ-યુનિવર્સિટીએ પોતાના એમબીએ કોર્સમાં પ્રવેશ માટે કેટ ને માન્યતા આપી છે. જેના કારણે આ કોલેજોની કુલ બેઠકના ૨૫ ટકા બેઠકો કેટના માધ્યમથી, પરંતુ એડમિશન કમિટી દ્વારા ભરવામાં આવશે. આ સંસ્થાઓની ૨૫ ટકા પ્રમાણે ૧૫૧ બેઠકો માટે અરજીઓ મગાવવાની મુદત પૂરી થાય બાદ સેપ્ટનો ઉમેરો થતાં નવેસરથી અરજીઓ મગાવવામાં આવી હતી. જેમાં અત્યાર સુધીમાં ૮૪૭ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે પૈકી ૭૦૯ વિદ્યાર્થીનો મેરિટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. નવેસરથી આવેલી અરજીઓના આધારે આજે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કર્યા બાદ કાર્યવાહી શરૂ કરાશે.રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કેટલીક સંસ્થાઓને સેન્ટર ઓફ એક્સેલન્સનો દરજ્જો આપવામાં આવ્યા બાદ હાલમાં કુલ ૧૦ સંસ્થા પાસે આ પ્રકારનો દરજ્જો છે. જે પૈકી કુલ ત્રણ સંસ્થાઓની એમબીએની કુલ બેઠકો પૈકી ૨૫ ટકા બેઠકો પર કેટ એટલે કે આઈઆઈએમ માટે લેવામાં આવતી પરીક્ષાના સ્કોરના આધારે પ્રવેશ સમિતિ દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. કુલ ત્રણ સંસ્થાઓની ૧૫૧ બેઠકો માટે વિદ્યાર્થી પાસેથી અરજી મગાવવામાં આવી હતી. જોકે, અરજી મગાવવાની મુદત પૂરી થાય તે દરમિયાન વધુ એક સંસ્થા સેપ્ટ દ્વારા પણ પોતાની એમબીએની ૨૫ ટકા બેઠકો કેટના માધ્યમથી ભરવાનો નિર્ણય કર્યો હતો. જેના કારણે પ્રવેશ સમિતિ દ્વારા નવેસરથી વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મગાવવામાં આવી હતી. સેપ્ટની ૨૫ ટકા બેઠકો સાથે હાલમાં ૨૧૪ બેઠકો માટે હવે કાર્યવાહી કરાશે. પ્રવેશ સમિતિ દ્વારા મગાવવામાં આવેલી અરજીઓમાં કુલ ૮૪૭ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી સ્ક્રૂટીની બાદ ૭૦૬ વિદ્યાર્થીઓનો મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે, મેરિટ યાદી પહેલા પ્રવેશ સમિતિ દ્વારા ગ્રૂપ ડિસ્કશન, પર્સનલ ઈન્ટરવ્યુ સહિતની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓની અરજીઓ રદ કે અમાન્ય કરવામાં આવી છે તેની વિગતો પ્રવેશ સમિતિની વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. માન્ય અરજીઓ સાથે હવે આવતીકાલે ૧૦મીએ બપોરે ૩ વાગે પ્રોવિઝનલ મેરિટ

(અનુ. આઠમા પાને)

# સરકારી પ્લેન-હેલિકોપ્ટર પાછળ બે વર્ષમાં ૮૬.૩૩ કરોડનો ખર્ચ

### ટેકનિકલ ખામીને લીધે બે વાર પ્લેન ઉડી શક્યા નહીં

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારની માલિકીના પ્લેન અને હેલિકોપ્ટર પાછળ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૮૬.૩૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હોવાની માહિતી વિધાનસભામાં અપાઈ છે. છેલ્લા બે વર્ષમાં ગમે ત્યારે પ્લેન અને હેલિકોપ્ટર ટેકનિકલ કારણસર ખોટવાઈ ગયાના બે બનાવ બન્યા છે. કોંગ્રેસના ઈમરાન ખેડાવાલા દ્વારા જાન્યુઆરી ૨૦૨૬ની સ્થિતિએ સરકારના પ્લેન અને હેલિકોપ્ટર પાછળ મેઈન્ટેનન્સ, પાયલટ અને અન્ય સ્ટાફ માટેના ખર્ચની જાણકારી માગતો સવાલ વિધાનસભામાં પૂછવામાં આવ્યો હતો. જેના લેખિત જવાબમાં નાગરિક ઉડ્ડયન વિભાગે જણાવ્યું હતું કે, ૨૦૨૪થી ૨૦૨૫ના જાન્યુઆરી મહિના સુધી પ્લેન અને હેલિકોપ્ટરના મેઈન્ટેનન્સ પાછળ રૂ. ૨૭.૭૧ કરોડ અને ૨૦૨૫થી ૨૦૨૬ના જાન્યુઆરી મહિના સુધી રૂ. ૨૮.૯૫ કરોડનો ખર્ચ થયો હતો. પાયલટ માટે આ સમયગાળામાં અનુક્રમે રૂ. ૧૨.૮૯ કરોડ અને રૂ. ૧૫.૧૮ કરોડનો ખર્ચ કરાયો હતો. આ અન્ય સ્ટાફ માટે રૂ. ૬૧.૪૪ લાખ અને રૂ. ૯૭.૫૩ લાખનો ખર્ચ આ સમયગાળામાં થયો હતો. ટેકનિકલ ખામીને કારણે પ્લેન અને હેલિકોપ્ટર ઉડી શકયા ન હોય તેવા બે બનાવમાં સરકારી મહાનુભાવો અટવાઈ જવા પામ્યા હતા. માર્ગ અકસ્માતોમાં ઘાયલ હોય તેમને ગોલ્ડન અવરમાં





(અનુ. આઠમા પાને)

# માર્ચમાં મે જેવી ગરમી: સીઝનમાં પહેલીવાર રાજકોટમાં ૪૧.૬ ડિગ્રી તાપમાન

### દરિયાકાંઠાના વિસ્તારમાં અસહ્ય ઉકળાટ અને 'હોટ-હ્યુમિડ' હવાની આગાહી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ઉનાળાની શરૂઆતે જ સૂર્યદેવ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. જેના કારણે ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વર્તાઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જેના કારણે બપોરના સમયે રસ્તા સૂમસામ ભાસી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલ આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં ગરમીનું જોર યથાવત રહેશે અને ૧૬ જિલ્લામાં 'હીટ વેવ'ની આગાહી આપવામાં આવી છે.ઉત્તર અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ભરૂચ અને સુરત તેમજસૌરાષ્ટ્ર અને કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, બોટાદ અને કચ્છમાં ભારે હિટવેવની આગાહી આપવામાં આવી છે.ત્યારે આજે સિઝનમાં પહેલીવાર અમદાવાદ ૪૧.૨, રાજકોટ ૪૧.૬ અને ગાંધીનગર ૪૦.૬ ડિગ્રીએ પહોંચી જતા લોકોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો.




### તાપમાનમાં ક્યારે ઘટાડો થશે ?

**હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. જોકે, ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો સામાન્ય ઘટાડો થવાની શકયતા છે, જે ગરમીથી થોડી રાહત અપાવી શકે છે. હાલમાં સમગ્ર રાજયમાં વાતાવરણ કોરું રહેવાની આગાહી છે.જ્યારે દરિયાકાંઠાના ૯ વિસ્તારોમાં અસહ્ય ઉકળાટ અને 'હોટ-હ્યુમિડ' હવાની આગાહી છે.**

હવામાન વિભાગે પોતાની આગાહીમાં વધુમાં સ્પષ્ટ કર્યું છે કે રાજકોટ અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારોમાં બપોરના સમયે તાપમાન ૪૦ અંશ સુધી પહોંચી શકે છે. જો આકાશ એકદમ સાફ રહેશે અને સૂર્યનો આકરો તાપ સીધો પડશે તો હવામાં ભેજનું પ્રમાણ ઘટીને માત્ર ૨૫ ટકા જેટલું જ રહી જશે. ઉત્તર અને પૂર્વ તરફથી આવતા સુકા પવનો આગમાં ઘી હોમવાનું કામ કરશે. આગામી ૨ થી ૩ દિવસમાં ગરમીમાં હજુ ૨ થી ૩ અંશનો વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે. જ્યારે બીજી તરફ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં લોકોને આકરા બફારા અને પરસેવે રેબઝેબ કરી દે તેવા ગરમ વાતાવરણનો સામનો કરવો પડશે.